આવતી કાલનાં નાગરિકોનું પત્ર

વૈશાખ ૧૯૯૪

તંત્રી · રવિશંકર રાવળ

સંપાદક · બચુભાઇ રાવત

૧૭૩



સંવાદ અને વિસંવાદ · ચિત્રકાર : ગોવર્ધન પંચાલ

કુમાર
વૈશાખ ૧૯૯૪
અંક ૧૭૩

નવનીત

◘ 'વંદે માતરમ્' પછી હિંદુસ્તાનના દ્વિતીયશ્રેષ્ઠ રાષ્ટ્રગીત 'હિન્દોસ્તાઁ હમારા'ના વિખ્યાત કવિ ઇકબાલનું આ અંકમાનું ચરિત્ર એમના જીવનના વિવિધરંગી ભાતથી તમને વાકેફ કરશે. પાકિસ્તાનની ચળવળ દ્વારા ઇસ્લામી જનતામાં અગત્યનું સ્થાન પ્રાપ્ત કરનાર એ નિષ્ફળ રાજદ્વારી નેતાની કાવ્યસૃષ્ટિ પાછળ રહેલી દૃષ્ટિનો પણ એ દ્વારા સ્વલ્પ પરિચય સાધી શકશો. ◘ આપણી પૃથ્વી જેવી તેરસો પૃથ્વીઓ પોતામાં સમાવી શકનાર ગુરુના લેખથી તો અમારા નિર્દેશ વિના યે તમે આકર્ષાયા વિના નહિ રહો. ◘ મહિનામાં પાંચ પાંચ બાળકોનો ભક્ષ કરી જેબ થઈ જનાર ચોર જાનવર એક નાના ગામડામાં કેવો હાહાકાર મચાવી દેતું હશે ? 'બાળભક્ષી ચોર' એ આખી પરિસ્થિતિ મૂર્ત કરે છે એટલું જ નહિ, પણ એ ચોરના ઘાત સુધીનો સઘળો રોમાંચ જાળવી રહે છે. ◘ 'અગ્નિકણ સમી લાલ આઘૂર્ણિત આંખોવાળો, સ્વેચ્છાચારી, મદોન્મત્ત ને વિશૃંખલ' એવો હોલો આ વખતે 'વનવગડાનાં વાસી' તરીકે ઝડપાયો છે. એના જેવું ધમાલિયું, તોફાની ને ઈર્ષ્યાખોર ને સૌથી મોટું બીનજવાબદાર પંખી મળવું મુશ્કેલ જ છે. ◘ 'માથું દુખે છે' એ આપણામાંના ઘણાની તો કાયમની ફરિયાદ છે, પણ ભાગ્યે જ કોઇ એનાં કારણોમાં ઊંડા ઊતરવા મથે છે. આ અંકમાંનો એ લેખ તમને એ બધું વિગતે સમજાવે છે, જ્યારે 'બટાટાનો જ ખોરાક' પણ એક વિશિષ્ટ ગુણધર્મ ધરાવતા ખોરાકની આપણાથી અજાણ હકીકતો રજૂ કરે છે. ◘ 'ફરી એવરેસ્ટ' તમને એ અજેય શિખરને પદાક્રાન્ત કરવાના તાજેતરના છેલ્લા પ્રયાસની શક્યાશક્યતાઓની રૂપરેખાથી માહિતગાર કરશે; અને 'જીવનનું પરોઢ' તથા 'મારી સફરે' લેખમાળાઓએ તો વાચકોના દિલમાં ક્યારનું યે પોતાનું સ્થાન કાયમ કરી દીધું છે. ◘ 'સાઇકલ પર સાવચેતી'ના લેખમાં એ વાહનના ઉપયોગ પાછળ રહેલાં ભયસ્થાનોની ચર્ચા કરી જે રાહદર્શન કર્યું છે તેની અગત્ય જરા યે નકારવા જેવી નથી. ◘ અને આખા અંકમાં વેરવિખેર ભરેલી સભરસામગ્રીનો તો નામોલ્લેખ પણ આ સ્થળે પૂરો ન પડે. એ નવનીત તો તમારે જાતમંથનથી જ મેળવવું રહ્યું.

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો • આર.આર શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ. જાહેરખબરના સોલએજન્ટ ગવ્વળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે

શેષ

· છંદ શિખરિણી ·

પ્રતાપી દેશે આ કુલ નયનનાં કોટિ ચડિયાં,
ફલ હૃદયનાં કોટિ ઢળિયાં;
જુઆળો પ્રાણોના ઉછળી છલક્યા, શાન્ત શમિયા,
પ્રકાશોના પુંજો અભિનવ રસે રંગ રમિયા,
પુનરપિ અનંતે ઉપટિયા.

અહો, મારે એવી દગકુસુમની જોડ ગરવી,
ફલ હૃદયનું,—રમ્ય શમણું;
વળી આંતર્શૌર્યે મઘમઘત ચૈતન્ય ધુપિયું:
તથા અંગોગૂંથ્યાં કિરણજૂથની માળ હળવી.
પ્રભો! ધારૂં આજે તુજ વદન અગ્રે સરવ એ
પ્રસાદો: સ્વીકારો રતિકણ સમા અંશ તુજ જે.
ફરી મૂર્તિ તારી પ્રગટ રૂપવિરાટ હસશે,
અને 'હું' તું માંહે અરૂપ નવસૌન્દર્ય ધરશે;
પરમ! જગ એ શેષ વહશે.

દેશળજી પરમાર





અમેરિકન કુમારોનો પત્રવ્યવહાર

● ગયા અંકમાં અમેરિકન વિદ્યાર્થીઓના પત્રવ્યવહાર વિષે મેં જે કંઇ લખ્યું તેથી ઘણા વાચકોમાં તે વિષે ન ધારેલી જિજ્ઞાસા અને ઉત્સાહ પ્રકટી ઊઠયાં છે એમ મારી ખાત્રી થઇ છે. તેના પ્રમાણમાં મારી પર આવેલા થોકબંધ કાગળો એ આખા યે પત્રવ્યવહારની માગણી કરતા પડયા છે. મેં નહિ ધારેલું કે આટલી બધી માગણી થશે, એથી મેં અસલ પત્રો મોકલવાની દરખાસ્ત આપેલી; અને તે પ્રમાણે પહેલાં છ નામ મારી પાસે આવતાં જ મેં એક પરિપત્ર સાથે એ આખો યે પત્રવ્યવહાર, પરિપત્રમાં આપેલા ક્રમ પ્રમાણે વારાફરતી મોકલતા રહે એવી શરતે બહાર મોકલી આપ્યો છે. તે સાથે દરેક જણ બીજા ઉમેદવારને મોકલે તે વખતે મને પણ તેના ખબર આપે એવી યે સૂચના હતી.

એ રીતે હજુ તો ત્રણ કે ચાર હાથમાંથી જ એ પત્રવ્યવહાર પસાર થયો છે. આ રીતે ચાલે તો બધી જ માગણી પ્રમાણે પત્રો ફેરવતાં વર્ષ નીકળી જાય એમ લાગે છે. તેથી જેમણે જેમણે પાછળથી મને પત્રો લખ્યા છે એ બધાને અહીં સામટો જ જવાબ આપું છું, કે એ પત્રવ્યવહારની તુરતમાં આશા રાખ્યા વિના જે મેં સરનામાં આપ્યાં છે તેમાંથી એક કોઇ ઉપર એકાદો પત્ર લખી નાખો. 'કુમાર'માં ગયે મહિને એક સારા નમૂનાનો પત્ર તો આપ્યો છે જ. તમે જેમને પત્ર લખો તેમને પ્રથમ તો તમારાં વય, અભ્યાસ અને જે વિષયમાં તમને ખાસ રસ પડતો હોય તે જણાવજો. તે ઉપરાંત તમારા કુટુંબની તથા ગામની તવારીખ અને ભૂગોળ જણાવજો. ગામ અથવા જિલ્લાના પાક, હુન્નર, સામાજિક સ્થિતિ વગેરે બાબતમાં પણ તમારા મિત્રને રસ પડવાનો જ. ફોટોગ્રાફો કે ગામની છાપવાળી પોસ્ટની ટિકીટો પણ તેમને પસંદ પડશે. કોરી ટિકીટો પણ ઉમદા ભેટ ગણાશે. તમારા મિત્ર ભાવી કારકિર્દી માટે કેવી રીતે તૈયાર થઈ રહ્યા છે તે પૂછજો, તમે પોતે શું થવા ધારો છો તે પણ જણાવજો. તમે લખેલા પત્રની નકલ મને મોકલશો તો હું પણ તમને સલાહ આપતો રહીશ, તેમજ તમારા પર દૂર દેશનો પત્ર આવે તે મને વાંચવા ધીરશો તો તેમાંની ઉપયોગી વાતો 'કુમાર'ના બીજા વાંચનારાઓને આપીશ.

મારા પર પત્ર લખનારાઓએ તુરતમાં મારો જવાબ ન મળે તો ધીરજ બતાવવી, કારણ કે ઘણીવાર હું દિવસો સુધી એકાદ મહત્ત્વની કામગરીમાં રોકાઇ રહ્યો હોઉં છું. ઘણીવાર મારાથી સીધો જવાબ ન લખી શકાય અથવા ઑફિસમાં જ તમારો પત્રવ્યવહાર રોકી રાખવામાં આવ્યો હોય અથવા તમારા પત્રનો જવાબ 'કુમાર'માં આ સ્થળે જ મારા લખાણમાં આવી જતો હોય તો સમાધાન માની લેવા મહેરબાની બતાવવી.

જે ઉત્સાહભરી જિજ્ઞાસા અમેરિકન પત્રવ્યવહારમાં વાચકોએ બતાવી છે તેવી જ તત્પરતા અને તીવ્રતાથી એ વિષયને વિકસતો જોવાને હું હમેશાં ઇંતેજાર રહીશ.

કોની પ્રતિષ્ઠા કરીશું?

● પત્રવ્યવહારો, હસ્તલિખિત માસિકપત્રો અથવા એવી બીજી બેઠાડુ પ્રવૃત્તિઓમાં આપણા વિદ્યાર્થીઓ વધુપડતા આકર્ષાય છે એ મને આ અમેરિકન પત્રવ્યવહાર માટે આવેલી ઉમેદવારીઓ પરથી વધુ સ્પષ્ટ થયું છે. વૅકેશન કે ફુરસદના સમયમાં કોઇ ક્રિયાત્મક યા રચનાત્મક કામ, નિસર્ગપરિચય ને અભ્યાસ અથવા સામાજિક સેવાના કાર્યમાં વિદ્યાર્થીઓ પોતાને મળેલી તક અથવા સમયનો ઉપયોગ કરી રહ્યા હોય એવા તો જૂજ જ દાખલાઓ મળે છે. બધા વિદ્યાર્થીઓ માને છે કે હજુ અમે તો ભણીએ છીએ; ભણનારાને વળી ઘરનાં કે નગરનાં કાર્યો કરવાનાં હોય? આ મનોદશા ૯૯ ટકા વિદ્યાર્થીઓમાં હોય છે અને તેમાં ખાસ ભાર અને મર્યાદા મૂકવાની ક્રિયા અને ફરજ (!!) તેમના પૂજ્ય (?) શિક્ષકો અને હેડમાસ્તરો બજાવે છે. આ ગુરુવર્યોને પોતાને જ કંઇ ઉદ્યમી કાર્ય આવડતું નહોતું અથવા આજીવિકાનો માર્ગ નહોતો એટલે બન્યા નાના કે મોટા મહેતાજી. એ ભણાવવા બેઠા એટલે તેમના હાથે દેશની પ્રજાનો શો શુક્રવાર વળે? ગુરુ પોતે અસહાય અને ગોખણિયા રહ્યા એટલે વિદ્યાર્થીને સર્જન કે ક્રિયાના પંથે શી રીતે વાળે? યુનિવર્સીટીનું રાક્ષસી મોં ભરવાને કે વાર્ષિક પરિણામોની કત્લેઆમના ભોગ તૈયાર કરવાને જ તેમની શક્તિઓ અને બુદ્ધિ કામ કરી રહી હોય છે. એ ગુરુઓ અને તેમના ચેલાઓ હવે વર્ધાના શિક્ષણસંપ્રદાયની દીક્ષા સ્વીકારે અને સ્વાશ્રય તથા સ્વયત્નનાં ક્ષેત્રોમાં પ્રયોગ આદરે તો ૯૯માંથી ૫૦ ટકા તો સત્ત્વર જીવનનો સાચો માર્ગ પામે. જૂની શિક્ષણપદ્ધતિની ભયંકરતા, ત્રાસ અને ખુવારી સમજનારાઓ પણ હજુ સર્ટિફિકેટો અને ડિગ્રીઓનો ભાર તથા મોહ છોડી શકતા નથી. તેઓ માત્ર નૈતિક હિંમત બતાવી તેનું નિરસન કરવાનું પ્રચારકાર્ય કરે તો યે દેશસેવાનું થોડુંક પુણ્ય પામશે. (જેમને આ વિષે વધુ વિચારણાની જરૂર હોય તેમને 'કુમાર'નાં પાછલાં વર્ષોની ફાઇલો જોવા ભલામણ છે.) **ર. મ. ર.**

ભાવિ જીવનની ક્રિયાત્મક તૈયારીમાં સંગીન સાથ પૂરે એવું એક પુસ્તક કુમાર કાર્યાલયે હમણાં જ બહાર પાડયું છેઃ 'ગુજરાતી લઘુલિપિ'. કી. રૂા. ૩. પોસ્ટેજ જુદું.

સઘળાં વૈમનસ્યો વિસારી પ્રીતના મયમાં મદહોશ બનનાર હિંદની વતનીઅતનો પુરસ્કર્તા

એશિયાનો શાયર · ઈકબાલ

જનતાના હૃદય સુધી પહોંચવાની તાકાત માત્ર બે જ જણ ધરાવે છે. એક કવિ અને બીજો ફિલસૂફ. બંને ક્રાન્તદર્શી છે, બંને પ્રજોત્થાનના પુરોહિતો છે, બંનેમાં પોતપોતાના ક્ષેત્રની વિશિષ્ટતા છે. પરંતુ કોઇ રાષ્ટ્રની ધન્ય ઘડીએ, તેને એ બંને ક્ષેત્રોની સીમાનો સમન્વય કરતી એક એવી સર્જક પ્રતિભા—કવિ-ફિલસૂફ—સાંપડે છે, જે એ દેશકાળે વિરલ જ બની રહે છે.

હિંદને એવી જ એક વિરલ પ્રતિભા સાંપડેલી, અને તે એશિયાભરના મહાન કવિ તરીકે વિખ્યાતિ પામેલા ડૉ શેખ મહમ્મદ ઇકબાલ એમ.એ., પીએચ.ડી., બાર ઍટ. લૉ. હજુ ગયા ડીસેમ્બરની ૨૯મીએ જ એમણે સાઠ વર્ષ પૂરાં કરી ૬૧મા વર્ષમાં પ્રવેશ કર્યો, એ પ્રસંગે હિંદે ઊજવેલી તેમની જયંતીના પડઘા હજુ શમ્યા નથી ત્યાં તો ગઇ ૨૧મી એપ્રિલે તેમના બહિસ્તનશીન થયાના સમાચાર મળે છે.



'મૃત્યુથી હું ડરતો નથી. હું મુસલમાન છું અને હસતે મોંએ મૃત્યુને ભેટીશ'—ઇકબાલના મરતી વખતના આ શબ્દો હતા; અને એ આકસ્મિક નહોતા. ત્રણ વરસથી પથારીવશ બનેલા એ મર્દ શાયરને મોતની ખાતરી જ હતી. એ શબ્દો તો એમનાં કાવ્યોમાં મૂર્ત થએલો એ આંતરપરાગ રજૂ કરે છે, જેની ફોરમે એમનું જિસ્મ છેલ્લા ચાર દાયકાથી ફોરી રહ્યું હતું. રવીન્દ્રનાથ ટાગોરે એ ફોરમ પર જ પોતાનો ખેદ વ્યક્ત કર્યો છે કે, 'ઇકબાલના અવસાનથી દુનિયામાં હિંદુસ્તાનનું એક સંમાનિત સ્થાન ખાલી પડ્યું છે.'

પંજાબમાં ઉર્દુ ભાષાના પ્રચારનો પ્રારંભકાળ એ એ ભાષાનો ખરેખરો સંક્રાન્તિકાળ હતો એમ કહીએ તો ચાલે. સાહિત્યકારોએ પણ તાજી જ એ ભાષા અપનાવેલી અને બીજી પ્રાન્તીય ભાષાઓ ક્યારે એને નાબૂદ કરી દે એની દહેશત રહ્યા જ કરતી હતી. અલબત્ત, મૌલાના અબુલ કલામ આઝાદે પોતાના ગદ્ય વડે તેને સમૃદ્ધ અને ગ્રાહ્ય બનાવવામાં જે ફાળો આપ્યો છે તે અવિસ્મરણીય જ છે. પરંતુ પદ્યના કલેવરમાં ભાષાની ચિરંતનતા જેટલી જળવાય છે એટલી ગદ્યમાં કદી નથી જળવાઈ શકતી, અને ભાષાનું એ બિરદ પૂર્ણ કરવાનો યશ માત્ર ઇકબાલને જ ઘટે છે. પોતાની શાયરીથી ઉર્દુ ભાષાને એમણે એવો અપૂર્વ વેગ આપ્યો કે આજે તો એ ભાષા અગાઉ ક્યારે યે નહિ એટલી સમૃદ્ધ અને સાહિત્યિક બની ચૂકી છે.

ઉર્દુ કાવ્યસાહિત્યને અસ્પૃશ્ય રહેલા વિષયો ઉપર કલમ ચલાવી, ઇકબાલે સમગ્ર સાહિત્યમાં ક્રાન્તિ આણી દીધી. હાફિઝ, રૂમી, ગાલિબ, ઉમર ખય્યામ, બ્રાઉનિંગ, ટૉલ્સ્ટૉય, કૅન્ટ, બર્ગ્સાં, ગ્યોએટે અને એ સૌથી ઉપરવટ એવો પૂર્ણમાનવનો પયગંબર નિટ્શે એ ક્રાન્તિના એમના સદા પ્રેરકો રહ્યા હતા, અને એ વડે સાબિત એમના આર્ષદર્શને કરીને જાપાનથી તે મિસર સુધીનો એશિયાભરનો સમગ્ર માનવસમુદાય એમને 'અમારા કવિ' તરીકે ગણવામાં ગૌરવ લઇ રહેલો. વસ્તુતઃ ઇકબાલ સમગ્ર એશિયાના કવિ હતા.

કાશમીરના હિંદુ સપ્રુ વંશમાંથી ઊતરી આવેલા મધ્યમવર્ગના એક ધર્મચુસ્ત સૂફી મુસ્લીમ કુટુંબમાં ઇ. ૧૮૭૫માં સિયાલકોટ મુકામે ઇકબાલનો જન્મ થએલો. પહેલાં મકતબ અને પછી અંગ્રેજી શાળામાં શિક્ષણ મેળવી તેઓ સ્કૉચ મીશન કૉલેજમાં દાખલ થયા. ત્યાં મહાન પૌરસ્ત્ય વિદ્વાન સૈયદ મીર હસનના હાથ નીચે તેમણે ખૂબ પ્રેરણા મેળવી. ત્યાર બાદ લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં દાખલ થયા ને એમ. એ.ની પરીક્ષામાં આખી યુનિવર્સિટીમાં પહેલે નંબરે આવ્યા. કુશાગ્ર બુદ્ધિને લઇ સ્કૉલરશિપો તો પ્રાથ-

મિક શાળાથી જ તેમણે મેળવવા માંડેલી.

કૉલેજમાં તેમને 'ધી પ્રીચિંગ ઑવ ઇસ્લામ'ના વિખ્યાત લેખક ડૉ. ટી. ડબ્લ્યુ. આર્નોલ્ડનો પરિચય થયો અને હળવે હળવે એ ગુરુશિષ્યનો પરિચય એટલા તો સ્નેહમાં પરિણમેલો કે ડૉ. આર્નોલ્ડની વિદાય વખતે ઇકબાલે તે પર 'નાલએ ફિરાક' (વિયોગનો નિઃશ્વાસ) નામનું કાવ્ય પણ લખેલું.

થોડો વખત ઓરિયેન્ટલ કૉલેજમાં ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના પ્રોફેસર તરીકે કામ કરી, ૧૯૦૫ના બીજી સપ્ટેમ્બરે તેઓ ઇંગ્લંડ ઉપડ્યા. રસ્તે દિલ્હીમાં હઝરત નિઝામુદ્દીન અવલિયાની દરગાહ પર બધાં સ્નેહીઓ વચ્ચે 'ઇલ્તિજાએ મુસાફિર' (મુસાફરની વિનતિ) નામનું કાવ્ય બોલી, પોતે જ્ઞાન મેળવીને માનવતાના સેવક બને એવી એ અવલિયા પાસે જે વિનતિ કરેલી એ ઇકબાલના પ્રસુપ્ત કાવ્યસ્રોત અને ખુલતી જીવનદૃષ્ટિનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. અને એ જ દૃષ્ટિમાંથી ઇકબાલની જીવનફિલસૂફી જન્મેલી. કુરાન અને નીટ્શેનો એ આશક જાતે જ 'જાવિદનામા'માં તેનો સ્ફોટ કરે છે, કે 'માનવજીવનનો હેતુ ખુદાની ભક્તિ છે; પરંતુ એ ભક્તિ પ્રાર્થનાના રૂપમાં નહિ, પણ માનવજાતિની સેવામાં રહેલી છે.'

વળી બીજે એક ઠેકાણે લખેલું છે,

તુ ઇસે પયમાનએ ઇમરોઝો ફર્દાસે ન નાપ;
જાવેદાં, પયહમ દવાં, હરદમ જવાં હૈ ઝિન્દગી.

(જીવનને આજ અને કાલની માપણીથી તું ન માપ; એ તો સ્થાયી, સ્પંદનભર્યું ને ચિરયુવાન છે)

ઇકબાલનો મુખ્ય શૉખ જ ફિલસૂફીનો હતો, એટલે ઈંગ્લંડમાં કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં એ જ વિષય એમણે લીધેલો. અરબી અને ફારસી ભાષા પરનું પ્રભુત્વ તો એમના કુટુંબમાં વંશપરંપરાથી ચાલ્યું આવતું, એટલે થોડો વખત લંડન યુનિવર્સિટીમાં અરબીના અધ્યાપક પણ તે રહેલા. અને ફારસીભાષા પ્રત્યેના તેમના અનુરાગ અને ઇસ્લામી આલમમાં તેની પ્રતિષ્ઠાને લઇને છેલ્લે છેલ્લે તો એમણે પોતાનું બધું લખાણ ઉર્દુને બદલે એ ભાષામાં જ કરવા માંડેલું.

કવિતાનો છંદ ઇકબાલને નાનપણથી જ હતો, એટલે મુશાએરાની મજલિસોમાં એ વખતોવખત હાજરી આપતા. અરબી અને ફારસી ઉપરના પ્રભુત્વને લઇ, કાવ્યમાં સચોટતા આણવાની હથોટી તેમને બેસી ગઇ હતી. કુમળી વયમાં જ એક મુશાએરામાં એમણે વાંચેલો આ શેર એમની જન્મજાત પ્રતિભાની પ્રતીતિ કરાવે છે:

'મોતી સમજ કે શાને કરીમીને ચુન લિએ
કતરે જો થે મેરે અર્કે ઇન્ફીઆલ કે.'

'પશ્ચાત્તાપની શરમથી મારા કપાળ પર જે પ્રસ્વેદબિન્દુ જામ્યાં હતાં તે તારી દયાદૃષ્ટિએ મોતી ગણી વીણી લીધાં.' આવા ગહન અર્થનો શેર એક કિશોરના મોંએથી સાંભળી શ્રોતાઓ તો આશ્ચર્યચકિત થઇ ગએલા.

એ અરસામાં નિઝામના ઉસ્તાદ મહાકવિ 'દાગ'ની ખ્યાતિ ખૂબ હતી. ઘણા ઊગતા કવિઓ પોતાનાં કાવ્યો સુધારવા માટે તેમને મોકલતા અને પોતાને 'દાગ'ના શાગીર્દ તરીકે ગણાવવામાં ગૌરવ લેતા. ઇકબાલે પણ પોતાનાં કાવ્યો તેમને મોકલવા માંડ્યા. 'દાગે' જોઇ લીધું કે એ કોઇ સાધારણ કવિનાં કાવ્યો નહોતાં, એટલે થોડા જ વખતમાં ઇકબાલને લખી દીધું કે તમારાં કાવ્યોમાં સુધારાની જરૂર રહેતી નથી. આમ એ સંબંધ આગળ ન લંબાયો, પણ તેની સ્મૃતિ બંનેનાં દિલો પર કાયમ રહી, અને ઇકબાલ છેવટ સુધી પોતાને 'શાહજહાનાબાદના છેલ્લા શાયર મિર્ઝા ફાસિહુઉલ્મુલ્ક દાગ દહેલવીના શાગીર્દ' ગણાવતા રહ્યા.

શરૂઆતના પ્રયાસોને બાદ કરતાં ઇકબાલ જાહેરમાં ઇ. ૧૮૯૯માં પ્રકાશ્યા એમ કહી શકાય. અન્જુમને હિમાયતે ઇસ્લામનો વાર્ષિક મેળાવડો ભરાયો હતો. મિત્રોના દબાણને વશ થઇ ઇકબાલે તેના મુશાએરામાં ભાગ લેવાનું કબૂલ કર્યું અને 'નાલએ યતીમ' (અનાથનો નિસાસો) નામની ગઝલ ગાઇ. સાંભળનારા મંત્રમુગ્ધ બની ગયા. ફરી ને ફરી વાર એ ગાવાનો તેમને આગ્રહ કરવામાં આવ્યો. એ 'નિસાસા'એ પ્રેક્ષકોની આંખો વહેતી કરી મૂકી. પછી તો દર વર્ષે એ મુશાએરામાં ભાગ લેતા ગયા અને એમની કીર્તિ ફેલાવા લાગી. જોતજોતાંમાં એમણે ઉત્તર હિન્દના અગ્રેસર કવિ તરીકેનું સ્થાન મેળવી લીધું અને ૧૯૨૧માં પ્રગટ થએલા એમના 'હિમાલા' કાવ્યે તો તેમને જગતવિખ્યાત કરી દીધા.

ત્યારથી ઇકબાલની શાયરીનો ધોધ પ્રમુક્તપણે

વહેતો જ રહ્યો. એમાં અનેક રંગતરંગો આવી ગયા, પણ હિન્દની વતનિયતની વકીલાત, એક કવિ 'ચકબસ્ત'નો ફાળો બાદ કરીએ તો, એમના જેવી કોઇએ નથી કરી. ગ્રીસ જેમ બાયરનની કવિતાઓથી આઝાદ થયું, પોલૅન્ડે મીકિયેવિટ્સના કાવ્યસર્ગોથી આઝાદ બનવાનો સંકલ્પ સેવ્યો, એમ ઇકબાલનાં કાવ્યોમાં પણ એ જ સંકલ્પ, એ જ આગ છે. લોકજીભે રમી રહેલાં એમનાં એવાં કાવ્યોમાંનાં 'હિંદોસ્તાં હમારા' અને 'નયા શિવાલા' એ બે આ સાથે આપ્યાં છે.

ઇકબાલની કાવ્યપ્રવૃત્તિ ત્રિવેણી સમી છે. યુરોપ ઉપડતાં પહેલાં એ એવા ઉગ્ર રાષ્ટ્રવાદી હતા કે હિંદ-

ઇકબાલનાં બે જાણીતાં કાવ્યો

હિન્દોસ્તાઁ હમારા

સારે જહાઁ સે અચ્છા હિન્દોસ્તાઁ હમારા
હમ બુલબુલેં હૈં ઉસકી વહ બોસ્તાઁ હમારા.
ગુર્બત મેં હો અગર હમ રહતા હૈ દિલ વતન મેં,
સમઝો વહીં હમેં ભી દિલ હો જહાઁ હમારા.
પર્બત વહ સબ સે ઊંચા હમસાયે આસ્માઁ કા
વહ સન્તરી હમારા વહ પાસબાઁ હમારા.
ગોદી મેં ખેલતી હૈં ઉસકી હજારો નદિયાઁ,
ગુલ્શન હૈ જિન કે દમસે રશ્કે જીના હમારા,
અય, આબે રૂદે ગંગા! વહ દિન હૈ યાદ તુઝકો,
ઉતરા તેરે કિનારે જબ કારવાઁ હમારા.
મજહબ નહીં સિખાતા આપસ મેં બૈર રખના,
હિંદી હૈં હમવતન હૈં હિન્દોસ્તાઁ હમારા.
યૂનાનો મિસરો રૂમા સબ મિટ ગયે જહાઁ સે,
અબ તક મગર હૈ બાકી નામોનિશાઁ હમારા.
કુછ બાત હૈ કે હસ્તિ મિટતી નહીં હમારી,
સદિયોં રહા હૈ દુશ્મન દૌરે જમાઁ હમારા.
ઇકબાલ! કોઇ મહેરમ અપના નહીં જહાઁ મેં
માલૂમ ક્યા કિસી કો દર્દે નેહાઁ હમારા.

નયા શિવાલા

સચ કેહ દૂઁ અય બિરેહમન! ગર તૂ બુરા ન માને,
તેરે સનમકદેહકે બુત હો ગયે પુરાને;
અપનોં સે બૈર રખના તૂને બુતોંસે સીખા,
જંગોજદલ સિખાયા વાઅઝ કો ભી ખુદાને.
તંગ આ કે મૈંને આ:ખિર દયરો હરમ કો છોડા,
વાઅઝ કા વાઝ છોડા છોડે તેરે ફસાને.
પથ્થરકી મૂરતોં મેં સમઝા હૈ તૂ ખુદા હૈ,
ખાકે વતન કા મુઝકો હર ઝર્રા દેવતા હૈ.
આ ગૈરિયત કે પર્દે ઇક બાર ફિર ઉઠા દેં,
બિછુડોં કો ફિર મિલા દેં નકશે દુઈ મિટા દેં.
સૂની પડી હુઇ હૈ મુદ્દત સે દિલ કી બસ્તી,
આ ઇક નયા શિવાલા ઇસ દેસ મેં બના દેં.
દુનિયા કે તીરથોં સે ઊઁચા હો અપના તીરથ,
દામાને આસ્માઁ સે ઉસ કા કલસ મિલા દેં.
હર સુબ્હ ઉઠ કે ગાએં મંતર વહ મીઠે મીઠે,
સારે પુજારિયોં કો મય પીત કી પિલા દેં.
શક્તિ ભી શાંતિ ભી ભક્તો કે ગીત મેં હૈ,
ધરતી કે બાસિયોં કી મુક્તિ ભી પીત મેં હૈ.

'હિંદોસ્તાઁ હમારા' તો બહુ લોકપ્રિય ગીત છે એટલે એના અર્થની સરળતા માટે માત્ર અઘરા શબ્દોના અર્થ બસ થશે. ગુર્બત=પરદેશ; હમસાયે=પડોશી; રૂદ=નદી; મહેરમ=આશ્વાસન આપનાર. 'નયા શિવાલા' (નવું શિવાલય) કાવ્યનો ટૂંક અનુવાદ આ નીચે આપ્યો છે: હે બ્રાહ્મણ! તને ખોટું ન લાગે તો સાચેસાચું કહી દઉં કે તારા મંદિરની મૂર્તિઓ હવે પુરાણી થઈ ગઈ છે. એ મૂર્તિઓએ તને આપસમાં વેર રાખવાનું જ શીખવ્યું છે, ને એવી જ રીતે મુસ્લિમ પંડિતને પણ ખુદાએ કજિયાટંટા કરતાં જ શીખવ્યું છે. મેં તો છેવટે કંટાળીને મંદિર અને મસ્જિદ બંનેનો ત્યાગ કર્યો છે. મુસ્લિમ પંડિતનાં પ્રવચન તજ્યાં ને તારાં કથાવાચનો પણ તજ્યાં. તું તો પત્થરની મૂર્તિઓમાં જ પ્રભુ સમજે છે, પણ મારે મન તો વતનની ખાકનો એકેક કણ દેવતા છે. આવ, ફરી એકવાર એવા પરાયાપણાના પરદા ઉઠાવી લઇએ અને વિખૂટાઓને ફરી એકત્ર કરી દ્વૈતનો ખયાલ ભૂંસી નાખીએ. કેટલી મુદ્દત થયાં દિલની વસતી સૂની પડી છે. તું આવ, અને આ દેશમાં એક નવું શિવાલય ઊભું કરીએ. દુનિયાના સઘળા તીર્થોથી આપણું એ તીર્થ ઊંચું હો ને એનો કળશ ગગનચુંબી હો. હર પ્રભાતે ઊઠી એના મીઠામીઠા મંત્રો ગાઇએ ને સઘળા પૂજારીઓને પ્રેમમદિરાનું પાન કરાવીએ. શક્તિ અને શાંતિ ભક્તોના ગીતમાં જ છે ને પૃથ્વીનિવાસીઓની મુક્તિ પણ પ્રીતમાં જ છે.

ભરની જુવાનીનું મસ્તક તેમને આર્દ્ર ભાવે પ્રણમતું. ત્યારનાં એમનાં કાવ્યો 'હિમાલા', 'હમારા દેશ', 'હિંદોસ્તાની બચ્ચોંકા ગીત', નયા શિવાલા', 'તરાનાએ હિંદ' વગેરેમાં એ રાષ્ટ્રીયતાની ટોચે પહોંચતા જણાય છે.

યુરોપથી પાછા ફરતાં જ એ દૃષ્ટિ પલટાઇ જાય છે. ઇટલીએ કરેલા ટ્રિપોલી પરના આક્રમણથી એ કમકમી ઊઠે છે ને જગતભરના ઇસ્લામીઓને પરસ્પર સહાનુભૂતિ કેળવી, સંગઠિત બની ઉત્થાન સાધવાની બાંગ પોકારે છે. હિંદી કરતાં મુસ્લીમની માત્રા તેમનામાં વધતી જાય છે. અને એ વધારો એટલે સુધી પહોંચે છે કે 'પાકિસ્તાન'ની આખી ચળવળ ઉપાડી પોતે તેના પ્રમુખ પુરસ્કર્તા બને છે. સિંધ, પંજાબ, બલુચિસ્તાન અને સરહદપ્રાંત એ ઇસ્લામપ્રબળ પ્રાંતોને એક કરી તેને પાકિસ્તાન નામ આપવું એ એ ચળવળની યોજના હતી. પરિણામે 'પાન ઇસ્લામિઝમ'નો ઝંડો ઊંચકી, 'બાલે જિબ્રિલ,' 'જાવિદનામા', 'મુસાફિર' વગેરે કાવ્યગ્રંથોથી ઇકબાલ ઇસ્લામના એક જ્યોતિર્ધર બને છે.

પરંતુ એ પછી સૌથી છેલ્લો ત્રીજો પ્રવાહ શરૂ થાય છે ને આખરે એ સઘળી સંકુલ સીમાઓ ઓળંગી, ઇકબાલ, નીટ્શેના અતિમાનવ (Higher Man) જેમ પ્રકાશી ઊઠે છે. ત્યારથી એ માનવતાના શાયર બને છે; ભૌગોલિક સીમાડા, જાત, પંથ કે રંગ તમામથી પર થઇ, સમગ્ર માનવતાના નૈતિક ને સાંસ્કૃતિક સમન્વયના જ્યોતિર્ધર બને છે. અને હિંદ આજે એ જ ઇકબાલને રડે છે. **અશોક હર્ષ**

ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ તરફથી ૧૯૩૮ની સાલના ગુજરાતી વાઙ્મયની સમીક્ષાનું કામ શ્રી મંજુલાલ રણછોડલાલ મજમુદાર (એમ.એ.)ને સોંપવામાં આવેલું છે. તો આથી ગુજરાતના લેખકો અને પ્રકાશકોને વિનતિ કરવાની કે તેઓ ૧૯૩૮ની સાલનાં પોતાનાં પ્રકાશનો શ્રી મજમુદારને નીચેના સરનામે મોકલી આપી સભાને આભારી કરશેઃ **શ્રી મંજુલાલ ર. મજમુદાર**, ચૈતન્યધામ, પ્રતાપગંજ, **વડોદરા**



'ટાઇમ્સ ઑફ ઇંડિયા' માં આવતા 'થૉટ્ ફૉર ટુ ડે'ના રોજિંદા ફકરાઓને આ રીતે અનુવાદીને તે પર સંયમિત અને સરળ ભાષામાં કરેલા વિવેચનોનું એક પુસ્તક શ્રી મોતીચંદ ગિરધરભાઇ કાપડિયાએ 'વ્યવહારકૌશલ્ય' નામથી પ્રચારાર્થે બહાર પાડ્યું છે; અને તે, શા. કુંવરજી આણંદજી–ભાવનગર એ સરનામે ટપાલખર્ચના બે આના મોકલવાથી વિના મૂલ્યે મળે છે.

મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે

પીડા સહન કરવામાં ફરજ–ધર્મ સમાએલો હોય ત્યારે દુઃખનો આખો ખ્યાલ ફરી જાય છે. એ દુઃખસહનમાં ભવ્યતા છે, મીઠાશ છે, મહત્તા છે, આદર્શનિષ્ઠા છે.

અવિચારી કાર્ય ન કરવું એ જેટલું મહત્ત્વનું છે તેટલું જ મહત્ત્વનું પરિસ્થિતિને અનુરૂપ નિર્ણય પર તુરત આવી જવાનું છે.

સુખ એ માનસિક વૃત્તિ છે. અને મેળવતાં આવડે તો નાની નિર્મૂલ્ય ચીજમાંથી પણ મેળવી શકાય છે.

કકળાટ કરનારા પણ જીવન પૂરૂં કરે છે અને ગમે તે સંયોગોમાં સૌંદર્ય દેખનારા પણ જીવન પૂરૂં કરે છે; એક જીવનને ઘસડે છે, બીજો જીવનને ભોગવે છે.

મુસીબતો ઉપર વિજય મેળવવાના દૃઢ નિશ્ચય વગર સાહસ થતું નથી, ને સાહસ વગર જીવનની પરાકાષ્ટા નથી.

માનવીનું મૂલ્ય કરવા માટે એક નાની બાબત, નાનો વિચાર, સાદું સંઘર્ષણ કે ટૂંકું વાક્ય બસ છે.

આદર્શમાં અસ્થિરતા કે અસ્પષ્ટતા ન રહેવા દેવી એ જીવનસિદ્ધિનું પરમ તત્ત્વ છે.

દલીલો સામે દલીલો જરૂર હોઇ શકે છે, પણ વાતને નરમ કરનાર હાસ્ય સામે કોઇ જવાબ નથી. ('વ્યવહારકૌશલ્ય'માંથી)

ચોથું બાળક લઈને ઘરની ટૂંકી વંડી ઓળંગી પલાયન થતા એ જનાવરના પાછલા ભાગનો ઓળો જ માતાની નજરે પડયો.



ચિત્રકાર: રવિશંકર પંડિત

બાળભક્ષી ચોર

પ્રાણીજીવનનો નિકટ પરિચય સાધનારા, તેમની ખાસિયતોનો વારંવાર અનુભવ કરનારા અને તેમની પ્રવૃત્તિના ખાસ અભ્યાસી એવા શિકારીઓ પણ ઘણી વેળા કેટલાંક પ્રાણીઓનાં અડપલાં જોઈને આશ્ચર્ય પામે છે.

મારા શિકારી જીવનમાં પણ એવા કેટલાક અનુભવો થયા છે. ન કહી શકાય એવા પ્રસંગો જોયા છે. એવો એક કિસ્સો ચિત્તાનો છે.

નૈનિતાલથી પાંચ ગાઉ દૂર મારા એક મિત્ર રહેતા હતા. ઘણી વખત ઉનાળાના દિવસોમાં તેમનો મહેમાન બનતો. નગાધિરાજ હિમાલયના પ્રદેશને પ્રકૃતિએ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે. કવિ જિંદગી હારી જાય પણ એના સૌંદર્યનું ગીત અધૂરું જ રહે. ચિત્રકાર એનું સ્વરૂપ ઓળખતો જ રહી જાય, કદી સંપૂર્ણ ન બને. એ સ્થાનમાં એક દિવસનો વાસ એ જિંદગીનો સફળ દિવસ.

એક ઉનાળાના બે મહિના હિમાલયમાં ગાળવાના મળ્યા. મારા મિત્ર મોતીરામ શિકારના ખાસ પ્રેમી. મને પણ એ છંદ લાગ્યો હતો. અહીં આવું ત્યારે બે જ કામ હોય. પહેલું તો શિકારની ખોજમાં જ્યાં ત્યાં ભટકવું, ઊંચીનીચી ટેકરીઓ ઓળંગવી અને ગીચ ઝાડીઓ વીંધવી. તે ન હોય ત્યારે એકાદ ઊંચી ટેકરી ઉપર ચડીને હિમાલયને નિહાળ્યા કરવો.

ગામની પાછળ જ ઊંચી અને સુંદર એક ટેકરી હતી. એક દિવસ બપોરના બે વાગતાંનો ઉપર ચડીને બેઠો હતો. લગભગ છ વાગ્યા હશે. એવામાં બે માણસો ટેકરી ઉપર ચડતા જોયા. નજીક આવતાં મોતીરામ કોઈ માણસ સાથે આવતા જણાયા.

‘ઓહો! આજ આ શું સૂઝ્યું?’ મેં હસીને કહ્યું.

મોતીરામ મારી સાથે કદી ટેકરી ઉપર આવતા નહિ. એમને એ ગમતું જ નહોતું. હું ક્યારેક ફરવા આવવા કહેતો ત્યારે મોતીરામ જવાબ આપતા: ‘એમાં પગ તોડવા સિવાય બીજી શી મઝા છે?’ મને હસવું આવતું. ખરેખર! ધરાયાને ટાઢા ટુકડાની શી કીમત! આખું જીવન જેને એ ટેકરીઓ સામે જ વીતાવવાનું હતું, તેને એના સૌંદર્યની ભૂખ શાની હોય?

‘નીચેથી બરાડા પાડવા કરતાં ઉપર ચડીને જ વાત કરી લેવી વધારે સારી. તારૂં ઠેકાણું શું? ન આવે તો યે ભલું પૂછો!’ મોતીરામે કહ્યું.

‘બોલો, શી વાત છે?’

'વાત છે તારા કામની.'

'ત્યારે તો નીચે પણ દોડી આવત.'

'આ ભાઇ કહેવા આવ્યા છે કે એક જનાવર હેરાન કરે છે. તેના શિકાર માટે તેડવા આવ્યા છે.'

'ખુશીથી. કયું જનાવર?'

'એ તો કંઇ જણાયું નથી, પણ મહા ભયંકર છે.'

'હવે મોતીરામને મેં પૂછવું છોડીને સીધું પેલા ભાઇને જ પૂછવા માંડ્યું. બધી હકીકત સાંભળીને હું તો સ્તબ્ધ બની ગયો.

થોડે દૂરનાં બે નાનાં ગામમાં કોઈ વિચિત્ર જાનવરે ભય ફેલાવી દીધો હતો. એક મહિનામાં એ બે ગામમાંથી પાંચેક બાળકો ગેબ થઇ ગયાં હતાં! કેવી રીતે ગેબ થતાં અને કોણ ગેબ કરતું હતું તે છેવટ સુધી જણાતું નહિ. લોકોમાં ભારે ત્રાસ ફેલાયો હતો. અનેક પ્રકારના વહેમ અને શંકા વધવા લાગ્યાં હતાં. અંધ શ્રદ્ધાળુઓએ તો એ કોઇ ભૂતપ્રેતનું કામ હોવાની અફવા પણ શરૂ કરી દીધેલી.

મોતીરામ સાથે આવનાર માણસના ગામમાંથી બે બાળકો અદૃશ્ય થયાં હતાં. છેલ્લે ત્રણ દિવસ પર એનું પોતાનું બચ્ચું પણ ઊપડી ગયું.

પહેલું બાળક રાતના નવેક વાગે ઊપડી ગયું. તેનાં માબાપ ઘરમાં ખાવાપીવામાં રોકાયાં હતાં. બહાર બે છોકરાં ખાટલા ઉપર સૂતાં હતાં. ખાઇ પીને મા બહાર આવે તો એક બાળક ન મળે. બધે તપાસ કરી પણ પત્તો લાગ્યો જ નહિ. ઘર ફરતી નાની શી વંડી જ હતી. બાકી તો કંઇ રોકાણ નહિ. ગમે તે આવી જઇ શકે.

આ તરફ વસનારા લોકો પહાડી કહેવાય છે. એ લોકો હિમાલયની તળેટીથી તે લંકાસુધીના લોકોને 'દેશી' કહે છે. કોઇ પણ પહાડી એ વાત કલ્પતો જ નથી કે માણસજાત બાળકની ચોરી કરે. એ લોકોમાં ચોરી એ નિંદનીય જ નહિ પણ ત્યાજ્ય છે. પહાડી મિત્રો કહેતા કે 'દેશી'ઓનો સંસર્ગ વધવાની સાથે ચોરીનો ચેપ પણ વધ્યો. મેં પણ એ અનુભવ્યું છે કે રસ્તામાંથી કોઇ પહાડીને ચીજ મળે તો ગામમાં આવીને મુખીને આપી દે. પછી મૂળ ધણીને એ ચીજ પહોંચાડવા પ્રયત્ન થાય. તાળાં તો આખા ગામમાં ઘણાં જ ઓછાં નીકળે. આવા નીતિમાન લોકોમાં બાળકની ચોરી કરનાર માણસ હોય એ કલ્પી જ કેમ શકાય?

બીજા બાળકની પણ રાતે જ ચોરી થઇ ગઇ! પારણામાંથી બાળક ગેબ થઇ ગયું. માતા ઊંઘતી જ રહી ગઇ.

ત્રીજું બાળક આ ભાઇનું ગયું ત્યારે જ ખબર પડી કે એ પાતકી ચોર કોઇ જનાવર છે.

વાત એમ બની કે એ બાળકભક્ષી જાનવર ચોરીમાં અનુભવી થઇ ગયું. ત્રણચાર બાળકો ચોરી ગયા પછી એની હિંમત વધી ગઇ. મોડી રાતે આવવાને બદલે હવે સમી સાંજમાં તે હાથ અજમાવવા લાગ્યું.

સૂરજ આથમ્યો; સંધ્યા ખીલીને અદૃશ્ય થઇ ગઇ; ઝાંખા અંધારાનો પડદો ઊતરી આવ્યો. બેચાર બાળકો આંગણામાં રમતાં હતાં. અંધારૂં વધતું જતું હતું. મા વિચારતી જ હતી કે હમણા જ બાળકોને ઘરમાં બોલાવી લઉં. જાનવરનો ભય ભૂલાયો નહોતો ત્યાં તો 'વોય માડી રે . . .' એવી બૂમ સંભળાઇ. ધ્રાસ્કો ખાઇને મા બહાર દોડી આવી.

જુએ તો બે બાળકો પરસાળ ઉપર ચડી ગયાં હતાં. એક બાળક ભયનું માર્યું ફળીમાં જ ગબડી પડ્યું હતું. ચોથું નાનું બાળક જનાવરના મોંમાં સમાઇ ગયું હતું. માતાએ ઘરની ટૂંકી વંડી ઓળંગતા એ જાનવરને ઝાંખા ઓળા સમું જોયું. પાછળનો જ થોડો ભાગ જોઇ શકાયો. મોં તો આગળ હતું તેથી ઓળખી શકાયું નહિ કે એ કયું જાનવર હશે. અંધારૂં તો હતું જ.

હવે લોકોએ જાણ્યું કે એ કોઇ ભયંકર પ્રાણી છે.

ગામલોકોએ પ્રથમ તો પ્રયત્ન કરી જોયો; પણ જાનવરનો પત્તો લાગ્યો નહિ. મોતીરામ શિકારી તરીકે આજુબાજુમાં પ્રસિદ્ધ હતો, વળી એ કંઇક કરી શકે એવો અડિયલ છે એ પણ લોકો જાણતા હતા એટલે બાળકનો પિતા એની પાસે સહાય માટે આવ્યો હતો.

'એવું તે કયું જાનવર હશે?' મેં પૂછ્યું.

'વનબિલાડ હશે.' મોતીરામે કહ્યું.

'એનું ગજું નહિ.'

'ગમે તેમ હોય પણ પત્તો તો લેવો જોઇએ.'

'કાલે જઈએ.'

'ભલે.'

પેલા ભાઇને રવાના કરી દીધા.

બીજે દિવસે સવારમાં અમે ઊપડ્યા. મોતીરામે પોતાની બંદૂક લઈ લીધી. મારે ભાગે તો ડંડો જ રહ્યો.

ગામમાં પહોંચ્યા. લોકોનું ટોળું ઘેરી વળ્યું પછી તો વાતોની પરંપરા ચાલી. કોઇ કંઈ કહે ને કોઇ કંઈ. અમારે તો એ જ વિચારવાનું હતું કે કઇ રીતે એ દુષ્ટ જાનવરનો પત્તો મેળવવો.

મોતીરામને એક વાત સૂઝી. જેટલાં બાળકો ઊપડી ગયાં હતાં તે બધાં પછવાડેનાં ઘરોમાંથી જ.

'જાનવર આવતું હશે. પછવાડેનાં ઘરોમાં લાગ શોધતું હશે. આપણે પહેરો ગોઠવીએ.' મોતીરામે કહ્યું.

'એ ઠીક છે; બાકી તો કોઇ ઉપાય નથી.' મેં કહ્યું.

એ જ નક્કી થયું. નજીક જ બીજું ગામ હતું. ત્યાંથી પણ બે બાળકો ગયાં હતાં. મોતીરામ ત્યાં જાય અને હું અહીં રહું એવી વ્યવસ્થા કરી. અમારી પાસે તો એક જ બંદૂક હતી. બીજી ગામમાંથી મળી જશે એવી આશા હતી, પણ ગામમાં બંદૂક જ ન મળે. માણસ મોકલીને બીજે ગામથી બંદૂક મંગાવી. પણ મુશ્કેલી બીજી નડી. મોતીરામની બંદૂક ડબલ બૅરલની હતી. મને એ ફાવતી નહિ. બીજી આવી. તે તો ભારે કડાકૂટવાળી. દસ બાર ગોળી બગાડી ત્યારે જરા હાથ બેઠો.

પહેલો દિવસ તો ગડમથલમાં જ પસાર કર્યો. સૂર્યાસ્ત થતાં થતાં મોતીરામ સામે ગામ ચાલ્યો ગયો. ત્યાં એને વ્યવસ્થા કરવાની હતી.

રાતે દસ પંદર માણસોને ગામ ફરતાં ગોઠવી દીધાં. હું આંટા મારવા માંડ્યો. આખી રાત પસાર થઇ ગઇ. જાનવરનાં પગરણ થયાં નહિ. સવારે મોતીરામ આવ્યો. ત્યાં પણ એ જ સ્થિતિ હતી.

અમે બીજી તરકીબો વિચારી. છેવટે મને એક વાત ગમી. બીજે ગામ ન જતાં મોતીરામને પણ અહીં જ રોકાવાનું કહ્યું; પાંચ, દસ કે પંદર દિવસમાં પણ એ હરામખોર જાનવર જરૂર ફસાઈ જશે. પણ એ યોજનામાં ગામનું કોઇ સહયોગી બન્યું નહિ.

યોજના એમ હતી કે પાછવાડેનાં બધાં ઘર સારી રીતે બંધ કરી રાખવાં. ઢોરઢાંખર કોઠમાં બાંધી દેવાં, બહાર કંઇ ન રહે. ફક્ત એક જ ઘર ખુલ્લું રહે. તેનાં આંગણાંમાં ખાટલો નાખવો. તેમાં નાનાં બાળકને સુવાડવું. જાનવર આવે. બધાં ઘર ફરી વળે. શોધતાં એને આ ખુલ્લું મકાન મળે. અંદર બાળકનો ખાટલો જુએ. તેને લેવા આવે કે મારી નાખવું.

આ યોજનામાં કાંઇક સફળતા મળશે એમ લાગ્યું. ચોરી કરવા ટેવાઇ ગએલું જાનવર એક જ ઘર જોઇને ચાલ્યું જાય નહિ. ચોરનાં થોડાં ઘણાં લક્ષણો તો એનામાં હોય જ. પણ ગામનું કોઇ પોતાનું બાળક બહાર સૂવાડવા તૈયાર થયું નહિ. કોનો જીવ ચાલે? અમે ઘણી હિમ્મત આપી. બાળકને અડકે તે પહેલાં જ જાનવરને ઠાર કરીશું. છતાં કોઇ તૈયાર નહિ. છેવટે એમ લાગ્યું, કે કોઇ મોટું માણસ જ સૂએ. ખાટલો જોઇને શિકાર છે કે નહિ, એ જોવા પૂરતું તો જાનવર આવશે જ.

એક જુવાન તૈયાર થયો. એ અચકાતો તો હતો જ, પણ અમે હિમ્મત આપીને રાજી કર્યો.

રાતે મધ્ય સ્થળના એક મકાનમાં યોજના ગોઠવી. હું અને મોતીરામ બંદૂકો લઇને મકાનના ખૂણામાં થોડે થોડે છેટે લપાઇ બેઠા. રાહ જોતાં રાત્રિ વીતાવી. ચોરની સાવધાની વિચિત્ર હોય છે. ઊંડા શ્વાસ લેતો માણસ જોઇને પણ એ નાસી જાય છે. કદાચ એમ બન્યું હોય. જાનવર આવ્યું જ નહિ.

બીજે દિવસે પણ એ જ રીતે રાત વીતાવી. કેટલાક લોકો કહે, કે એ રીતે સફળતા નહિ મળે. દિવસે જંગલમાં જ રખડવું અને એવું હિંસક પ્રાણી મળે તો ઠાર કરવું. પણ અમને અમારી યોજનામાં વધારે વિશ્વાસ હતો. એમાં જાનવરને ફસાવી દેવાનો સંભવ હતો. જંગલમાં તો વાઘ, રીંછ ચિત્તા એવાં ઘણાં જાનવર છે. ચોર કયું છે, એ કેમ કળી શકાય?

સાત દિવસ એ રીતે વીતાવ્યા. આઠમે દિવસે પહેરો ગોઠવ્યો. અમે તો ઢીલા થઇ ગએલા. તેમાં વળી લોકો અશ્રદ્ધાનો ઉમેરો કરે. સમજે નહિ કંઇ. અમારા પ્રબંધમાં શકયતા કેટલે અંશે છે, એનો તો જરા યે વિચાર જ ન કરે.

ચોથનો ચંદ્રમા આથમવા જતો હતો અને બધું શાંત હતું. ત્યારે બંદૂકો દબાવીને અમે ચૂપચાપ બેઠા હતા. ચંદ્રને કહેવાનું મન થઇ જતું, કે ભલા, એટલી વાર તો થોભ, પેલું જાનવર આવી જાય. નહિ તો અંધારામાં ગોટાળો થઇ જશે.

અમે અમારા ધ્યાનમાં જ બેઠા હતા. ચોથનો ચંદ્ર આથમ્યો, એટલે જાણ્યું કે અગિયાર તો વાગ્યા જ હશે. ત્યાર પછી એક કલાકે અમારૂં ધ્યાન તૂટ્યું. નામી વંડી ઉપરથી ભફ કરતુંક ને કંઈક નીચે પડ્યું. અમારી કલ્પનામાં તો જાનવર જ સમાયું હોય, એટલે એ જ દેખાય. બંદૂકો હાથમાં લઈને અમે બંને ગોઠણ-ભર થઈ ગયા. પણ એ તો બિલાડી હતી. આછો ગુસ્સો આવી જતો રહ્યો ને તરત જ હસવું આવ્યું.

બીજો એક કલાક વીત્યો. અંધારૂં પૂરેપૂરૂં. ઝાંખું ઝાંખું ક્યારેક જોઈ શકાય. આટલો જોવાની જ અમારે તો ગરજ હતી. બિલાડાએ ચમકાવ્યા પછી વંડી તરફ પણ ધ્યાનથી જોતા હતા. ત્યાંથી જ જાનવર આવશે, એવું કલ્પેલું.

ખાટલામાં સૂતેલા જુવાને એકદમ ફાટતે અવાજે બરાડો પાડ્યો. અમે તો કંઇ વિચારી જ શક્યા નહિ. ઝટ દઈને દોડી પડ્યા. કાળા પડછાયા સમું જાનવર ખાટલો સૂંઘીને પાછું ફરતું દેખાયું. મોતીરામે ગોળી છોડી. જાનવર કૂદ્યું. બારણામાં થઈને બહાર નીકળી ગયું.

અમે તો દોડતે પગે પાછળ પડ્યા. બારણામાંથી નીકળ્યા પછી દક્ષિણ દિશા તરફ જતાં એક જ રસ્તો હતો. ઉત્તર તરફ ઊંચી ટેકરી આવતી હતી. ત્યાં જવાનો રસ્તો નહોતો. જાનવર અજાણ્યું હતું. અમને પણ પૂરી ખબર નહિ. સીધે રસ્તે દોડતા ચાલ્યા. રસ્તો થોડે દૂર જઈને એક ખાંચાના રૂપમાં પૂર્વ તરફ જતો હતો. સામે એક મકાનની દીવાલ આડી ઊભી હતી. પડખે કોઈની વંડી હતી. અમે ધારેલું કે સીધો જ મારગ હશે.

'હવે?' મેં કહ્યું. કંઈ પણ જવાબ દીધા વિના મોતીરામ ખાંચામાં ઘૂસ્યો. હું અટકી ગયો.

બીજી તરફ રસ્તો હશે કે નહિ, તે જોવા હું બીજી તરફ વળ્યો. ત્યાં તો ખૂણો હતો. એક ડગલું આગળ વધ્યો કે મારૂં હૃદય કંપી ઊઠ્યું. ભયંકર ઘુરૉટ સાંભળ્યો. પેલું જાનવર ખૂણામાં જ લપાયું હતું.

મેં બરાડો પાડ્યો. મોતીરામ દૂર પહોંચી ગયો હતો. બીજે બરાડે એણે 'આવ્યો' એમ જવાબ આપ્યો. મારા લોહીના કણે કણ કાંપી ઊઠ્યા હતા. પાછા હઠવાનું પણ ન સૂઝ્યું. બંદૂક લંબાવીને ઊભો જ થઈ ગયો. જાનવરનો ઘૂરૉટ વાઘ જેવો જ હતો. નજીક હતો એટલે તેનું શરીર પણ ઝાંખું દેખી શક્યો. દેખતાં જ કિંકર્તવ્યમૂઢ બની ગયો. આ વખતની સ્થિતિ અને ભાવ ન વર્ણવી શકાય તેવાં હતાં.

છેવટે કોઈએ અંદરથી કહ્યું, કે 'માર, માર, નહિ તો મર્યો,' અને મેં બંદૂક લંબાવી. ઘોડો દબાવ્યો ને ગોળી છૂટી. એ જ પળે જાનવર કૂદી આવ્યું. એના આગલા પંજા મારા માથા ઉપર પડ્યા. હું કૂદીને પાછળ ખસ્યો. પંજા સરી પડ્યા. માથામાં નખના ઘા પડ્યા. કપાળમાં પણ બે ત્રણ ઉઝરડા થયા.

એ જ વખતે મોતીરામની ગોળી છૂટી. મારૂં ધ્યાન એના તરફ હતું જ નહિ. તેણે જાનવરને ઘુરકતું જોયું હતું અને શિકારીના ધૈર્યથી ગોળી છોડી હતી આવે વખતે ગભરાટ કે ભય શિકારીને સ્પર્શી શકતાં જ નથી. એનું બધું ધ્યાન "મુકાબલા" તરફ જ હોય છે. કોણ હારશે ને કોણ જીતશે, એની યે એને પરવા હોતી નથી.

મોતીરામની ગોળી છૂટતાં જ જાનવર કૂદ્યું. તે આવ્યો જાણીને મેં મારો પ્રયત્ન થભાવ્યો. ઘોડો ખેંચીને ફરી ખીસામાંથી ગોળી લઈને બંદૂકમાં ભરી દીધી. ત્યાં તો મોતીરામે બીજી ગોળી પણ છોડી.

બંને ગોળી જાનવરને વાગી હશે. દોડીને તે ખૂણામાં લપાયું. અનુમાનથી મેં પણ ત્યાં ગોળી મારી.

ત્યાં તો ગામલોકો બત્તીઓ લઈને ડરતા, લપાતા, બહાર નીકળ્યા. મોતીરામે બૂમ મારીને બત્તી મંગાવી. બે ત્રણ ફાનસ આવી પડ્યાં. બત્તી ઊંચી કરીને જોયું તો ખૂણામાં જાનવર ઢળી પડ્યું હતું.

નજીક જવાની હવે હિમ્મત આવી. પણ શંકા ન રહે માટે મેં ફરી ગોળી મારી. જાનવરે તરફડાટ કર્યો.

'હવે કંઇક નિ:શંક થઈને જઈ શકીશું.' મોતીરામે આગળ ચાલતાં કહ્યું.

'હજી એક ગોળી મારવા દેને!' મેં કહ્યું.

'હવે શું છે? નકામી ગોળી બગાડવા જેવું થશે.'

આગળ મોતીરામ ને પાછળ હું જાનવર જોવા ચાલ્યા. બત્તી ઊંચી કરીને મોતીરામે જોયું. 'ઓત્તારીની! આ તો ચિત્તો!' તેણે હસીને બૂમ પાડી.

'હેં?' મારાથી આશ્ચર્યનો ઉદ્ગાર બોલી જવાયો.

ચિત્તાએ પાંચેક ગોળી ખાધી હતી. જમીન પર લોહીનું ખાબોચિયું ભરાયું હતું. **જીવરામ જોષી**

વિરાટકાય ગુરુ



ઉપર: ગુરુનો ગ્રહ અને તેના પરના પટાઓ; વચ્ચે: પોતાના ચાર મુખ્ય ચંદ્રો સાથે ગુરુ; નીચે: ગુરુના મુખ્ય ચંદ્રો–કદના પ્રમાણમાં

આખરે, ગ્રહમંડળમાં જો કોઇને 'વિરાટ' કહી શકાય તો તે ગુરુને જ. આર્યોએ દ્યૌઃ પિતર્ કે બૃહસ્પતિ કહીને, ગ્રીકોએ ઝ્યૂસ તરીકે અને રોમનોએ જ્યુપિટર (સરખાવો દ્યૌઃ પિતર્)ના નામથી અત્યંત ગૌરવાન્વિત દેવત્વ અર્પેલો એ ગ્રહ સમસ્ત સૌર જગતમાં હેબતાવી નાખે એટલો મોટો છે. પૃથ્વી જેવી સાડા તેરસો પૃથ્વીઓ અને મંગળ જેવી તો નવ હજાર દુનિયાઓ તેમાં સમાઇ જાય! પૃથ્વીથી માંડીને ઠેઠ ચન્દ્ર સુધીનું દોરડું મેળવવા આપણે કદાચ ભાગ્યશાળી થઇએ, અને એ વડે ગુરુને વીંટવા નીકળીએ તો યે ૭૦,૦૦૦ માઇલ ખૂટી પડે!

સૂર્યમાળાના બીજા બધા ગ્રહોને ગૂંદી એક કરી નાખ્યા હોય તો પણ તેમાંથી ગુરુ જેવડો ગોળો ન બને. આપણી પૃથ્વી કરતાં તેરસો ગણા રાક્ષસી કદનો એ હોવા છતાં તેનું કલેવર પૃથ્વી કરતાં એવા તો ઓછા ઘટ્ટ પદાર્થથી બંધાએલું છે કે તેનું વજન માત્ર ૩૧૭ પૃથ્વીઓ જેટલું જ થાય. અરે, એના જેવડા કદના પાણીના સમૂહનું વજન પણ એનાથી ત્રણગણું થાય!

શુક્રથી જ માત્ર ઓછો પ્રકાશિત અને મંગળથી જ ઓછો કુતૂહલપ્રેરક ગુરુનો આ ગ્રહ આકાશમાં સૂર્યથી ૪૮,૩૦,૦૦,૦૦૦ માઇલ દૂર રહ્યો છે, છતાં તેનો પ્રકાશ શુક્ર કરતાં બીજા કોઈ પણ ગ્રહથી ચડી જાય છે. બધા ગ્રહોની પેઠે એ પણ પોતાની ધરી પર ફરે છે,—પણ પૃથ્વી કરતાં તો અનેકગણી ઝડપે. આપણી માફક ચોવીસ કલાકને બદલે એ માત્ર નવ કલાક ને પંચાવન મિનિટમાં જ પોતાની ધરીની આસપાસ ફરી રહે છે, એટલે તેનો દિવસ પણ એટલો જ લાંબો હોય છે. બીજી બાજુએ, તેનું કદ પાછું ગંજાવર છે, એટલે તેની આ ગતિ અજબ કરે એવી ઝડપી છે. પૃથ્વીના વિષુવવૃત્ત પર આવેલા સીંગાપોરમાં રહેતો માણસ બેમાલૂમપણે કલાકના ૧૦૦૦ માઇલની મુસાફરી સૂર્યની આસપાસ કરે છે; જ્યારે ગુરુની ૮૮,૭૦૦ માઈલની વ્યાસરેખાવાળા વિષુવવૃત્ત પ્રદેશમાં રહેતો માણસ તો કલાકે ૩૦,૦૦૦ માઇલની મુસાફરી કરતો હોય છે!

પણ જેટલા વખતમાં એ પોતાની ધરી પર ફરી રહે છે એટલા જ ઝડપી વખતમાં કંઇ સૂર્યની પરકમ્મા એ નથી કરી લેતો. તેનો પરકમ્માપંથ એવડો જબરો છે કે તે પૂરો કરતાં તેને ૪,૩૩૩ દિવસ લાગે. અને એ પૂરો થાય ત્યારે જ તેનું એક વર્ષ થયું ગણાય.

ગુરુનાં કદ અને પ્રકાશ એટલાં તો વિપુલ છે કે કોઇ સાધારણ દૂરબીનથી યે તેની દર્શનસમૃદ્ધિનો આનંદ સહેજે મેળવી શકાય. તમે દૂરબીન માંડી જોશો તો તેની આખી સપાટી એક પ્રકારના સમાંતર પટાઓથી ઘેરાએલી જણાઇ આવશે. એ કાર્બન ડાયૉક્સાઇડ વાયુના બનેલા ધારવામાં આવે છે. અજાયબી તો એ છે કે એ પટાઓનાં રંગ અને પહોળાઇનો ક્રમ બદલાતો જ રહે છે. અને તે યે બધાનો એક સાથે કે એક સરખો નહિ, પણ અલાદીનના જાદુઇ ફાનસની જેમ એક પટો લાલ બને છે તો બીજો ભુરો, ત્રીજો નારંગી તો ચોથો સફેદ! વળી એ પટા પર જણાતાં ચિહ્નો પણ કોઈ વખત એકી સાથે ફરે છે તો કોઇ વખત કલાકના ત્રણસોથી ચારસો માઇલની ગતિથી એકબીજાંથી દૂર નાસતાં જાય છે! કયારેક તો દસ હજાર માઇલ સુધીની લંબાઇ ધરાવતા એ પટાઓ પરનાં આ ચિહ્નો યે સ્થાયી તો નથી જ. થોડો વખત તે જણાય છે, પછી લાલાશ પકડતા જતા ખૂબ લાલ બની પાછા અદૃશ્ય થઇ જાય છે!!

હજુ સુધી આ પટાઓ વિષે કશો ચોક્કસ નિર્ણય થયો નથી, કેમકે ગુરુનું બહારનું પડ હમેશાં વરાળ ને વાદળાંઓથી ઘેરાએલું જ રહે છે. બીજું કારણ તે પરનાં દૃશ્યોની અસ્થિરતા પણ ગણી શકાય

લાલ તો એ પટાઓને ગ્રહ પરના નાના મોટા જુવાળો માનવામાં આવે છે.

આ પટાઓ કરતાં યે ગુરુને અચરજરૂપ બનાવનાર તો તેની સપાટી પર જણાતો એક લાલ ડાઘ છે. મંગળના ગ્રહે જેમ પોતા પરના સીધા આંકાઓથી કુતૂહલ ઊપજાવ્યું છે તેમ આ ગ્રહે એ લાલ ડાઘથી ઊપજાવ્યું છે. પહેલવહેલો ઇ. ૧૮૫૭માં ડેવિસ નામના ખગોળશાસ્ત્રીની નજરે એ ડાઘ ચડેલો. પાછો એ ગુમ થઇ ગયો તે ઇ. ૧૮૭૮ની સાલમાં ફરીથી દેખાયો અને એ સાલથી જ બ્રિટિશ ખગોળમંડળનું નિરીક્ષણખાતું તેનું નિરીક્ષણ કર્યા કરે છે. એ મંડળના જાહેર કરવા મુજબ એ અંડાકાર ડાઘનાં કદ, રંગ, ગતિ વગેરેમાં ફેરફાર થયા જ કરે છે. શરૂઆતમાં આછા ગુલાબી રંગમાંથી પલટાતાં પલટાતાં તે છેવટ લાલ ઘૂમ બની ગએલો, એટલે તેને Great Red Spotના નામે ઓળખવામાં આવે છે. આપણી પૃથ્વી પર જે સ્થળે ઑસ્ટ્રેલિયા આવ્યું છે એ જ સ્થળે ગુરુના પૃષ્ઠ પર એ ડાઘ આવેલો છે.

ત્રીસ હજાર માઇલ લાંબા ને સાત હજાર માઇલ પહોળા એ ડાઘ બાબતમાં ઘણુકોનું માનવું એવું છે કે તે ઠરીને ઘન બનેલો ગુરુ પરનો કોઇ ઉચ્ચ પ્રદેશ છે. 'એક ગ્રહનો વિકાસ' નામક ગ્રંથનો લેખક એડ્વિન ગ્રુ તેને પ્રવાહી પૃષ્ઠ પર તરતા ટાપુ તરીકે ઓળખાવે છે. તેના સતત નિરીક્ષણથી માલૂમ પડ્યું છે કે તે સમશીતોષ્ણવૃત્ત તરફ ધસતો જાય છે. ધસતાં ધસતાં તે જે માર્ગ કરતો જાય છે તે પણ જોઇ શકાય છે. મોલેસ્વર્થે ઇ. ૧૯૦૧માં સમશીતોષ્ણવૃત્તમાં નોંધેલા એક ડાઘના આકર્ષણને જ એ ધસાણ આભારી હોય એમ મનાય છે, એટલે એ નવા ડાઘને Tropical disturbanceનું નામ અપાયું છે. સંતાકુકડીની રમત ન રમતો હોય તેમ ઇ. ૧૮૭૮ પછી ઝાંખો પડતો જઇ એ લાલ ડાઘ અદશ્ય થઇ ગએલો, તે ફરી ઇ. ૧૯૧૯માં નજરે પડયો. થોડો વખત ટકી વળી અદશ્ય થતો જઇ ૧૯૨૭માં પાછો તે ચમકયો ને આજે વળી ઝાંખો થતો જાય છે. આવી સ્વચ્છંદતાને કારણે જ તેનું રહસ્ય મંગળ પરના આંકાઓ જેમ હજુ અણઉકેલ રહ્યું છે.

જેવું એનું કદ વિરાટ છે એવો જ ગુરુનો પરિવાર પણ વિપુલ છે. પૃથ્વીએ એક અને મંગળે બે જ ચંદ્રોથી જયારે સંતોષ માન્યો છે, ત્યારે એણે તો નવ નવ ચંદ્રને પોતાની આસપાસ ફૂદડી ફરતા રાખ્યા છે. તેમાંના પહેલા ચાર તો ઇ. ૧૬૧૦માં ઇટલીના ખગોળશાસ્ત્રી ગેલિલીઓએ શોધી કાઢેલા, એટલે હજુ યે એ 'ગેલિલીઓના ચંદ્રો' તરીકે જ ઓળખાય છે. તેમનાં નામો અનુક્રમે આયો, યુરોપા, ગૅનિમીડ અને કૅલિસ્ટો. પાંચમો ચંદ્ર ઇ. ૧૮૯૨માં અમેરિકાની લિક વેધશાળામાં પ્રો. બર્નાર્ડે શોધી કાઢયો છે. તે એટલો તો નાનો છે કે ખૂબ જ શક્તિશાળી દૂરબીન હોય તો જ દેખી શકાય છે. છેલ્લા ચારે ચન્દ્રો આ સદીમાં જ શોધાએલા છે.

'ગેલિલીઓના ચંદ્રો'માંનો એક યુરોપા જ આપણી પૃથ્વી જેવડો છે; બાકીના ત્રણે તેથી મોટા છે. ગૅનિમીડ સૌ કરતાં મોટો છે, ને આપણા ચંદ્રની પેઠે જ તે પોતાની ધરી પર પણ ફરે છે. પ્રો. બર્નાર્ડે શોધેલો ચંદ્ર ગુરુની નજીકમાં નજીકનો ચંદ્ર છે. તેનો વ્યાસ માંડ સો માઇલનો હશે. એક ચંદ્ર તો ફક્ત પંદર માઇલના વ્યાસનો જ છે! સૌથી છેલ્લો ચંદ્ર ગુરુથી દોઢ કરોડ માઇલ છેટે છે. એ અને એની નજીકનો એક બીજો ચંદ્ર તો વળી કુદરતના નિયમમાં પણ અપવાદ ઊભો કરે છે. સૂર્યની આસપાસ ગ્રહો અને ગ્રહોની આસપાસ ચંદ્રો જે દિશામાં ફરે છે એથી ઊલટી જ દિશામાં આ છેલ્લા બે ચંદ્રો ગુરુની પરકમ્મા કરે છે!

અને કદાચ દસમા ઉપગ્રહની નવાજેશ પણ ગુરુને થાય! આપણે જોઈ ગયા તેમ પેલો લાલ ડાઘ એની અંદર ફાવે તેમ કૂદાકૂદ કરી કરી રહ્યો છે. એ કૂદાકૂદ કરતાં એક જબ્બર કૂદકો મારી ગુરુને એ છેલ્લી સલામ કરી જાય એ સંભવિત છે. સ્ક્રિવન બોલ્ટન તો કહે છે કે 'ચોક્કસ એમ જ બનવાનું, ને પૃથ્વીના કોઇ પણ ભાવિ કાળે ગુરુના દસ ચંદ્રો ગણાવાના!' એમ થાય તો આપણી પૃથ્વીથી ચાર ગણો મોટો એક નવો ચંદ્ર ગુરુને મળે!

સૂર્યને ગુરુ પરથી જોતાં તે પૃથ્વી પરથી દેખાય છે તે કરતાં પાંચમા ભાગનો જ, એક સફેદ રકાબી જેવો નજરે પડે. સૂર્યથી તે આટલો દૂર હોવાને કારણે, સૂર્યમાંથી આપણને મળતાં પ્રકાશ અને ગરમી

કરતાં ગુરુને સત્તાવીશમા ભાગનાં જ મળે છે. પહેલાં તો તેને સ્વયંપ્રકાશી ગ્રહ જ ધારવામાં આવતો, પણ કોઇ ઉપગ્રહ તેની કક્ષામાં આવતાં તેના ઓળામાં તે ઢંકાઇ જતો માલૂમ પડ્યો ત્યારે આ માન્યતા ખોટી ઠરી.

તેની સપાટી વિષે પણ હજુ કશો ચોક્કસ નિર્ણય આપી શકાય તેમ નથી. આપણે એટલું તો અનુમાની જ શકીએ કે પૃથ્વી જેટલો તે ઠંડો હજી નથી પડ્યો. વરાળ, વાદળાં ને ધુમ્મસથી ઘેરાએલી તેની સપાટી ભેદી હજુ અંદરનું નિરીક્ષણ કરવું શક્ય નથી બન્યું. વળી તેના પર જણાએલા ડાઘોમાંના એક ડાઘે સાડા નવ કલાકે પ્રદક્ષિણા પૂરી કરી, જ્યારે બીજા ડાઘને તેમ કરતાં ૭ મિનિટ વધુ લાગી. આ પરથી આપણે જાણી શકીએ કે તેનો સળંગ જથ્થો એક સામટો ફરતો નથી રહેતો. તેના રેખાંશ નક્કી નથી કરી શકાયા તેનું પણ આ જ કારણ.

હાલના પ્રખ્યાત ખગોળશાસ્ત્રી ને ગણિતિ સર જેમ્સ જીન્સ તો વળી એક નવી જ માન્યતા રજૂ કરે છે. ગુરુના ગ્રહમાંથી આપણને મળતી ગરમી શૂન્યથી યે ૨૭૦ ડિગ્રી નીચી હોવાના આધાર પર તે જણાવે છે કે તે બીલકુલ ઠરી ગએલો ગ્રહ છે. એનું ઉષ્ણતામાન પણ એટલું ઠંડું છે કે એકલું પાણી નહિ પણ ગૅસ પણ તેથી જામી જાય. જો કે આ માન્યતા જ છે, કારણ કે વાતાવરણની શીતોષ્ણતા પરથી એના કલેવરનું ભાવિ ભાખવું એ વધુ પડતું ગણાય. એમ તો આપણી પૃથ્વીના વાતાવરણનું સૌથી ઉપરનું વાતાવરણ અને સિરસ વાદળાં ક્યાં શીત અણુઓનાં નથી બનેલાં? ને એ બધાની ઉપર તો કેટલી ઊંચાઇ સુધી એથી યે વધુ નાઇટ્રોજનનું પડ પથરાએલું છે. એટલા ઉપરથી મંગળગ્રહવાસી કોઈ નિરીક્ષક આપણી પૃથ્વીનો એક ઠરી ગએલા ગ્રહ તરીકેનો આંક મૂકે તો આપણને કેવું લાગે?

અને હવે છેલ્લો સવાલ. માણસની વસતિ ગુરુ પર સંભવે ખરી કે નહિ? સર જેમ્સ જીન્સની માન્યતા જો સાચી ઠરે તો તો તેવો ઉહાપોહ પણ નકામો જ છે. પણ જો હજુ પૃથ્વીની હરોળમાં ઊભી શકે એટલું તેના પૃષ્ઠનું શીતભવન ન થયું હોય તો એ સંભાવના ખરી. હાલની સ્થિતિમાં તો તે પર કશા જાતની સજીવતા હોવાનું યે ન માની શકાય, તો માણસની હસ્તીનું ક્યાં પૂછવું? માણસો સંભવશે ત્યારે યે આપણા જેવા ઓછા જ હશે. તેની વિપુલતાને લીધે પૃથ્વી કરતાં ગુરુત્વાકર્ષનું ખેંચાણ ત્યાં ચૌદસોગણું વધારે રહે છે એટલે તેના પ્રમાણમાં જ કશી યે સજીવતા નિષ્પન્ન થઇ શકે. ત્યાંના પ્રાણીઓનું કદ તો અમુક હદમાં જ રહે, જ્યારે વજન એટલું બધું હોય કે એટલા વજનનું કોઇ પ્રાણી પૃથ્વી પર હોય તો દોડવા કે ચાલવાની વાત તો બાજુએ રહી, પણ પડ્યું હોય તો પોતાની મેળે બેઠું પણ ન થઇ શકે! આપણા પૃથ્વી પરના વસવાટને લીધે જ ત્યારે આપણે ભાગ્યશાળી છીએ એમ કોણ નહિ કહે?!

'અનિકેત'

આચમણું

વકીલોની લુચ્ચાઇ બાબતની એક એવી કહાણી પશ્ચિમમાં ચાલે છે કે કોઇ એક વકીલે સ્વર્ગમાં જવા માંડ્યું પણ દરવાજા પર ચોકીએ ઊભેલા ફિરસ્તાએ તેને અટકાવ્યો ને તેની કરણી એ જગ્યાને લાયક ન હોવાનું જણાવ્યું. થોડી વાર રહી, ફિરસ્તાની નજર ચૂકાવી વકીલે તો પોતાની ટોપી દરવાજામાંથી અંદર ઘા કરી દીધી ને તે પાછી લેવા કાલાવાલા કરવા લાગ્યો. ફિરસ્તાથી ચોકીની જગ્યા છોડાય એમ નહોતાં તેણે ટોપી લઈ લેવાની તેને રજા આપી. પણ ટોપીને બહાને વકીલ તો સ્વર્ગમાં ભરાયો તે ભરાઇ જ બેઠો!

દુનિયાના આજસુધીમાં ઠગાઈના બનેલા બધા દાખલાઓથી ચડી જાય એવો દાખલો ઇંગ્લંડના શાંકી વિલિયમ્સનો છે. જરીપુરાણી ચીજોના વેચાણમાંથી તે લાખોની મિલકત કમાએલો. તે મરવા પડ્યો ત્યારે મુડદાં ખરીદનાર ત્રણ ધણીઓને જુદા જુદા બોલાવી દરેકને પોતાનું મુડદું ત્રણ ત્રણ ગિનીએ તેણે વેચેલું. આ ઠગાઈ તેના મર્યા બાદ જ જાહેર થઈ.

'સાહેબ, એક રૂપિયો ઉછીનો આપો તો?'

'મને બહુ નવાઇ લાગે છે કે આપણે બંનેને અરસપરસ કંઇ ઓળખાણ ન હોવા છતાં . . .'

'એ જ સાચું કારણ છે, સાહેબ! મને ઓળખે છે તેઓ તો કંઇ ઉછીનું આપતા જ નથી!'

અત્યારે દુનિયાના નકશાના રંગો વારંવાર બદલાતા હોવાથી, મામલો થાળે ન પડે ત્યાંસુધી નકશો ન ખરીદવાનો મિ. રસિકલાલે નિર્ણય કર્યો છે.

જીવનનું પરોઢ

ભાગ બીજો - પ્રકરણ આઠમું : કેવી મઝા હતી !

છુટ્ટીના સાત દિવસો તો જોતજોતાંમાં પસાર થઇ ગયા. પણ ઘણી વાર કેટલીક ક્ષણોનું ચિત્ર સ્મરણપટ ઉપર વરસો કરતાં યે લાંબુ પહોળું છવાઇ રહે છે તેમ એ સાત દિવસનું સ્મરણ મને રહી ગયું. કારણ, જે ટૉલ્સ્ટૉયવાડીને મેં જોઇ ન હતી તે મને એ દિવસોમાં જોવાથી યે વધુ પરિચિત બની ગઇ. હું પણ જાણે વરસો સુધી ટૉલ્સ્ટૉયવાડી રહી આવ્યો હોઉં એવી લાગણી મને ટૉલ્સ્ટૉયવાડીના આ ગોઠીઆઓ વચ્ચે ભળી જતાં ઉપજી.

છુટ્ટીના એ દિવસો દરમિયાન ત્રણ ટોળીઓ પડી ગઇ હતી. એક મોટા છોકરાઓની, બીજી નાના છોકરાઓની અને ત્રીજી મોટાઓની. પૂજ્ય બાપુજી તથા મોટી ઉમરના બીજા સૌને માટે અઠવાડિયું છુટ્ટીનું નહિ પણ તડામાર કામનું હતું, જેથી સાત દિવસમાં નિશાળ અને બીજાં કામો રીતસર ચાલુ થઇ જાય. પોતાના કામમાં ગૂંથાએલા મોટેરાઓ ભાગ્યે જ નજરે પડતા કે વાતો કરતા સંભળાતા. ફીનિક્સમાં જાણે કોઇ મોટું છે જ નહિ, છોકરાઓ જ છોકરાઓ છે એવું લાગતું. બાપુજી પણ ક્યાં યે વરતાતા ન હતા. મોટા છોકરાઓની ટોળી સવારે નહાવાધોવામાં અને બપોરે પડ્યાપાથર્યા રહી બગાસાં ખાવામાં સાત દિવસનો ભરપૂર ઉપયોગ કરી રહી હતી. નાના છોકરાઓની ત્રીજી ટોળી દિ ઊગ્યાથી આથમ્યા સુધી રમતમાં મસ્ત હતી. હું એ ટોળીમાં મૂંગો સાંભળનારો અને ઠોઠ રમનારો હતો. મારો દાવ કદી આવતો નહિ અને ભૂલેચૂકે આવી જતો તો ટૉલસ્ટૉયવાડીના હોશિયાર છોકરાઓ એટલી બધી દયા વરસાવતા કે મારા હાથપગ ઢીલા પડી જતા.

ક્રિકેટ અને નવ નાગોલિયો—જેને ત્યાં 'પ્રાટિન્સ' કહેતા, એ અમારી મુખ્ય રમત હતી. રમીને થાક ખાવા બેસતા કે ટૉલસ્ટૉયવાડીના સંભારણાં તાજાં થતાં. એ સંભારણાં તોફાની ટોળીનાં જ મુખ્યત્વે હતાં, છતાં એનો થોડો નિચોડ આ પ્રકરણમાં આપું છું. બાપુની શાળાની એ ભૂમિકા પણ અણ-છતી ન રહેવી જોઇએ.

ભટ્ટ પ્રેમાનંદે જેમ વર્ણવ્યું છે તેમ એ વાર્તાલાપ 'તને સાંભરે રે?' અને . . . 'મને કેમ વીસરે રે?' એ સનાતન સ્વરૂપમાં જ થતો.

એમાં ત્યાંના એક 'ફૉર્ટી ટન બોસ્ટર'ની કથા કોઇ વિદુષકના જેવી હતી. દુર્ભાગ્યે એ મિત્રનું અસ્તિત્વ હવે આ દુનિયામાં નથી, પણ ત્યારે અમારામાં એ પ્રસિદ્ધ વ્યક્તિ હતો. તેને દરેક વાતમાં પોતાનું મહત્ત્વ વધારવાની બહુ હોંશ રહેતી. દરેક વસ્તુમાં કંઇક નવું અને વધુ કહેવાનું તેને હોય જ. ટૉલસ્ટૉયવાડીના વીસવીસ ને પચીસપચીસ માઇલની મજલો કાપવી એ સાધારણ વાત હતી. છોકરાઓ ને મોટાઓ કોદાળી પાવડાએ પણ ખૂબ મથતા. ખોરાક પણ ખૂબ હતો. અને શરીર તગડું કરવાની હોંશ પણ ખૂબ હતી. એટલે અવારનવાર સૌ જોખાતા. ભાઇ 'ફૉર્ટી ટન' જેટલો હોશિયાર પોતાને માનતો એટલો જ શ્રદ્ધાળુ હતો. એક વાર સૌ તોળાવા ગયા ને બધાએ ભેળા મળી તેને બનાવ્યોઃ 'તારું વજન તો ચાળીસ ટન છે!' ગણિતમાં તે ભાઈ શીખેલો કે ટન એ બહુ મોટું તોલ છે; પણ એ કેટલું મોટું તેની અટકળ ભાઈને નહિ; એટલે માની બેઠા. અને પછી જ્યાં ત્યાં બડાઇ હાંકવા માંડ્યા કે હું તો 'ચાળીસ ટનનો છું!' દોડીને બાપુજીને પણ કહી આવ્યા અને પોતાના વિનોદી સ્વભાવ પ્રમાણે બાપુજીએ પણ તેને બનાવ્યો. ત્યારથી એ ભાઇનું નામ 'ચાળીસ ટન' પડી ગયું તે તેને ચોંટ્યું જ. બહુ મોડેમોડે એને જણાયું કે આ તો મશ્કરી થઇ.

એવી જ એની બીજી એક બડાઇ એ ચાલતી કે હું તો એક રાતમાં બાવન માઇલ ચાલ્યો. ભાઇ એકવાર ભૂલા પડેલા અને એક ગામથી બીજે ગામ રખડતાં માંડ સવારે ટૉલસ્ટૉયવાડી પહોંચ્યા. ૧૫-૨૦ માઇલ ચાલ્યા હશે પણ ભાઇએ ગણી કાઢ્યા

પર માઇલ. એની સાથે મારી મિત્રતા સારી પેઠે વધેલી અને મારો ખ્યાલ છે કે બાપુજીની શાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં એ ઠોઠ વર્ગમાં તો નહોતો જ. એના જેવા અમે અનેક હતા, જેમના વિકાસને સારુ બાપુજી રાતદહાડો તનતોડ મહેનત કરી રહ્યા હતા.

ફીનિકસ આવેલા વિદ્યાર્થીઓ બધા ચડતી પંક્તિના હતા. ફાર્મમાં ઠીકઠીક ઉતરતી પંક્તિના છોકરાઓ બાપુજીને માથે પડેલા. એ મધરાતની ચોરીઓની વાતો પરથી જણાયું. બાપુજી જાતે રાંધીને જાતજાતની વાનીઓ કરીને માબાપ વિહોણા છોકરાઓને લડાવતા. અલૂણા જેવા પ્રયોગોથી અકળાવા ન દેવા માટે પોતાની બધી મિઠાશ વાપરતા. છતાં યે પ્રત્યાઘાત થતો જ. કોઠારમાંથી સીધુંસામાન આવતું, અને અવૈષ્ણવ એવા હિન્દુ તથા મુસલમાન રસોઆઓ દ્વારા તળાવમાંથી માછલીઓ આવતી. છાત્રાવાસમાં અધરાતે છાની ઉજાણી થતી. આમાં સારા છોકરાઓ ન ભળતા, પણ બાપુજી પાસે વાત કોઇ ન પહોંચાડતું. પણ ઊતરતી પંક્તિના એ ભાઇઓ ટ્રાન્સવાલમાં જ રહી ગયા. ફીનિકસ ન આવ્યા એ વિષેનું ભારે સમાધાન અમારી એ ટોળી પોતામાં પ્રગટ કરતી.

છોકરાંઓની પોતપોતામાં ચાલતી ધીંગામસ્તી કરતાં યે શિક્ષકોને પજવ્યાની કહાણીઓ બહુ રસભરી અને ઉત્સાહભરી હતી. મિ. કેલનબેકની ધાક બહુ ભારે હતી. તેમના હાથ નીચે કામ કરવું લોઢાના ચણા ચવા સમું હતું. કોદાળી તો કોદાળી. કાતર લઇને કામે ચડે તો યે સાથે કામ કરનારા હાંફી જાય. ફળઝાડોની ડાળીની છાંટ એવી સફાઇથી અને ઝડપથી કરે કે એ ડાળો ઠેકાણે પહોંચાડવા ત્રણ જુવાનો માંડ પૂરા પડે. એમની સાથે પોતાની વારી ન આવે એવી ચિંતા રાખનારને તેઓ ખાસ પકડે મજા તો કામ પૂરું કરી મધ્યાહ્નને ભોજન પર મિ. કેનલ બેક અને બાપુજી બેસે ત્યારે આવે. બરાબર દોઢ કલાક સુધી એ ફળાહાર ચાલે. ચોવીસ કલાકનું એ એક જ ભોજન, સાવ મીઠા વિનાનું, મરી–મસાલા વિનાનું, દૂધ–ઘી વિનાનું, ખાંડ–ગોળ વિનાનું અને અનાજ કે કઠોળ વિનાનું; એટલું જ નહિ. પણ મોટે ભાગે રાંધ્યા વિનાનું; છતાં એટલું રસભર્યું કે મોટાં મોટાં ભોજન પણ એની પાસે ફિક્કાં પડે. મગફળી અને કેળાં તનતોડ મજૂરી પછી, ભરપેટ લેતાં ચાવી ચાવીને ખાતાં દોઢ કલાકમાં ભોજન ઉકલી જતું તો યે ઝડપથી ઉકેલ્યું ગણાતું. બાપુજીનું અને કેનલબેકનું ભોજન ચાલતું હોય એટલો વચગાળો છોકરાઓને છૂટેદોર આનંદ કરવાનો. એ પછી નિશાળ ચાલે.

ફાર્મની નિશાળમાં ભણતર નહિ જેવું જ હતું એમ કહેવાય. ફીનિકસ આવ્યા પછી એ વધ્યું. ફાર્મમાં તો સાધારણ લખવા વાંચવા પૂરતું જ ચાલતું. જુદી જુદી શ્રેણીના અનેક વિદ્યાર્થીઓ સાથે ભણતા. સત્યાગ્રહી કેદીઓનાં બાળબચ્ચાં ટૉલસ્ટૉયવાડીમાં રહેલાં તેમનાં નાનાં બાળકોને કાખમાં તેડી વિવિધ ભણતર ભણનારાઓને શાંતિથી ભણાવ્યે જતા. વિદ્યાર્થીઓ પણ આવી ચિડીયાઘર જેવી પાઠશાળામાં બાપુજી પાસે તો શાણા બની ભણતા; પણ તેઓ ગેરહાજર હોય ત્યારે બીજા કોઇ શિક્ષકને દાદ ન મળતી.

ઘણી વાર એવું બનતું કે બાપુજી ન હોય ત્યારે નિશાળ બેસાડવાનો જ વારો ન આવે. તોફાની ટોળી મનમાં ગાંઠ વાળે અને તૈયાર થએલી બધી રસોઇ સફાચટ કરી નાખે, ને વધુ ખાવાનું માગે. રસોડામાં ફરી તપેલાં ચડે. છોકરાઓ ક્રિકેટ રમવા અડપે અને ખાધેલું પચાવી નાખે. બીજી વારની રસોઇ તૈયાર થાય ત્યાં ભૂખ્યાના ભૂખ્યા. બીજી વારની રસોઇ ચટ કરી જાય ને શિક્ષકોને પોતા માટે ત્રીજી વાર ચૂલો ફૂંકવાનું આવે. આમ સાંજ પડે ને નિશાળમાં છુટ્ટી રહે.

પગપ્રવાસો પણ અસાધારણ હતા. ટૉલસ્ટૉયવાડીથી જોહાનિસબર્ગ ૨૧ માઇલ. રાત્રે બબ્બે વાગ્યે ઊઠી સૂર્યોદય થતાં ત્યાં પહોંચવાનું હોય. કોણ વહેલું પહોંચે તેની શરતો ચાલે. એક વાર જમનાદાસ કાકાએ ચાર કલાક ને ચાળીસ મિનિટમાં એટલી મજલ કાપી, મિ. કેલનબેકને પાછળ પાડેલા અને ઇનામ લીધેલું. પાણી પર બરફના પોપડા બાઝી જાય એવી ઠંડીમાં બૂટમોજાં વિના થએલા આ પ્રવાસો મોટામાં મોટી મર્દાની શરતોથી જરા યે ઊતરતા ન હતા. પણ તેમાં યે બાપુજીનો કડપ ભારે હતો. એક વાર કેલનબેક સાહેબે ચાર કલાક પાંત્રીસ મિનિટથી યે ઓછા વખતમાં પ્રવાસ પતાવવાની હામ ભીડી. ટૉલ્સ્ટૉયવાડીથી પીઠ પર બગલથેલો જમાવી તેઓ નીકળ્યા. થેલામાં ટીમણ હતું; પણ તે ખોલી તેમાંથી શીરામણ

કરવામાં વખત જાય એટલે એમણે એ કડાકૂટ છોડી ખિસ્સામાંથી ચાંદીનો સિક્કો ફેંકી, રસ્તાની દુકાનેથી નાસ્તો લઇ ચાલતે ચાલતે ચવેણું કર્યું. ચાંદીના સિક્કાનું પાછું પરચુરણ લેવા યે ન રોકાયા, અને ધાર્યા પ્રમાણે મજલ બહુ વહેલી કાપી કાઢી. પણ બાપુજીને ખબર પડી ત્યારે તેમણે કેલનબેક સાહેબને ખૂબ ઉધડા લીધા કે એવી સાહેબી શી કે ખાવાનું ખિસ્સામાં ધર્યું રહે ને દુકાનનું ખાવું! સાહેબ રોવા જેવા થઇ ગયા.

કેલનબેક સાહેબના અને બાપુજીના આવા ઝગડાઓ તો ચાલ્યા જ કરતા. પરોઢિયે જવું હોય. શો સામાન સાથે લેવો અને શો ન લેવો એની રકઝકમાં ઘણી રાત વીતી જાય. ચાલવાની તયારી થઈ રહે. માંડ ઝોલું લે ન લે, ત્યાં પરોઢના બે વાગે ને બંને બહાર નીકળી પડે. બાપુની ઝડપ કેલનબેક સાહેબ જેટલી નહિ, તો યે પાંચસાડા પાંચ કલાકમાં તો બાપુજી પણ એકવીસ માઇલનું એ અંતર કાપી કાઢતા!

સવારે ચાલીને જોહાનિસબર્ગ ગયા હોય ને સાંજે રેલગાડીમાં પાછા આવવાનું હોય. એક વાર ટૉલ્સ્ટૉયવાડીના ઘણા છોકરાઓ સાથે બાપુજી પાછા ફરતા હતા, ત્યારે સાથે એક કોથળો મગફળીનો હતો. ગોરા રેલવે અધિકારીએ કજીઓ માંડ્યો. કહે કે એનું ભાડું આપો. બાપુજીએ હસીને ના પાડી. પણ પેલાએ હઠ પકડી. બધા છોકરાઓને બાપુજીએ ખોબે ખોબે મગફળી વહેંચી આપી અને કોથળો ખાલી થયો. પેલો ટિકિટ કલેક્ટર તો એવો ચાટ પડ્યો કે રાતોપીળો થતો ત્યાંથી ચાલ્યો ગયો. ટૂંકમાં, ટૉલ્સ્ટૉયવાડીમાં ઉત્સાહ, જોમ અને આનંદ ઉભરાતો હતો. જીવનની કઠણમાં કઠણ તપશ્ચર્યાને ત્યાં કોરી ન થવા દેતાં બાપુજીએ રસ ભરેલી કરી મૂકી હતી. જીવનમાં જોમ હતું; વાસી અને ચીમળાએલો એ ત્યાગ ન હતો.

ટૉલસ્ટૉયવાડીની વાતો સાંભળતાં હું તો ધરાતો જ ન હતો. જ્યાં બે જણ વચ્ચે વાત ચાલતી હોય ત્યાં પહોંચી જઇ એ ઇતિહાસના રસમાં મહાલું. આમ જોતજોતામાં અઠવાડિયું પૂરું થયું અને રવિવાર આવ્યો.

રવિવારે નાના મોટા સૌ નાળા પર નહાવા ગએલા. કપડાં ધોવાઇ ગયાં અને નહાવાનો વખત થયો ત્યાં હાથમાં વાળ કાપવાનો સંચો લઇ બાપુજી આવી પહોંચ્યા. એક મોટી સેંથીવાળા અને રૂપાળા ગુચ્છાવાળા છોકરાને બોલાવ્યો અને ચારપાંચ મિનિટમાં તેના માથાના વાળ સફાચટ થઈ ગયા. બધા છોકરાઓમાં છૂપો હાહાકાર મચી ગયો. પોતાના મહા મહેનતે પાળેલા વાળ બચાવવા નાની સરખી દલીલ જેણે કરી તેની સાથે જરા યે ચર્ચામાં ઊતર્યા વિના અને ધમકાવ્યા વિના બાપુજીએ તેને સમજાવી દીધું કે આજથી વખત બદલાયો છે. હવે જૂના ચેનચાળા વિસારે પાડવાના છે. એ વિસારવા ન પોસાય તો આવતી કાલથી શરૂ થનાર નવા સત્રમાં જોડાવાનું માંડી વાળો ને ઘર ભેગા થાઓ. અર્ધા પોણા કલાકમાં તો વીસ પચીસ જણાને મૂંડી, ઝપાટા ભેર આગલો કાર્યક્રમ પૂરો કરવા બાપુજી મોટે ઘેર (રસોડે) પહોંચ્યા.

છોકરાઓ છુટ્ટી અને લહેરના દિવસોનો કઠણ હૈયે ત્યાગ કરી નાહી પરવારી તેમની પાછળ પહોંચ્યા. વાતો, ગપ્પાં વગેરે સૂકાઇ ગયું. સૌ મૂગેમૂગા કામે ચડ્યા.

(ચાલુ) પ્રભુદાસ છ. ગાંધી

શિક્ષક: મૂર્ખાઓના પ્રશ્નોના જવાબ વિદ્વાનો પણ નથી આપી શકતા.

એક વિદ્યાર્થી: હા, સાહેબ, એથી તો હું ગયા વર્ષે નાપાસ થયો!

એક સાક્ષીની ઊલટ તપાસ લેતાં વકીલે પૂછ્યું, 'તમે જોએલો માણસ બહુ ઊંચો હતો?'

સાક્ષી: બહુ ઊંચો તો નહિ, આપના જેટલો!

વકીલ: તે દેખાવડો હતો?

સાક્ષી: ના, એથી ઊલટું જ. લગભગ આપના જેવો જ પણ નાક કંઈક ઘાટીલું હતું!!

વકીલ: તે આંખે ત્રાંસું જોતો હતો?

સાક્ષી: સહેજસાજ, પણ આપના કરતાં તો ઘણું ઓછું!!!

ન્યાયાધીશ ને પ્રેક્ષકોના હાસ્ય વચ્ચે વકીલે વધુ ઊલટ તપાસ મુલતવી રાખી.

કનુ: અને આ અમારો સંગીતખંડ.

મહેમાન: શું કહ્યું? અહીં વાજિંત્ર તો એકે જણાતું નથી.

કનુ: બરાબર છે; પણ અમારા પડોશીનો રેડિયો અહીં સ્પષ્ટ સંભળાય છે.

નાનુ: કેવો સરસ સૂર્યાસ્ત છે?

અરુ: મને તો થાય છે કે બસ ચોવીસે કલાક જોયા જ કરું!



હોળી-ધૂળેટી

હોળીખેલનના પૂર્ણચંદ્ર શા પ્રફુલ્લતા પ્રમોદ પછી ધૂળેટીના દિવસની
ગંદી ને ક્ષુદ્ર રમતોને એ ચંદ્રના કલંકની ઉપમા આપતું કાવ્ય

• પૃથ્વી •

ગુલાલ નભ-આંગણે નવ હતું ઊડયું, ત્યાં ચડયા
દિગન્તભર ગ્રામ્ય–ગીત–સુર ઢોલતાલે ભળ્યા.
ગુલાલ ગગને ઊડયુંઃ પછી વસુંધરા યે બની
થલેથલ વસંતનતનથી મસ્ત, ને રંગીલી
ગુલાલ વળી કેસુડે. જીવનરંગને માણતાં
વહ્યો દિવસ રાત બે પ્રહર.

રાત પૂરી થઈ:
દિગન્ત ભરતાં હતાં હજી ય ગ્રામ્ય ગીતો મીઠાં:
ત્યહીં સભર ધૂળ કાદવ ઉછાળતાં, કંઈકનું
અજાણતણું મોં મળી થકી લપેડતાં માનવી
ફરી વળી ઉરાંગ'ટંગ બનિયાં: ધરા પે બધે
દડાદડી હતી, ભયસ્થિતિ હતી, હતી ક્ષુદ્રતા.
પ્રમોદ જીવને ઉગ્યો પુરણચંદ્ર શો તો પછી
કલંકતણી ક્ષુદ્રતા વગર કેમ ચાલી શકે?

રાજેન્દ્ર

કામના

• મિશ્રોપજાતિ •

મારી, પ્રભુ! મંગલ એક કામનાઃ
વિચારના ઝુંડ ભલે મળે ના,
વિશુદ્ધિ તેની તદપિ ન લોપશો;
વાણીફુવારા કદિ કો છૂટે ના,
ગંભીરતા તેની કદિ ન ભાંગશો.

કર્મો તણો વેગ બતાવી ના શકું,
નિષ્કામતા તેની છતાં ન રોધશો;
મહા અતિ ગંભીર મૌનમાંથી,
વહી રહે જીવનકેરૂં ગાન
ટૂંકું ભલે, આજ જ એ વિરામો,
છેલ્લા ગ્રહો આપ જ અર્થ એના;
મારી, પ્રભુ! મંગલ એ જ કામના.

'મોહિનીચન્દ્ર'

પરોઢિયે

• ઝૂલણા •

પૂર્વ આકાશમાં રંગ–ટશરો ફૂટી,
ઝાકળે તેજનાં ગાન ઢૂકયાં;
સામી શેતૂરની ડાળીએ કયાંકથી
બુલબુલો આવી મીઠું ટહૂકયાં.

તણખલે ઊઠતાં સ્મિતનાં ખંજનો,
વાદળાં યે થતાં ગીત–લીન;
'ટીહુ' સ્પર્શે ઉરે જાગતાં સ્પંદનો,
ઝણઝણી ઊઠતું મૂક બીન.

વિલસી ઘડી બે ઘડી રંગટશરો વિરમે,
બુલબુલો ઊડી જાયે અહીંહાં;
કિન્તુ હૈયા મહીં ચારૂતા એ ખીલે,
પડઘી રૂહે એ ટિહૂ–ગાન મીઠાં!

'નૌતમ'

માનવી અને મહામાનવી

• પૃથ્વી •

અસીમ નિજ રૂપને નવ કળી શકયો માનવી,
રહ્યો નિજ સીમા મહીં ભટકતો ઉપાધિ વહી;
લહી સ્વરૂપ વિશ્વનું અતીવ સૂક્ષ્મ બુદ્ધિ થકી,
કરે અસીમ સાધના ભીતર તે મહામાનવી.

જયંતીલાલ આચાર્ય

શુષ્ક સરિતાને

ખુટી જાજે વારિ, દગ ઉછળાજે રેત વસમી,
ન તીરે વૃક્ષો વા વનપશુ, ઋષિ-આશ્રમ હજો,
જજો મત્સ્યો નાસી, અણુઅણુ બનો બેખડ બધી,
સેવા કાજે સમર્પ્યાં તન-મન-ધન એ લ્હાવ ના લુંટ તારો!

હરિલાલ ગો. પંડયા

પ્રગતિ


સુદૂરની પાસ કદીક પ્હોંચવા,
વિરાટના રંગ તરંગ પેખતો;
ડગૂ ડગૂ પાય ઉપાડીને સદા,
રહે ધપતો આણુ દીર્ઘ પંથે!

પ્રેમશંકર હ. ભટ્ટ

સાઈકલ પર સાવચેતી

તમે આજે સાઇકિલસ્ટ હો કે આવતી કાલે થવાના હો, તો તમારી જાતને પહેલો જ આ સવાલ પૂછી જોજો કે રસ્તાના નિયમોનું તમને સંપૂર્ણ જ્ઞાન છે કે નહિ? અને બીજો એ પૂછજો કે તમને યા બીજા કોઇને હાનિ કરે એવી નાનીનાની તકનો લાભ લેવાની ચળ તમારા મનને થઇ આવે છે ખરી?

અકસ્માતો એક જ કારણે થાય છે: જાગૃતિનો અભાવ. ટ્રાફિકના નિયમો વિષે અને રાહદારીઓ તથા બીજા વાહન વાળાઓ પ્રત્યેની તમારી ફરજો વિષે તમે જો જાગરૂક હો તો સદા સલામતી જ છે. પણ સાઇકલ પર બેઠક જમાવ્યા પછી ઘણાના મનમાં પોતાની આવડત વિષેની મુશ્તાકી અને વટેમાર્ગુઓ કે બીજાં વાહનોના વ્યવહાર તરફની બેદરકારી આવી જાય છે. આ મુશ્તાકી, બેદરકારી કે ટ્રાફિકના નિયમોનું



રસ્તાના—ટ્રાફિકના નિયમોનું અજ્ઞાન, પોતાની આવડતની મુસ્તાકી કે રાહદારીઓ પ્રત્યેની બેદરકારી—આવાં આવાં કારણોને લીધે સાઇકલ ચલાવતાં થતી ૩૨ પ્રકારની ભૂલો આ ચિત્રમાં બતાવી છે. તમે એમાંની કેટલી કરો છો? ખુલાસા આ લેખમાં છે.

અજ્ઞાન ક્યારે કેવું યે નુકસાન નોતરે એ ન કહી શકાય.

એટલે જ સાઇકલના પેડલ ઉપર પગ મૂકતાં પહેલાં ઘડીભર થંભી જઈ પ્રથમ કાર્ય તો તમારી બ્રેક અને ઘંટડી સંભાળી લેવાનું કરજો. પછી તમારા મનથી એટલું ચોક્કસ કરજો કે હું આજે પૂરી સાવચેતી અને સાવધાનીથી જ સવારી કરીશ, અને આટલું તો ખસૂસ ધ્યાનમાં રાખીશ કે (૧) રસ્તાના નિયમોનું બરાબર પાલન કરીશ; (૨) બીજા રાહદારીઓની બરાબર દરકાર રાખીશ; (૩) મારાથી આગળ નીકળી જવાની કોઈ હરીફાઇ કરશે તો તેની સાથે હું એ હરીફાઇમાં નહિ ઉતરૂં; (૪) ગમે ત્યારે હવા નીકળી જાય એવાં જીર્ણ ટાયર હું નહિ વાપરૂં; (૫) રાત્રે યોગ્ય હેડ-લાઇટ અને ટેઈલ-લાઇટ કે રિફ્લેક્ટર વિના સવારી નહિ કરૂં; અને (૬) એ વેળા હું આછા રંગનાં કપડાં પહેરીશ; (૭) નાનીનાની તકોનો લાભ લેવાનો, સાંકડી જગ્યામાંથી સરકી નીકળવાનો કે કોઇની આગળ નીકળવાનો લોભ નહિ રાખું; અને (૮) એ પણ નહિ ભૂલું કે સાઇકલ પર એવી સ્થિતિમાં હું નથી કે કોઇ મોટરડ્રાઇવર, ગાડીવાન કે બીજા સાઇકલિસ્ટ સાથે હું ટંટો કરૂં.

અને છેલ્લું એ પણ યાદ રાખજો કે તમારી જિંદગીની કીમત તમને ભલે ન હોય પણ બીજાઓને પોતાની જિંદગીની કીમત તો છે; એટલે તમારી જાત તરફ તમે ગમે તેટલા બેદરકાર હો તો યે બીજાના વિચાર તો કરજો જ.

રસ્તે બાળકોનો ખ્યાલ અવશ્ય કરજો, કારણ એ ગમે ત્યાંથી ધસી નીકળે છે. વૃદ્ધો અને અશક્તોનો પણ ખ્યાલ કરજો.

સાઇકલ પર એટલો કાબૂ તો તમારો હોવો જ જોઇએ કે સહેજ હરકત નડતાં તમે તરત તેને રોકી શકો. અને હરકતોથી વાકેફ થવા પૂરતું નજરનું ચાપલ્ય પણ હોવું જ જોઇએ.

ક્યાં યે વળવાનું આવે તો તે માટે યોગ્ય સંજ્ઞા અવશ્ય આપવી, જેથી તમારી પછીનાં વાહનો ધીરાં પડે કે રોકાઇ જાય. એની ગફલત તો કદાચ તમારી જિંદગીનો ભોગ લે.

રસ્તો એ સર્કસની કરામતો કરી બતાવવાનું ક્ષેત્ર નથી. એવી કરામતો કદાચ ઘરને બદલે સીધા હૉસ્પિટલમાં જ તમને પહોંચાડશે.

ટ્રામકારની બહુ નજીક પાછળ પાછળ ન જતા. કદાચ પાટાનું સમારકામ ચાલતુ હોય ને તમને બહુ મોડી ખબર પડે. ટ્રૅક ઓળંગવી હોય ત્યારે પણ બને તેટલો પહોળો ખૂણો કરી ઓળંગવી.

બેચાર સાઇકલિસ્ટો જોડે એક કતારમાં સવારી કરવાની ધૃષ્ટતા રખે કરતા.

રબર ટાયર ભીના રસ્તા ઉપર સહેજમાં લપસી જાય છે, એટલે ઓચિંતો વળાંક લેતાં વિચાર કરજો.

ખૂબ જોરથી કે સતત ઘંટડી બજાવવાથી રાહદારીઓ ઘણી વખત ગભરાઇને વાહનની આગળ જ ધસી આવે છે; એટલે ઘંટડીનો વપરાશ પણ માફકસર કરજો.

આ સામેના ચિત્રમાં સાઇકલિસ્ટોને હાથે થતી ભૂલોના ૩૨ પ્રકારો આપ્યા છે. તમે જો સાઇકલિંગના જાણકાર હશો તો એ જોઇને શોધી કાઢી શકશો. શરૂઆતમાં દસેક જેટલા તો તરત તમારી નજરે ચડશે; પણ બધા યે સમજી કાઢી શકો તો સાઇકલિંગનું તમારૂં જ્ઞાન સંપૂર્ણ ગણાય. ન ફાવો ત્યારે આ નીચેની યાદી જોશો. એ બધી ભૂલોથી તમારે સાવચેત રહેવાનું છે અને જેટલે અંશે બીજાને સાવચેત કરી શકશો તેટલે અંશે નાગરિકોના સંરક્ષણમાં તમે મૂલ્યવાન હિસ્સો આપશો.

(૧) વ્યવહારમાર્ગો વચ્ચેની સાંકડી કેડી પર સાઇકલ ચલાવવી; (૨) ટ્રાફિક લાઇનમાં જ રહેવાની ને જોઇએ ત્યારે કાબૂ મેળવવાની અશક્તિ; (૩) ઘંટડી કે ભૂંગળાની જોગવાઇની બેદરકારી; (૪) તમારી જ બાજુથી આવતા વાહનને યોગ્ય માર્ગ ન આપવો; (૫) ધમાલિયા રસ્તા પર ટ્રિક-રાઇડિંગ કરવું; (૬) ડાઉન-ટાઉન સાઇડવૉક પર સાઇકલ ચલાવવી; (૭) ગવર્નર પર કોઇને બેસાડીને લઇ જવો; (૮) બીજા કોઇ વાહનને વળગીને ચાલવું; (૯) આગના ભૂંગળા સામે સાઇકલ મૂકવી; (૧૦) વાહનને મોખરેથી ખૂણો કાપવો; (૧૧) સંજ્ઞા આપ્યા સિવાય વળવું; (૧૨) પોલિસની સંજ્ઞાની ઉપેક્ષા કરવી; (૧૩) એક હાથમાં કંઇ ચીજ ઉપાડવી; (૧૪) બેફામ રીતે સાઇકલ ચલાવવી; (૧૫) એક કરતાં વધુ જણે સવારી કરવી; (૧૬) ધમાલિયા રસ્તા પર સવારી કરતાં શીખવું; (૧૭) એક જ રાહના

રસ્તા પર ખોટી બાજુએ સાઇકલ ચલાવવી; (૧૮) પ્રમાણસરની ન હોય તેવી સાઇકલ ચલાવવી; (૧૯) સાઇકલ પર બેઠાંબેઠાં બીજાઓ જોડે ઝગડવું; (૨૦) પડી જાય એવી રીતે સાઇકલ મૂકવી; (૨૧) ટ્રાફિકની સંજ્ઞાઓને મહાત કરવા મથવું; (૨૨) પેડલની મદદ વગર ઊતરવું; (૨૩) સાઇકલ પર બેઠાંબેઠાં કૂતરાઓને ચીડવવા; (૨૪) રાહદારીઓના હકનો ઈન્કાર કરવો; (૨૫) રસ્તા પર સાવધાન નજર ન રાખવી; (૨૬) ઉતારૂ માટે થોભતું વાહન પાર કરવું; (૨૭) સેફ્ટી ઝોનમાં હંકારી જવું; (૨૮) યોગ્ય પ્રકાશ ને રિફ્લેક્ટરનો અભાવ; (૨૯) કોઇ વાહન આગળથી ઢોળાણ ઊતરવું; (૩૦) જાહેર રસ્તા પર અચખુચ હંકારી જવું; (૩૧) પાટલૂનમાં ક્લિપનો ઉપયોગ ન કરવો; (૩૨) ખોટકાએલી બ્રેકથી ચલાવવું.

ફોટોગ્રાફી

પક્ષી-ફોટોગ્રાફી

દરેક વિજ્ઞાનમાં નાના વિભાગો હોય છે, તેમ ફોટોગ્રાફીમાં પણ છે. ફોટોગ્રાફીનો અભ્યાસ કરનારા પોતનાં જ્ઞાન, સ્વભાવ અને સ્થિતિને અનુકૂળ ક્ષેત્ર પસંદ કરીને એકાદું વિશિષ્ટ જ્ઞાન પણ મેળવવા પ્રયત્નો કરે છે. કેટલાક વૈજ્ઞાનિકો પક્ષી-ફોટોગ્રાફીનો અનહદ શોખ ધરાવે છે. હિંદમાં હજુ પક્ષી-ફોટોગ્રાફીનો કોઇ રસિયો હિંદી પાક્યો નથી. ફોટોગ્રાફીના એ વિભાગમાં નામ કરનારમાં વિશિષ્ટ ગુણોની આવશ્યકતા રહેલી છે. કેટલાક માને છે કે ફોટોગ્રાફી જાણનાર કોઇ પણ ઍમેટર ફક્ત ધીરજ રાખે તો જરૂર પક્ષી-ફોટોગ્રાફીના, સુંદર નમૂના ઉપજાવી શકે. પણ સામાન્ય ધીરજ એમાં બસ નથી. ધીરજ અને તે પણ સીમા વગરની જોઇએ.

પક્ષીની ફોટોગ્રાફી કરવા માટે પક્ષીનું રહેઠાણ જાણ્યા બાદ ફોટોગ્રાફર તેની નજીક એકાદ છુપો 'વાસ' (Hide) પોતાના માટે બનાવી લે છે કૅનવાસના નાના તંબુ કે પાટિયાના ઝૂંપડા જેવું બનાવી આજુબાજુ તથા ઉપરનીચે ઝાડનાં ડાળાંઝાંખરાં પાંદડાં વગેરેથી ઢાંકી તેને છુપાવી દેવામાં આવે છે, જેથી પંખીને તેમાં મનુષ્યનો વાસ જણાય જ નહિ. આવા 'હાઇડ'માં ફોટોગ્રાફરને કેટલા યે દિવસો લગી, કલાકોના કલાકો ભરાઇ રહેવું પડે છે. અને એ તપશ્ચર્યાને પરિણામે તે અવારનવાર દુર્લભ ફોટો-ચિત્રો ઉપજાવે છે.

પક્ષી-ફોટોગ્રાફીના ઇંગ્લંડના જાણીતા નિષ્ણાત મિ. જી.બી. કીઅરીના નીચેના અનુભવો જાણવા જેવા છે. તેમને Hooded Crow-કલગીવાળા કાગડાના કેટલાક ફોટોગ્રાફ લેવાના હતા. એક અનુકૂળ સ્થળે 'હાઇડ' બનાવી તેની નજીક તેમણે મરેલું ઘેટું મૂક્યું. એ મરેલા ઘેટાનું માંસ ખાવા કાગડો આવશે એ આશામાં ને આશામાં સવારના નવથી સાંજના છ સુધી એ હાઇડમાં ભરાઇને સતત પાંચ દિન સુધી મિ. કીઅરીએ તપ કર્યું. અંતે છેક પાંચમે દિવસે કાગડો આવ્યો અને તેમણે તેની છબિ લીધી. તેવી જ રીતે બીજી વાર ગ્રીન શૅન્ક પંખીની ફોટોગ્રાફી કરવા માટે તેમને સોળ દિવસ સવારના નવથી સાજના છ સુધી ચોકી કરતાં પોતાની હાઇડમાં રહેવું પડેલું. પણ એ ધીરજ અને ધગશને પરિણામે મળેલા ફોટોગ્રાફ જેવા ફોટોગ્રાફ બીજું કોઇ હજુ સુધી લઇ શક્યું નથી. એક વાર 'બ્લૅક થ્રોટ ડાઇવર'નો ફોટોગ્રાફ મેળવવા તેમણે ભૂખ્યાતરસ્યા એક બેટમાં આખો દિવસ ને આખી રાત ગાળેલી.

આવી અડગ ધીરજ સાથે હિંમત પણ જોઇએ છે. ઘણી વાર તો કોઇ અજાણ્યું પંખી પોતાની તરફ ધસી આવતું જોઇને ભલભલાની છાતી બેસી જાય છે.

આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફીનું બીજું પ્રદર્શન

સેકન્ડ ઈન્ડીઅન ઇન્ટરનૅશનલ સલોઁ
ઑફ ફોટોગ્રાફિક આર્ટ-૧૯૩૮

મુંબાઇમાં ફોટોગ્રાફીના થોડા ચુનંદા શોખીનો પોતપોતાની ડાર્ક રૂમમાં એકબીજાના અજાણ્યા પોતપોતાની રીતે કામ કરી રહ્યા હતા. ૧૯૩૨ના માર્ચમાં તેમણે શ્રી જે. એન. ઉનવાલાની દોરવણી નીચે 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑફ બૉમ્બે' એ નામનું એક મંડળ સ્થાપી વ્યવસ્થિત રીતે ફોટોગ્રાફીનો અભ્યાસ અને પ્રચાર વધારવા માંડ્યો. ૧૯૩૩ના નવેમ્બરમાં એમણે 'અખિલ હિંદ ફોટોગ્રાફિક પ્રદર્શન' સફળ રીતે ભર્યું. બરોબર બે વર્ષ બાદ તેમણે હિંદમાં પહેલી જ વાર આન્તરરાષ્ટ્રીય ફોટોગ્રાફીનું પ્રદર્શન યોજ્યું. તે પછી હમણાં ગયા (૧૯૩૮ના) માર્ચમાં તેવું જ બીજું પ્રદર્શન ભર્યું તે 'સેકન્ડ ઇન્ડીઅન ઈન્ટરનૅશનલ સલોઁ ઑફ ફોટોગ્રાફિક આર્ટ.'

૧૯૩૩ના નવેમ્બરમાં યોજાએલા પ્રદર્શનનો સચિત્ર

અહેવાલ 'કુમારે' અગાઉ છાપેલો. આજ આ બીજા પ્રદર્શનની પણ ટૂંકી નોંધ લેતાં અમને આનંદ થાય છે.

દુનિયાભરના વિધવિધ ૨૫ દેશોના ૨૮૧ કલાકારોએ એકંદર ૧૧૧૦ કૃતિઓ મોકલેલી, તેમાંથી પરીક્ષકોએ ફક્ત ૨૦૨ ફોટો-ચિત્રોને પ્રદર્શનમાં લટકાવવાનું માન આપ્યું. હિંદના ૩૪ કાર્યકરોનાં કુલ ૩૯ ચિત્રોને તેમાં સ્થાન હતું. આ ઉપરથી ચિત્રોની પસંદગીના ઉચ્ચ ધોરણનો કાંઇક ખ્યાલ આવશે. ફોટોગ્રાફિક આલમમાં ધ્રુવ સમા સ્થિર ને ચળકતા તારાઓ પૈકીના જગતના લગભગ ઘણા નામચીન કલાકારો—જેવા કે અમેરિકાના ડૉ. મૅક્સ થૉરેક્સ, ઑસ્ટ્રીઆના મિ. જ્યુલિયન સ્મિથ, ઇંગ્લંડના મિ. ડડલે જ્હૉન્સ્ટન અને મિ. જે. એચ. ઍહર્ન, બેલ્જિયમના મિ. લિઓનાર્ડ મીસોની, હંગૅરીના મિ. એર્નો વેડાસ વગેરે—નાં ફોટો-ચિત્રો પ્રદર્શનની દીવાલો પર લટકતાં હતાં. વિષય, ચિત્રસંયોજના અને બીજી અનેક રીતે તપાસતાં એ પ્રદર્શનનાં ચિત્રોમાં અપૂર્વ વિવિધતા લાગતી. એ ૨૦૨ કૃતિઓના ૨૫ ટકા ઉપરાંતના વિષયોમાં માનવી જ મુખ્ય ભૂમિકા ભજવતા. ૪૦ જેટલાં ચિત્રો ફક્ત પોર્ટ્રેટ (માનવ છબી) કે ફિગર સ્ટડીનાં હતાં. પાંચથી સાત નવસ્ત્રી સ્ત્રીનાં ફોટો ચિત્રો હતાં. બાલકો અને પશુપક્ષીનાં થોડાક ચિત્રો અહીં તહીં નજરે ચડતાં. કુદરતી દ્રશ્યો બહુ થોડા કલાકારોના હૃદયને હલાવતાં જણાય છે. કદાચ એ વિષય ઘણો જ અઘરો હોવાથી જૂજ અભ્યાસીઓ જ તે તરફ ઢળતા હશે.

હિન્દનાં વિવિધ ફોટોગ્રાફિક મંડળોનાં પ્રતિનિધિરૂપ ૩૯ ચિત્રો નીરખતાં એક જાતની દિલગીરી ઊપજતી એ કારણે નહિ કે એ ચિત્રોમાં ટેકનીક કે વૈજ્ઞાનિક આવડતની ખામી હતી. પ્રિન્ટના ગુણદોષ તપાસતાં તો કોઇ પણ પરદેશી પ્રિન્ટથી એ ઊતરતા નહોતા જ. પરંતુ હિન્દી ચિત્રોના વિષયમાં હિન્દી તત્ત્વ ભાગ્યે જ દેખાતું. નામનિર્દેશ વગરનાં ફોટો-ચિત્રોના ઢગલામાથી હિન્દી તરીકે પોતાનું નામ પોકારી ઊઠે એવાં ચિત્રોનો ત્યાં અભાવ હતો. અમદાવાદના શ્રી ડી.બી. ખોપકરનું ફોટો-ચિત્ર 'ખરે બપોરે' (Noon) આ પ્રદર્શનમાં સ્થાન પામેલું. આ અંકમાં અમે તે પ્લેટ તરીકે છાપ્યું છે. નજીવા વિષયમાથી ઉપજાવેલા એ ચિત્રનું સંયોજન કેવળ સાદું હોવા છતાં તે ઉઠાવદાર અને આકર્ષક બન્યું છે. કેડમાં બાળકો લઈ ખરે બપોરે કામે જતી બે માતાઓ અને તેમના ઓળાઓ ચિત્રનું કેન્દ્ર છે. રસ્તાની એક બાજુના કોઈ બાંધકામનો ચન્દ્રાકારે પડતો પડછાયો મુખ્ય લક્ષ્યને બહાર આણે છે.

હરીફાઇનું પરિણામ

ફરી એકવાર અમારે ગયા માસના 'કુમાર'માં આપેલા ફોટોગ્રાફીની હરીફાઇના નિયમો તરફ ઉમેદવારોનું ધ્યાન ખેંચવું પડે છે. આવેલા ફોટોગ્રાફોની પાછળ ચિત્રનું નામ પણ કેટલાક નથી લખતા. અને કેટલાક લખે છે તો વળી અંગ્રેજી ભાષા વાપરે છે. હવેથી તેઓ આ વાત પર ધ્યાન આપી નિયમો પ્રમાણે જ વર્તી હરીફાઇના કામમાં સરળતા આપશે એવી આશા રાખીએ છીએ.

પહેલું ઇનામઃ 'વણકર'—ભાઇ નગીનભાઇ દૂધીઆ (અમદાવાદ); બીજું ઇનામઃ 'ખેડુત'—ભાઇ જે. પી. વારા (જામનગર); ત્રીજું ઇનામઃ 'તરંગો'—ભાઈ દેવેન્દ્ર જસાણી (ભાવનગર); ઉત્તેજનાઃ 'સુગંધમાં મસ્ગૂલ'—ભાઇ શાંતિલાલ સોની (લખતર);

નોંધપાત્ર ઠરેલાં ફોટોચિત્રો પાડનાર ઉમેદવારોનાં ફક્ત નામ જ હવેથી પ્રકટ કરવામાં આવશેઃ આ મહિને નીચેના ભાઇઓનાં ચિત્રો નોંધપાત્ર ઠર્યાં છેઃ (૧) પટેલ ચીનુભાઇ મૂળચંદ (અમદાવાદ), (૨) શાંતિલાલ સોની (લખતર), (૩) હર્ષદ વ્યાસ (નોરા–Ngora–યુગાન્ડા), (૪) નવનીત શાહ (વડોદરા), (૫) એમ. એન. એમ. શેઠ (મુંબાઇ).

દુર્ધર વાતાવરણ ને છાયાપ્રકાશમાં 'વણકર' જેવા અઘરા વિષયને ચિત્રમાં ઊતારવામાં ભાઈ નગીનભાઇએ ખરેખર કૌશલ્ય દાખવ્યુ છે. શાળની આડી લીટીઓ, તેની સામી દિશામાં આવી રહેલા તાર અને ડાબી બાજુના છેડે દેખાતો વળીનો ટુકડો—આ બધી વસ્તુઓ ચિત્રવિસ્તારમાં ડિઝાઈન ઊપજાવે છે. વણકરનો પડછાયો અને દોરાના તાર ઉપર પડતા વળાના પડછાયા પણ એ જ તત્ત્વમાં મહત્ત્વનો ઉમેરો કરે છે. એકંદરે ચિત્રરચના આકર્ષક બની છે. 'ટેકનીક' (કામગરી) પણ સારી છે. બીજું ઇનામ મેળવનાર ભાઇ વારાનું છાયાચિત્ર તેમનાં અગાઉ આવેલાં એવાં ચિત્રો કરતાં બધી રીતે ચડતી પંક્તિનું છે. સમી સાંજ સુધી હળ જોડીને ખેતી કરતા ખેડૂતના લેવાએલા એ ચિત્રમાં આકાશમાં રમી રહેલાં વાદળાં વાતાવરણની જમાવટ કરે છે. દૂર દૂર જમણી તરફનું અટૂલું ઝાડ પણ વિષયના ભાવનું પૂરક અને સૂચક છે.

'તરંગો' જાપાનના દરિયાકિનારે લેવાએલા સૂર્યાસ્તનું દૃશ્ય છે. જાપાનમાં લેવાએલા ફોટોચિત્રમાં જ્યારે જાપાની કલાનાં તત્ત્વો આકસ્મિક પણ દેખાય છે ત્યારે એ ચિત્ર અનેરું રમ્ય લાગે છે. દરિયાના પાણીમાં પડતાં વાદળાંથી ઢંકાએલા સૂર્યનાં કિરણો અને કિનારા પર કોઇ દરિયાઇ છોડની થોડીક ડાળીઓ એ ચિત્રના વિષય છે. રચના અત્યંત સરળ છતાં રમ્ય બની છે. જોકે પ્રિન્ટ નબળો ગણાય. ફિક્સિંગની ક્રિયામાં થએલી ભૂલને કારણે સમય જતાં આવા પ્રિન્ટ પીળા થતા જાય છે.

ભાઇ શાંતિલાલ સોનીએ ગુલાબના ફૂલની સુગંધ લેવામાં મસ્ગૂલ બનેલા ભમરાનું ફોટો-ચિત્ર લીધું છે. પ્રિન્ટ બરોબર નથી, પણ નેગેટિવ સારી જણાય છે. જરા મહેનતથી વિચારપૂર્વક એન્લાર્જમેન્ટ કરી યોગ્ય રીતે કાપતાં આમાંથી સારું ચિત્ર ઊપજાવી શકાય તેમ છે. **બલવન્ત ભટ્ટ**

આ મહિનો (મે) . . . અને એની પ્રતિભા

તા. ૧ આફ્રિકાના મહાન શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટનનું મોલિયામો નદીને કાંઠે આફ્રિકામાં અવસાન (ઇ. ૧૮૭૩).

તા. ૭ કુંચ મુકામે તાત્યા ટોપે અને અંગ્રેજો વચ્ચે લડાઈ (ઇ ૧૮૫૭)

તા. ૮ પૂના કાવતરા કેસના આરોપી વાસુદેવ ચાફેકરને ફાંસી (ઇ. ૧૯૦૯).

તા. ૯ ઈંગ્લંડે રદ્દી ઠરાવેલી 'બ્રાઉન બેસ: મસ્કેટ' હિંદી લશ્કરમાં આવતાં, તેના કારતુસો પર ગાય અને સુવરની ચરબીમાંથી બનાવેલો એક ચિકટ પદાર્થ લગાડવો પડતો હોવાથી, તેની સામે મીરતની ટુકડીએ ઉઠાવેલા વાંધાને પરિણામે, હિંદુ-મુસલમાન દરેક સિપાહીના યુનિફૉર્મ ઉતારી લઇ તેમને ૭ થી દસ વર્ષની સખત સજા ફરમાવવામાં આવી (ઇ. ૧૮૫૭).

તા.૧૦ પૂના કાવતરાના બીજા આરોપી રાનડેને ફાંસી (ઇ. ૧૯૦૯).

તા. ૧૨ એજ કાવત્રાના ત્રીજા આરોપી બાલકૃષ્ણ ચાફેકરને ફાંસી(૧૯૦૯)

* * છત્રપતિ શિવાજી મહારાજે આગ્રા મુકામે ઔરંગઝેબની મુલાકાત લીધી (ઇ. ૧૬૬૬).

તા. ૧૪ ઇંદોરની પ્રતાપી મહારાણી અહલ્યાબાઇનાં લગ્ન (ઇ. ૧૭૩૮)

તા. ૧૭ મરાઠા અને અંગ્રેજો વચ્ચે સોલબાઇનું તહનામું થયું (ઇ ૧૭૮૨).

* * હિંદમાં બ્રિટિશ સાર્વભૌમત્વ સ્થાપનાર માર્ક્વિસ વેલેસ્લી હિંદુસ્તાનને કિનારે ઊતર્યો (ઇ. ૧૭૯૮).

તા. ૨૬ અફઘાનિસ્તાનના અમીર શેર અલીના અવસાન બાદ અંગ્રેજોએ તેના પુત્ર યાકુબખાનને ગાદીએ બેસાડી ગંડમકનું તહનામું કર્યું. (ઇ. ૧૮૭૯) . . શેર અલી અંગ્રેજોની હિંદમાંની કાવતરાબાજીથી વાકેફ હતો, એટલે અંગ્રેજોના સંપર્કથી દૂર જ રહેતો હતો. ગંડમકના તહનામાથી હવે અફઘાનિસ્તાનની બાહ્ય નીતિ અંગ્રેજોને હસ્તક આવી એટલુંજ નહિ પણ એક કાયમી Escort નું લફરું યે અફઘાનિસ્તાનમાં ઘૂસ્યું.



આ માસની વિભૂતિ

મહીપતરામ રૂપરામ નીલકંઠ

ઇ. ૧૮૨૯–શ્રી રૂપરામ ઉમિયાશંકર નીલકંઠને ત્યાં સુરત મુકામે જન્મ. ૭ વર્ષની વયે શાળામાં દાખલ થયા. હેત્રી ગ્રીન અને ગુજરાતના પ્રથમ સમાજ-સુધારક દુર્ગારામ મહેતાજીના મિત્ર દાદોબા પાંડુરંગના હાથ નીચે અંગ્રેજી શિક્ષણ લીધું. ત્યારથી સમાજસુધારાનાં બી તેમનામાં રોપાયાં.ઇ.૧૮૫૦માં'પરહેજગાર' નામના પત્રનું સંપાદન કરેલું.

ઇ. ૧૮૫૨–સુરતની શાળામાં માસિક ચાર રૂપિયાના પગારે કામ કરીને બચાવેલા પૈસા લઇ આ સાલે મુંબાઇની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટ્યૂટમાં દાખલ થયા.

ઇ. ૧૮૫૪–ત્રીજા વર્ષની પરીક્ષા ઊંચે નંબરે પસાર કરતાં એ જ સંસ્થામાં માસિક ૪૦ રૂપિયાના પગારની નોકરી મળી. મુંબાઇમાંની એ વખતની સઘળી સાહિત્યિક ને સમાજસુધારાની સંસ્થાઓ જોડે સંબંધ બાંધ્યો. કરસનદાસ મૂળજી સાથે પણ મૈત્રી થઇ એમની ગેરહાજરીમાં થોડો વખત 'સત્યપ્રકાશ'નું તંત્રીપદ પણ સંભાળેલું.

ઇ. ૧૮૫૭–અમદાવાદ હાઇસ્કૂલના ઍક્ટિંગ હેડમાસ્તર નીમાયા, પણ ઇલાકાના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હોપ સાહેબે તરત તેમને ડેપ્યુટી ઇન્સ્પેક્ટર તરીકે પોતાના હાથ નીચે લઇ લીધા. હોપ વાચનમાળા કમિટીમાં તેમણે સારું કામ કરી બતાવતાં રાવ સાહેબનો ઈલકાબ આપવામાં આવ્યો.

ઇ. ૧૮૬૦–ટ્રેનિંગ શાળાઓના અનુભવ મેળવવા સરકારે તેમને ઇંગ્લંડ મોકલવાનું ઠરાવ્યું એ વાત ફેલાતાં ચારે તરફથી રોષ ફાટી નીકળ્યો. કેમકે એ વખતે પરદેશગમન ધર્મ વિરૂદ્ધ ગણાતું. પણ મહીપતરામ હિંમત કરીને વિલાયત ગયા. જોકે જ્ઞાતિ તરફથી તેમને ઓછું વેઠવું ન પડેલું; પણ એ બધું સહન કર્યું. છેવટે પ્રાયશ્ચિત્ત કરાવ્યું ત્યારે જ તેમની મુશ્કેલી ટળી.

ઇ. ૧૮૬૧–અમદાવાદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ નીમાયા તથા સરકારી ખાતા તરફથી ભાષાંતર કરવાનું કામ પણ કરવા લાગ્યા.

મહીપતરામે ગુજરાતના એ વખતના જાહેર જીવનની એકે બાજુ કોરી નહોતી રાખી 'ગુજરાત શાળાપત્ર' એમના પ્રયાસથી અસ્તિત્વ પામેલું અને 'પ્રાર્થના સમાજ' સ્થાપવામાં ભોળાનાથભાઇને પણ એમણે સારો હિસ્સો આપેલો. 'વિધવા પુનર્લગ્ન સભા', 'હિંદુ સંસારસુધારા સમાજ','નૅશનલ ઇન્ડિયન એસોસીએશન', 'ગુજરાત વર્નાક્યુલર સોસાએટી', 'અન્જુમને હિમાયતે ઇસ્લામ' એ બધી સંસ્થાઓમાં કાંતો તેઓ પ્રમુખ હતા તો કોઈમાં મંત્રી.

ઇ. ૧૮૯૧–આ સાલની આખરે મહીપતરામે નોકરીમાંથી નિવૃત્ત થવાનું નક્કી કર્યું હતું; પણ કૉલેરાના હુમલાથી મેની ૩૦મીએજ એમણે દેહ છોડ્યો. દુકાળના વખતમાં પાદરીઓને હાથ જતા છોકરાઓના બચાવ માટે છેલ્લે તેઓ યોજના ઘડી રહ્યા હતા. એ યોજનાને એમના મિત્રોએ અને શિષ્યોએ 'મહીપતરામ-અનાથાશ્રમ' બાંધી મૂર્ત સ્વરૂપ આપ્યું છે, જે ગુજરાતભરની એ જાતની આજે અગ્રગણ્ય સંસ્થા છે.

મધની ઈનામી હરીફાઇનું પરિણામ

થોડા માસ પહેલાં 'કુમાર'માં 'મધના ફાયદા અને ઉપયોગો—વૈદ્યની તથા ડાક્તરની દૃષ્ટિએ' નામથી તે વિષય પરના માહિતીપૂર્ણ લેખોની એક ઇનામી હરીફાઇ યોજેલી. મજકુર હરીફાઈમાં આવેલા લેખોમાંથી કુ. સુલોચના બહેન શામળલાલ ગાંધી-(ઠાસરા) નો નિબંધ પહેલા ઈનામને પાત્ર ઠરતાં તેમને એ હરીફાઇના પ્રેરક અને યોજક, ગોવિંદાશ્રમ મિઠાઇવાળા શ્રી પુરુષોત્તમદાસ તરફથી ચાંદીની એક ફ્રેમનું ઈનામ આપવામાં આવ્યું છે. ઉપરાંત નીચે મુજબના બાકીના ભાગ લેનારાઓને ચાંદીનો એકેક ચંદ્રક એમના તરફથી ભેટ તરીકે આપવામાં આવ્યો છે, જે દરેકને મોકલાવી દેવામાં આવ્યો છે. એ નામોમાથી એક શ્રી જમનાદાસ નેનુજીનું સરનામું અમારી પાસે નથી; તો તેમને તે તાકીદે મોકલાવી ઇનામ મંગાવી લેવા વિનંતિ છે.

(૧) ડૉ. લતીફ પી એચ ડી. અંજાર—કચ્છ; (૨) જયંત C/o ડૉ ટી એન. જલધવાલા; એમ. બી. બી. એસ ; ડા.પંડ્યાઅભ્યાસગૃહ પાસે, પાટણ (ઉ.ગુ); (૩) કૃપિયાશંકર જી ઠાકર, પ્રેરણાભવન, ચોરીફળિયું, આણંદ; ૪) મગનભાઇ કલ્યાણભાઇ વૈદ્ય, ધી ચરોતર કેમિકલ વર્કસ, મુ. નાપાડ. વાયા આણંદ; (૫) જમનાદાસ નેનુજી (સરનામું નથી); (૬) વકીલ કમળાશંકર હેતશંકર ભટ્ટ રાજ્યવૈદ્ય, છોટાઉદેપુર,



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૧૪) **કર્મયોગ**

(ચિત્રકાર • શંકરરાવ કિર્લોસ્કર . . . લેખક • પ્રો. ના. સિ. ફડકે)

નિંદા અને સ્તુતિ નામની બે સ્ત્રીઓ જગતમાં તમને ઠેકાણે ઠેકાણે ઊભી રહેલી જણાશે. સ્તુતિ દેખાવમાં બહુ સુંદર સ્ત્રી છે. તે તમારી આગળ આગળ આવી તમને જોઈ હસે છે ને પ્રશંસાના મીઠામીઠા શબ્દોથી પુષ્પવૃષ્ટિ કરે છે. એથી ઊલટું નિંદા એ ભયંકર સ્ત્રી છે. દેખાવમાં તે વિકરાળ છે. તે સહસા તમારી નજીક નહિ આવે, પણ પીઠ પાછળ જ હલ્લો કરશે, અને તેના હાથમાંનો દુષ્ટ મર્મભેદક ભાષાનો ડામર ક્યારે ને કેમ તમારા પર ફેંકશે તેનો કશો નિયમ નહિ. તમારી ઉજ્જ્વલતા પર એ હમેશાં રોષે ભરાવાની. શાણો મનુષ્ય તો આ બંને સ્ત્રીઓ પ્રત્યે પૂર્ણ દુર્લક્ષ કરે. ન તો તે નિંદા રાક્ષસીના ભયંકર હલ્લાથી ડગી જાય કે ન સુંદર સ્તુતિકામિનીની મોહજાળમાં ફસાઇ એક ને એક ઠેકાણે થંભી જાય. એ તો પોતાના અંગીકૃત ઉદ્યોગને માર્ગે આગળ ને આગળ વધતો જ રહે.

નિંદા અગર સ્તુતિથી વિચલિત ન થતાં પોતાનું કાર્ય કરતા રહેવું એ કર્મયોગ જોકે સહેલો નથી; પરંતુ સિદ્ધિ અને ઋદ્ધિ જોઇતી હોય તેણે એ કર્મયોગ સાધ્ય કરવો જ જોઇએ.

(૭) હ. મ. રાવળ C/o મણિશંકર જોગેશ્વર રાવળ, મુ. લાલાવદર, પો. અમરેલી; (૮) હરસુખરાય ગોરધનદાસ માંડલીઆ, માંડલીઆ શેરી, કચ્છ-માંડવી; (૯) પટેલ અંબાલાલ મહીજીભાઈ, મુ. સોખડાખૂર્દ (પો. દરાપુરા), પાદરા; (૧૦) જયંતીલાલ મ. ત્રિવેદી, પંડયા શેરી, શીહોર (કાઠીઆવાડ); (૧૧) જગદીશ, એ. જે. હાઈસ્કૂલ, વંસો.

દાનેશ્વરી

ભગવાન્ બુદ્ધ શ્રાવસ્તીમાં જેતવને અનાથપિંડદને આરામે વિહરતા હતા.

જેતવન સંઘને સમર્પ્યા પછી અનાથપિંડદને વિચાર આવ્યો, કે 'હું દાન દઉં કે પુણ્ય કરૂં એમાં શું આશ્ચર્ય? પણ દરિદ્ર જનના અનુગ્રહાર્થે શ્રાવસ્તિનિવાસી લોકસમસ્ત આગળથી સ્વચ્છંદભિક્ષા માગીને ભગવાન્ આગળ ધરૂં. આમ મહાજન ઉપર ઉપકાર અને બહુ પુણ્ય થાય.'

એટલે અનાથપિંડદે આ વાત રાજાને કાને નાખી, અને રાજાએ આખી શ્રાવસ્તિમાં ઘંટનાદપૂર્વક ઘોષણા કરાવી, કે 'શ્રાવસ્તિનિવાસીઓ, સુણો. આજથી સાતમે દિવસે અનાથપિંડદ ગૃહપતિ હાથી પર ચડીને તથાગત અને શ્રાવકસંઘ સારૂ સ્વચ્છન્દભિક્ષા માગશે. જેને જે કાંઇ આપવું હોય તે એને આપે.'

આ પ્રમાણે સાતમે દિવસે અનાથપિંડદ હસ્તિસ્કંધારૂઢ થઇને સશ્રાવકસંઘ તથાગતને માટે સ્વચ્છન્દભિક્ષા માગવા નીકળ્યો. જેની જેટલી ત્રેવડ એટલું સૌ એને આપવા મંડયા. કોઇએ હાર, કોઇએ કડું, કોઇએ કેયૂર, કોઇએ હેમની માળા, કોઇએ અંગુલિમુદ્રા, કોઇએ મુક્તાહાર, કોઇએ સોનું અને કોઇએ છેવટે કાર્ષાપણ (તાંબિયો) આપ્યો. જેણે જે આપ્યું તે ગૃહપતિએ લીધું.

આ સમયે ત્યાં એક પરમ દરિદ્ર સ્ત્રી હતી. એણે ત્રણ માસ પરિશ્રમ કરીને એક સાડલો લીધો હતો. સાડલો પહેરીને એ રાજમાર્ગે પર આવી, તો શંખનાદ થાય છે, પડા વગડે છે, અને અનાથપિંડદ દૂરથી આવે છે. એણે તે જોયું, અને કોઇ ઉપાસકને પૂછ્યું, 'આ ગૃહપતિ પોતે મહા ધનાઢ્ય છે, ભોંયમાં દાટેલા નિધિ પણ જોઇ શકે છે, તો પછી એ કેમ પરઘેર ભિક્ષાટન કરે છે?' ઉપાસકે કહ્યું, 'પરોપકાર અર્થે. જે સશ્રાવકસંઘ ભગવાનને ભોજન કરાવવા અસમર્થ છે એવા પણ ભગવાનની યતકિંચિત્ સેવા કરી શકે એટલા સારૂ એ આમ હાથ લંબાવે છે.'

સ્ત્રીને વિચાર આવ્યો કે 'મેં પૂર્વભવમાં પુણ્ય કર્યાં નથી, એટલે આ ભવે, એકલી સશ્રાવકસંઘ ભગવાનને જમાડું એવી મારી શક્તિ નથી, તો પણ કાંઇક તો દઉં.' એમ કરીને એણે પોતાનો વૈભવ તપાસ્યો, તો તે દિવસે જ પહેરેલા નવા સાડલા વિના પોતા આગળ કંઇ ન મળે. એને થયું કે 'અહીં રાજમાર્ગ ઉપરથી જ હું સાડલો દઇશ તો નગ્ન થઇશ, એટલે કોઇના ઘરની અગાસીએ ચડીને સાડલો ફેંકું.'

તેથી તે ઘરની અગાસીએ ચડી અને સાડલો પોતાના શરીર પરથી ઉતારીને અનાથપિંડદ ઉપર ફેંક્યો. અનાથપિંડદને લાગ્યું કે 'અવશ્ય આની આટલી જ સંપત્તિ હશે. નહિ તો આડચ પાછળથી કપડું ન નાખે.' એણે પોતાનાં માણસોને આજ્ઞા દીધી કે 'જાઓ ને જુઓ કે આ વસ્ત્ર કોણે નાખ્યું.' માણસોએ જોયું કે એક સ્ત્રી નવસ્ત્રી બેઠી હતી. એને પૂછ્યું તો કહે, 'મારૂં જે ધન હતું તે ભગવાનનાં ગુણકીર્તન સાંભળી દારિદ્રભયભીત થઇને તથાગતપ્રમુખ ભિક્ષુસંઘને દીધું.'

માણસોએ જઇને અનાથપિંડદને જાણ કર્યું, એટલે પરમ વિસ્મય પામીને એણે એ દાનેશ્વરીને વિચિત્ર વસ્ત્રાભરણ આપ્યાં. *

દેસાઇ વાલજી ગોવિંદજી

* અવદાનશતક ૫૫ ઉપરથી

હોલો

'વનવગડાનાં વાસી'ની લેખમાળાનો આગળ છપતો


ગયા લેખમાં વર્ણવેલી દેવચકલીને લગતાં ત્રણ ચિત્રો—દેવચકલી જાતે, ત્રણ ઈંડાંવાળો માળો અને દસ વાસાનું બચ્ચું —આ નીચે આપ્યાં છે. એણે માળો બાંધ્યો છે, સંપૂર્ણ સુરક્ષિત સ્થળે: ઍનીમાના દસબાર આંગળ ઊંડા ડબ્બામાં. ડબ્બો પણ અદ્ધર ભીંતે લટકાવેલો. છતાં આટલું રક્ષણ એને ઓછું પડતું હોય એમ એણે ભારે પરિશ્રમ વેઠી, અપાર સામ:ગ્રી એકઠી કરી જતનપૂર્વક ડબ્બામાં મોટો જાડાં થરવાળો ઊંડો માળો ગોઠવી દીધો છે. ઇંડાં દડી ન જાય અગર અથડાઇને ફૂટે નહિ કે બચ્ચાંનાં કેશહીન સુકુમાર શરીરને ડબ્બાનું કઠોર તળિયું ન ખૂંચે એ હેતુથી તળિયે ઘાસનાં થોડાં તરણાં પાથર્યાં હત તો પણ અર્થ ન સરત? છતાં એની સાવધાની તો જુઓ. આખો દિવસ અહીં માણસનો અવરજવર રહે એ એને ભડકાવનાર ન નીવડ્યો. કાગડા સમળી જેવાં ભયંકર પંખીઓ ડબ્બાથી દસ જ ડગલાં છેટે ભમતાં ફરે એની એને બીક ન લાગી. પરંતુ કોઠી જેવા ડબ્બાનું ઊંડાણ




સફેદ હોલો

અને મજબૂત તળિયું એણે સલામત ન ગણ્યું અને ઉઘાડમાં આભ નીચે જેવા માળાની જરૂર પડે એવો જ માળો એણે ડબ્બામા પણ બાંધી દીધો! એટલી વિવેકશક્તિની ખામી જ ને? સ્થળ સાધનની સારા-સારતાનો ભેદ એને ન સૂઝ્યો એ, એની જન્મો-જનમથી માળો બાંધવાની પરંપરાગત ટેવનો પ્રતાપ: આનું નામ જ 'સંસ્કાર'—'Instinct'—પ્રેરણાશક્તિ.

આ 'ઇન્સ્ટીંક્ટ'નો હેતુ બચ્ચાને પૂરેપૂરૂં સંરક્ષણ મળે, એટલો જ. એ સ્વયંભૂર્ત્તના મૂઢ બળથી પ્રેરાએલાં જ કોઇ પંખી ઝાડની બખોલમાં, કોઇ અંધારી ઘટાની ઓથે, કોઇ છાલના રંગ સાથે ભળી જતા રંગવાળી સળીઓ વગેરે ગૂંથીને ઝાડની ડાળ પર ઉઘાડમાં







ડાબી બાજુએ ઉપર: દેવચકલી ફોટો: 'વનેચર'

નીચે: દેવચકલીનું બચ્ચું ફોટો: રતિલાલખરાદી

જમણી તરફ: અનીમાના ડબ્બામાં દેવચકલીએ બાંધેલો માળો અને તેનાં ઈંડાં ફોટો: રતિલાલખરાદી

માળા બાંધે છે. જમીન પર જીવન ગાળનારાં માળા કરે તે પણ માટી ઘાસ અને જાળાંઝાંખરાંના રંગમાં ભળી જાય એવા. કોઇ વળી દર કરીને ઇંડાં મૂકે. એમ કોઇ ને કોઇ રીતે પણ પ્રજનનનો હેતુ તો સાચવવાનો જ. જોકે કુદરતે પોતે આટલું શીખવીને સંતોષ નથી માન્યો. એણે તો પક્ષીઓનો વંશવેલો અખંડ ચાલુ રહે, એ કાજે અન્ય એક વ્યવસ્થા પણ કરી મૂકી છે, અને તે ઇંડાંના વિશિષ્ટ રંગોની. આકારમાં લગભગ સરખાં હોવા છતાં, બધાં ઇંડાં એક જ વર્ણનાં નથી હોતાં. કેટલાંક પંખીનાં ઇંડાં લાલ, કોઈનાં ધોળાં, લીલાં, આસમાની, જાંબુડિયાં, પીતવરણાં, બદામી. કોઈ વિવિધરંગીઃ એમાં પણ કોઇના પર અન્ય રંગનાં છુંદણાં, પટા, આછી છાંટ. કોઇ કોઇ કરોળીઆથી ખરડાએલાં. આ રંગો પણ કોઇ કોઇ આછા પાતળા, કોઇ ઘેરા; ક્વચિત્ ચળકતા, ક્વચિત્ નિસ્તેજ.

આમ ચિત્રવરણાં ઇંડાંની વ્યવસ્થા કરીને પ્રકૃતિએ એમને નિર્વિઘ્ન તો બનાવ્યાં છે જ, છતાં એ ઈંડાંના બાહ્ય રક્ષણની જવાબદારી તો પંખીના પોતાના ઉપર જ નાખી છે. એ જવાબદારીનો ભાર સુગરી, સક્કરખોરા અને કુલ્કી જેવાં પંખીઓ અપાર ચાતુર્ય અને અમાપ ધૈર્ય વડે અદ્‌ભુત માળા બાંધીને ઉપાડે છે. ત્યારે બીજાં વળી ઓછાવત્તા આધારવાળા માળા બાંધીને ચલાવી લે છે.

આ બાબતમાં કોઇ જ બીનજવાબદાર હોય તો એકલાં હોલડાં. માળો બાંધવાની એમની હોશીઆરી (?)નું વર્ણન કરતાં કોઇકે કહ્યું છે કે, દાતણની બે ચીરો ઊભી મૂકો. એના પર બીજી બે આડી મૂકો. આ ખાટલીની વચ્ચેના પોલાણમાં ચાર છ તણખલાં વીખરાતાં નાખો, એટલે હોલાનો માળો તૈયાર! આમાં થોડી અતિશયોક્તિ તો ખરી જ,[1] છતાં એટલું પણ સાચું કે ઇંડાં રડી જાય કે તળિયેથી નીકળી પડે એવા નિરાધાર અને હાથ અડકતાં હેઠા પડે એવા સાલપોલિયા માળા પણ હોલાના હોય છે. બીજાં પંખીઓના માળા ગમે તેવા શિથિલ હોય છતાં એ બધાંયનાં 'બાંધકામ' કંઇક વ્યવસ્થાવાળાં, થોડીઘણી પણ દૃઢતાવાળાં અને કોઇને કોઇ રીતે પરસ્પર સંકળાએલાં હાડવાળાં તો ખરાં જ. જ્યારે હોલો આ બધી જંજાળમાં નથી પડતો. એનો માળો 'બાંધેલો' કહેવાય કે કેમ એ જ વિવાદાસ્પદ છે. અનેક જન્મના સંસ્કારબળે માળો બાંધ્યા સિવાય —બાંધવાનો પ્રયત્ન કર્યા સિવાય—તો એને નથી ચાલતું, પરંતુ એ કેટલો 'દૃઢ' બાંધવો એ તો એની મુનસફીની વાત છે!

અમારા આંગણામાં વડગુંદો ઊગ્યો છે. એક વખત હોલાએ એમાં માળો બાંધવા માંડ્યો. એના મનથી માળો તૈયાર થયો, એટલે પહેલું ઇંડું મૂક્યું. મૂક્યું એવું આવ્યું હેઠે. એકલું ઇંડું નહિઃ ભેગો માળો પણ! ફરીથી માળો બાંધી એણે બીજું ઇંડું મૂક્યું. એના પણ એ જ હાલ. આમ બંને[2] ઇંડાં ફૂટી ગયાં. છતાં ફરી વખત આવ્યો ત્યારે બીજું સ્થળ એને ન જડ્યું અને એની એ જ ડાળે માળો બાંધવા માંડ્યો. કંઇક ભૂતદયાથી અને વધારે તો કંટાળાથી મેં એ ડાળ મૂળમાંથી કપાવી નાખી ત્યારે જ હોલાભાઇ ત્યાંથી ખસ્યા.

એની બીનજવાબદારીનો બીજો એક પ્રસંગ મને ગઇ સાલ જ પડ્યો. અમદાવાદ શહેરની વચ્ચોવચ આયપત વેરાની મોટી ઑફિસ છે. એમાં . . . . વિભાગના અમલદારના ઓરડાના બારણાની ઉપર જ, એકાદ ફૂટ ઊંચે, વીજળીના કેસિંગના આધારે હોલોહોલી માળો બાંધી બેઠાં હતાં. કેસિંગ એકાદ ઇંચ જાડી. એની પાછળનો ડટ્ટો અરધા ઇંચનો. ભીંત સાથે દબાઇને આ દોઢ ઇંચ પહોળી પગથી ઉપર એમણે માળો જમાવેલો! હોલી ઊડી જાય એટલે હોલો આવીને માળા ઉપર બેસે. ત્યાં આખો માળો ધ્રૂજી ઊઠે. મને ફફડાટ થાય કે હમણાં બધું હેઠું આવશે. પણ હોલો એવી સિફતથી બેસે કે એની એક સળી પણ ખરે નહિ. એ બારણામાં થઇને રોજનાં ઓછામાં ઓછાં સો દોઢસો માણસ આવજા કરતાં હશે. બારણા આગળ જ પચાસ ત્રીસ વેપારીઓ એમના ગુમાસ્તા સાથે ચોપડાનાં પોટલાં નાખી ગામગપાટા મારતા આખો દિવસ બેઠા જ હોય. છતાં એ બધી ધમાલ હોલડાંના પ્રજનનકર્મમાં અંતરાય નાખવા પૂરતી ન હતી!

૧ કારણ હોલાના અનેક માળા મેં વીખેરી જોયા છે. દરેકમાંથી ૫૦–૭૫ સળેકડાં તો નીકળે જ.

૨ હોલાં મોટે ભાગે વરસનાં બેથી પાંચ જણતર જણે છે. દરેક વખતે માત્ર બે જ ઇંડાં. એનો રંગ કેવળ શ્વેત.

આવાં હૈયાફૂટાં પંખી પણ ક્યાં એક બે છે? ભારતવર્ષમાં નહિનહિ તો યે એની દસબાર જાતો હશે. આપણા ગુજરાતને માથે યે ચાર જાતો પડી છેઃ નિત્ય વસનારી. સર્વ સ્થળે સામાન્ય.

૧

પુરાણોમાં કથા છે કે પ્રજાપતિ દક્ષના આંગણે પતિની ઉપેક્ષા થએલી જોઇને ક્રુદ્ધ બનેલાં જગન્માતા સતીએ પિતાના યજ્ઞકુણ્ડમાં જ સ્વદેહનો આહુતિ આપ્યો અને બીજે અવતારે હિમવતી ઉમા રૂપે જન્મ્યાં. ગ્રીષ્મમાં એમણે પંચાગ્નિ સેવ્યો; વર્ષામાં શિલાતટે શયન કર્યું; કણ્ઠપર્યંત જલમાં વાસ કરીને હેમન્તની રાત્રીઓ ગાળી. એવાં એવાં તપના પ્રભાવથી તુષ્ટ બનેલા ભૂતપતિ, અપર્ણા પાર્વતીને વર્યા. એમના લગ્ન-વ્યવહારને એકસો સંવત્સર વીતી ગયા એટલે રાક્ષસોનો ધ્વંસ કરનાર સેનાનીની યાચના કરવા દેવતાઓએ મહાદેવ પાસે અગ્નિને મોકલ્યો. નંદી આદિ ગણમંડળથી ચોપાસ રક્ષાએલા કૈલાસપ્રદેશમાં સ્વ.રૂપે પ્રવેશ કરવો અશક્ય જોઇ, હુતાશન બન્યો છદ્મવેશી . . .[૩]

" . . . હોલો[૪]: પ્રેમોન્મત્ત માદાના અતિ મનોહર કૂજનનું અનુકરણ કરતો. અગ્નિકણ સમી લાલ આઘૂર્ણિત આંખોવાળો. ફૂલાવેલા કંઠને ઊંચો નીચો ઝુકાવતો. વારંવાર પૂછડી પંખા પેઠે ઉઘાડ-વાસ કરતો. કદી ય પંજરાવસ્થા ભોગવેલી નથી એટલે સ્વેચ્છાચારી વિશૃંખલ. મદોન્મત્ત થઇ ઘૂમતો ચંદ્રના જેવા શુભ્ર દેહપ્રભાવાળો પીંછાંમાંથી મઢેલી સાથળ-વાળો. અહીંતહીં ગેલમાં કૂદડી ફરતો ભમતો. કામદેવ અને રતિએ વલોવેલા અમૃતના સરોવરનાં જળમાંથી તાજાં ઊભરાતાં ફીણના ગોટા જેવો ઉજ્જવલ. . ."[૫]

—અતિશયોક્તિના રજ પણ અંશ વિનાના આ લોકોત્તર વર્ણનનું પાત્ર જે વિશિષ્ટ જાતનો હોલો બન્યો છે, એ સુભગ દેહી પંખી તો આપણે ત્યાં અતિ સામાન્ય છે. એનું નામ Indian Ring

---


૩ આને લગતી અન્ય એક ઉપકથા છેઃ અગ્નિને છદ્મ વેશે વનમાં પ્રવેશ કરતો જોઇને ત્યાં વસતા પોપટ અને હાથીએ (એ યુગમાં એ બંને માણસ પેઠે બોલી શકતાં હતાં) મહાદેવને ખબર આપી. એથી મહાદેવે અગ્નિને શાપ્યો. દેવકાર્યમાં આમ વિઘ્ન નાખવા માટે અગ્નિએ પણ પોપટ અને હાથીને શાપ દીધો, જેને લીધે એમની વાણી કુણ્ઠિત થઇ ગઇ અને જીભ અવળી ફરી ગઇ આજે પણ એ બંનેની જીભ અવળી એટલે ઉપરના ભાગે ઉપસેલી ગોળ અને નીચેના ભાગે સપાટ હોય છે.

૪ = पारावत, कपोत. સંસ્કૃત સાહિત્યમાં આ બંને શબ્દો સમાનાર્થ વપરાતા હોવાથી ક્યારે 'કબૂતર' ને ક્યારે 'હોલો' ના વાચક છે, એનો નિર્ણય કરવો અત્યંત કઠિન થઇ પડે છે. ભિન્ન અર્થ કરવો જ હોય તો, पारावत = પારેવાં = કબુતર; कपोत = હોલો. એને લીધે ઘણી વખત ભારે ગોટાળો થઇ જાય છે. અહીં જે વર્ણન આપ્યું છે એ, એક વિદ્વાનના મતે, કબૂતરનું છે. પરંતુ એમાંની ક્રિયા સ્વભાવોક્તિના અંશોને ધ્યાનમાં લેતાં હું હોલા પરત્વે લેવા લલચાયો છું.

વિચિત્ર વાત તો એ છે કે આધુનિક પ્રાણિશાસ્ત્રમાં પણ પક્ષિવંશવિદ્યાની દૃષ્ટિએ કબૂતર અને હોલો એક જ Columbae વર્ગનાં છે એટલું જ નહિ, પણ બંને વચ્ચે શરીરરચનાનો રજ પણ ભેદ નથી. ભિન્નતા હોય તો કેવળ બાહ્ય રૂપરંગની. બંનેના આચાર સરખા, જીવનપ્રણાલિકા એકસરખી. નખરાં પણ એક જ જાતનાં. બેવકૂફ પણ સરખાં, બંને જમીન પર ભમનારાં. તેમ ઝાડમાં પણ રહે. પ્રધાન ભેદ હોય તો એટલો જ, કે કબૂતરની ગરદન સૂર્યના પ્રકાશમાં અવનવાં રૂપ ધારણ કરી મેઘધનુષના વાઘા સજે છે, જ્યારે હોલાંની કાંઇ પણ ચમકારા વિનાની માત્ર કાંઠલા-વાળી કે ટપકાંથી ચીતરેલી હોય છે. કેટલાંક કબૂતરનાં શરીર રૂપરંગની ભભકવાળાં હોય છે (દા. ત. હરીયાળ), જ્યારે હોલાં નિરપવાદ વર્ણવિભેદ વિનાનાં હોય છે. એ બંને 'ભક્ષ્ય' પંખી ગણાયાં છે, છતાં અન્ય ભક્ષ્ય પંખીઓ (દા. ત. આડ્યો)થી એમનો વ્યવહાર ન્યારો છે. એમનાં બચ્ચાં જન્મે ત્યારે સાવ અંધ, નિરાધાર, દેહ પર રૂંવાટા વિનાની નાગી ચામડીવાળાં. અન્ય પંખીઓ બચ્ચાંને ખવરાવે ત્યારે બચ્ચાં મ્હોં પહોળું કરે અને એમાં નરમાદા ખોરાક મૂકે છે. હોલાં અને કબૂતરમાં માદા મ્હોં પહોળું કરે એટલે એમાં બચ્ચાં ચાંચ ઘાલી, ગળામાં સંઘરેલો ખોરાક ઉપાડી લે છે.

૫ કુમારસંભવઃ ૯, ૧૦૪—

संभोगवेश्मप्रविशन्तमन्तर्ददर्श पारावतमेकमीशः ॥
सुकान्तकान्तामणितानुकारं कूजन्तमाघूर्णितरक्तनेत्रम् ।
प्रस्फारितोन्नम्रविनम्रकण्ठं मुहुर्मुहुर्न्यञ्चितचारुपुच्छम्॥
विशृङ्खलं पक्षतियुग्ममीषद्दधान मानन्दगतिं मदेन ।
शुभ्रांशुवर्णं जटिलाग्रपादमितस्ततोमण्डलकैश्चरन्तम् ॥
रतिद्वितीयेन मनोभवेन ह्रदात्सुधायाः प्रविगाह्यमानात् ।
तं वीक्ष्य फेनस्य चयं नवोत्थमिवाभ्यनन्दत्क्षणमेकमीशः॥




ચિત્રગ્રીવ હોલો

Dove:[6] આપાણ્ડુર કપોત. ગુજરાતના હોલામાં સૌથી રૂપાળો અને મોટો આ જ. સર્વાંગ શુભ્રદેહધારી એને મારા આંગણાના લીમડામાં ઊડતો જોઉં છું, ત્યારે શ્વેત ભસ્મનાં બાચકાં ઊડતાં હોય એવો આબેહૂબ દેખાય છે.[7] એનું વિશિષ્ટ ચિહ્ન: ગળાના પાછલા ભાગે કાળો કાંઠલો: એ કાંઠલાની ઉપલી અને હેઠલી ધારે સાંકડી શ્વેત પટી. એના બોલ: કૂ-કૂ..કુ : 'પરભૂ ... તું.'

એના જેટલી જ—એનાથી યે વધારે વ્યાપક હોલાની અન્ય જાતિનું નામ Spotted dove.[8] સાહિત્યકારોનો કુંકુમધૂમ્ર કપોત. નામ પ્રમાણે જ અશેષ શરીર પ્રધાનપણે ઢેખાળીઆ લાલ રંગે રંગાએલું. ગળાની બંને તરફ કાળાં ધોળાં ટપકાંની ચાળણીવાળું. એની તામ્રવરણી પાંખો પર જુવારના દાણા જેવડાં આછાં લાલ બિન્દુઓ (Spotted) આપણાં આંગણાંમાં રોજ ભમતું, ક્ષણે ક્ષણે પાણી પીવાનું શોખીન આ પંખી ઘરનાં જાળીઆં, બારીઓ, છાપરાં વગેરે સ્થળે તેમ વાડ, જાળાં ઝાંખરાંમાં માળા બાંધી રહે છે. ખરે બપોરે ઘરના મોભારેથી 'કુ કુ—કૂ-કૂ-કૂ' બોલી ઘરધણીઆણીની ગાળો ખાતો એ કોને અપરિચિત છે?

આ હોલો જ્યાં વસે છે ત્યાં આપાણ્ડુર હોલો નથી આવતો એવી માન્યતા છે. પણ મારો અનુભવ એથી જુદો છે. અમારા આંગણામાં એ બંને રોજ સાથે વસે છે. કોણ વધારે અને કોણ ઓછાં,



કંકુવરણો હોલો

એ કહેવું મુશ્કેલ છે. વગડામાં પણ બંને ભેગા રહે છે: ફેર હોય તો સંખ્યાનો—'આપાણ્ડુર' એંશી ટકા જેટલા.

એ બંનેનો ત્રીજો ભાઈ તે Little Brown dove: ચિત્રગ્રીવ.[9] એના શરીરનો રંગ ગોરાડુ માથું મેલું લાલ છાયાવાળું. ગળાની બંને બાજુ પર ઝીણાં ઝીણાં કાળાં લાલ અપાર ટપકાં.

કદમાં કાબરથી યે નાનો હોવા છતાં એના અત્યંત સુકોમળ અને કર્ણપ્રિય મીઠા 'કુકકૂ કુકકૂ કૂ-કૂ-કૂ' ગાનથી બાગબગીચા અને વાડીઓ ગાજી ઊઠે છે. એના બે મોટા ભાઈઓ પેઠે એને મનુષ્યનો સહવાસ ગમે છે. પરંતુ નિરંતર ઘરમાં કે ઝાડની ઘટામાં ભરાઈ ન બેસતાં એને રેલવેના તાર પર ઉઘાડમાં ઝૂલવાનો ખૂબ શોખ હોય છે.



ચિત્રગ્રીવનો માળો અને ઈંડાં

૪

આ ત્રણે આપણાં અતિવ્યાપક હોલડાં. એમનાં નરમાદા એક જ રૂપરંગવાળાં. હાથમાં લીધા સિવાય બંનેનો ભેદ પારખવો (અનુસંધાન આગળ પાન ૨૨૨ મે)

---

૬ તદ્વિદોની ભાષામાં Turtur risorius

૭ આવા જ તાદ્રશ્ય વર્ણન માટે, કુમારસંભવ: ૪-૨૭ —

तदिदं कणशो विकीर्यते
पवनैः भस्म कपोतकर्बुरम् ॥


૮ T. suratensis

૯ T. senegalensis

આ જમાનામાં આપણે ઘણા લોકોને ઘણી વાર બૂમો પાડતા સાંભળીએ છીએ કે

માથું દુખે છે

પણ શાથી? નથી એનો કોઇ વિચાર કરતું; નથી કોઇ તપાસ કરતું. આ લેખ તમને એનાં કારણ અને નિવારણ બંને સમજાવશે.



SEVEN CAUSES OF HEADACHE
माथुं दुखवानां सात कारणो

માથાનો દુખાવો, એ શરીરમાં એક કે વધુ જગ્યાએ અવ્યવસ્થા થયાનું ચિહ્ન છે. એ રોગ નથી, પણ શરીરમાં રોગનું અસ્તિત્વ હોવાની લાલ બત્તી છે. શરીરનો કોઇ પણ અવયવ જ્યારે બરાબર કામ કરતો ન હોય, ત્યારે કુદરત દુઃખ, સોજો, ચામડીનાં દર્દો, સળેખમ, વાયુ, અને એવી જ બીજી જે અનેક ચેતવણીઓ મોકલાવે છે, એમાં માથાનો દુખાવો એ એક મુખ્ય ચેતવણી છે.

માથું દુખવાનાં કારણો અનેક હોય છે. ખૂબ ભૂખ લાગી હોય ત્યારે પણ માથું દુખે. માથામાં શરદી લાગે અથવા વધુપડતા લોહીનો જમાવ થવાથી દુઃખે અને શારીરિક કે માનસિક આઘાત થવાથી પણ દુખે. એ ઉપરાંત કબજીઆત, કાનનું વહેવું, નબળી આંખો, પાંડુરોગ એ બીજાં મુખ્ય કારણો છે. પરંતુ આ બધી યે ફરિયાદો અયોગ્ય પાચનથી અને બરાબર દસ્ત ન થવાને લીધે દૂષિત બનેલા લોહીને કારણે જન્મે છે.

જ્યારે શરીરની અંદર વિજાતીય દ્રવ્ય (Morbid Matter) અતિશય પ્રમાણમાં એકઠું થાય છે, અને મલોત્સર્ગના અવયવો મારફતે એનો જોઇતી ઝડપથી નિકાલ નથી થતો, ત્યારે એ વધારાનો ઝેરી કચરો લોહીમાંથી જુદાજુદા અવયવો તરફ જાય છે, અને નબળા અવયવોમાં વધુ પ્રમાણમાં એકઠો થાય છે. આ કચરામાંનો જ્યારે કેટલોક કચરો મગજ તરફ જાય છે, ત્યારે તેના ઝેરથી ત્યાંના નાજુક જ્ઞાનતંતુઓ ક્ષોભ પામે છે, અને માથામાં વેદના થતી જણાય છે.

માથાના દુખાવાના પણ પ્રકારો અનેક છે. જ્યારે માથાની પાછલી બાજુ દુખાવો હોય ત્યારે એ જ્ઞાનતંતુઓની અશક્તિ, નાક અથવા કાનના વ્યાધિઓ અગર તો મગજના એ ભાગના કોઇ રોગને લીધે હોય છે. કપાળ આગળ અથવા તો માથાની બંને બાજુએ જો દુખાવો હોય તો તે હોજરી, નાનાં આંતરડાં, અને કોઠામાં કંઇક અવ્યવસ્થા થઇ છે એ દર્શાવે છે. બોચી આગળ કે ખભા ઉપર જો સણકા નાખતા હોય તો તે ગુર્દાના કે મેરૂદંડના કોઇ વ્યાધિના પરિણામરૂપ હોય છે.

જ્યારે કોઇ પણ માણસ કાયમી (chronic) શિરોવેદનાથી પીડાતો હોય છે, ત્યારે એનું કારણ અતિશય દૂષિત રક્તપ્રવાહ, મગજ ઉપર ગાંઠ, લોહીનું ઊંચું દબાણ, અથવા તો શરીરમાંની કોઇ યાંત્રિક (mechanical) અડચણ હોય છે. કેટલાક લોકોને શિરોવેદનાના હુમલા અવારનવાર આવે છે. આ ફરિયાદના મૂળમાં કબજિયાત, અપચો, કલેજાની શિથિલતા, પૂરતી ઊંઘનો કે ચોકખી હવાનો અભાવ, અતિ શ્રમ, અતિ ચિંતા અને અતિશય કૉફીસેવન જેવાં કારણો હોય છે. આધાશીશીનું કારણ શરીરની એક જ બાજુ એકઠો થએલો વધુપડતો મળ હોય છે.

ઉપર દર્શાવ્યા એ ઉપરાંત પણ માથાના દુખાવાના બીજા કેટલાક પ્રકારો છે. પણ એ સૌનું મૂળ જો તપાસીએ તો એ જણાયા સિવાય નહિ રહે કે અકુદરતી રહેણીકરણીને લીધે શરીરમાં એકઠાં થએલા દોષ અને વિષ આ ફરિયાદને માટે જવાબદાર છે.

આ ફરિયાદ 'મટાડવા' માટે ઍસ્પિરિન જેવી

ઝેરી દવાઓ વાપરવી એનાથી વધારે મૂર્ખાઈભરેલું બીજું શું હોઈ શકે? એને લીધે ઝેરમાં ઝેર ઉમેરાય છે, અને શરીર ઉપર બમણો બોજો પડે છે. ભણેલા અને સુધરેલા લોકોનું એ અરીણ છે. ઍસેટિક અને સૅલિ-સાઇલિક ઍસિડોના મિશ્રણથી તે બને છે. સૅલિ-સાઇલિક ઍસિડ જ મુખ્યત્વે ઍસ્પિરિનના બંધાણી-ઓના ગંધાતા શ્વાસ માટે જવાબદાર હોય છે.

આ દવાથી નાના આંતરડાનાં ચાંદાં અને ચામડીની ખંજવાળ પેદા થાય છે. લોહી ઉપર એની અસર ક્વિનાઇનની અસરને મળતી છે. ઍસ્પિરિન-ના બંધાણીઓ હમેશાં છીછરી રીતે શ્વાસોચ્છ્વાસ કરવાવાળા હોય છે, એનું કારણ શ્વાસોચ્છ્વાસના જ્ઞાનતંતુઓને ઍસ્પિરિન ઢીલા કરી દે છે એ છે.

માથાના દુખાવા જેવી કુદરતની માયાળુ ચેત-વણીને ઍસ્પિરિનથી ચૂપ કરી દેવી એનો અર્થ એ થયો, કે ઘરમાં પેઠેલા ચોર માટે ભસીને ચેતવણી આપતા વફાદાર કૂતરાને ઠાર કરવો! ઍસ્પિરિન તેમજ શિરોવેદનાની બીજી એવી અકસીર મનાતી દવાના બંધાણીઓને ધીમે ધીમે એ દવાની માત્રા વધારવી જ પડે છે અને મૂળ રોગ તરફ બેદરકારી સેવવાથી એ વધતો જઈ એક દિવસ દર્દીનો જીવ લે છે. ઍસ્પિરિનની અતિમાત્રાથી થતાં મરણો પણ અસામાન્ય નથી. અચાનક હૃદય અટકી પડવાના અનેક કેસોમાં સાચું કારણ આ દવાનો શરીરમાં થએલો અતિસંચય છે. માથાના દુખાવાનો દર્દી આ ભ્રમમાંથી જેમ વહેલો મુક્ત થાય તેટલું વધુ સારૂં.

કુદરતી ઉપચારની નજરે આ ફરિયાદની સાચી સારવાર એનાં મૂળ કારણો શોધી કાઢીને તેમને દૂર કરવામાં જ રહેલી છે. જો માથું દુખવાની ફરિયાદ કાયમી હોય તો શાસ્ત્રીય રીતે થોડાક ઉપવાસ કરવા જોઇએ, જેથી લોહી જૂના અને જામેલા મળના ઝડપથી નિકાસ કરી શકે. જો કાયમી કબજીઆત હોય તો ઉપવાસની સાથે સાથે એનીમા પણ લેવો જોઇએ. ખોરાક ઉપર આવી ગયા પછી, ખોરાકમાં થૂલું, ફળ અને ભાજીનું પ્રમાણ છૂટથી રાખવાથી કબજીઆત કુદરતી રીતે જ દૂર થશે. નિયમિત અને પ્રમાણસર વ્યાયામથી સ્નાયુઓ સશક્ત બનશે અને લોહી શુદ્ધ થશે.

એ જ રીતે પૂરતા પ્રમાણમાં પાણી પીવાનું અને રાત્રે સૂતી વખતે સ્વચ્છ હવા મેળવવાનું ભૂલાવું ન જોઇએ. ઉજાગરા અને કૉફીસેવન એ બંને અનિષ્ટો સાથેસાથે જ આવે છે, અને જાય છે પણ સાથેસાથે. ચાલુ કૉફીની જગ્યાએ સોયાબીનની કૉફી વાપરી શકાય. ભાજીઓના રસ જો યોગ્ય પ્રમાણમાં નિય-મિત રીતે લઇ શકાય તો એ કબજીઆત અટકાવવા ઉપરાંત લોહીને શુદ્ધ બનાવવાનું તેમ જ શરીરને ક્ષારો અને પ્રજીવકો જેવાં આરોગ્યને માટે અનિવાર્ય તત્ત્વો પૂરાં પાડવાનું કાર્ય બજાવશે.

માથાનો દુખાવો,—પછી ભલેને એ ગમે એટલો હળવો હોય,—દર્શાવે છે કે શરીરમાં કંઇક અવ્ય-વસ્થા થઇ છે, અને એને વખતસર સુવ્યવસ્થિત કરવું જોઇએ. આ સુવ્યવસ્થા સાદા, સોંઘા અને નિર્ભય કુદરતી ઇલાજોથી જ લાવી શકાય છે. શરૂ-આતમાં ક્ષણિક ફાયદો બતાવતી, પણ સરવાળે ભયંકર પરિણામો આપતી, અને જ્ઞાનતંતુઓને ઢીલાઢસ કરી નાખી કુદરતના ચેતવણીના માર્ગો રૂંધી નાખતી, ફરેબી દવાઓથી સાવધ રહો.

કસરત, ખોરાક, પાણી, પ્રકાશ અને હવા એ પાંચ મોટામાં મોટા અશ્વિનીકુમારો છે. કોઇ પણ વ્યાધિ કે વેદના ઉપર એમની સારવાર નિષ્ફળ નીવડતી નથી.

રમણલાલ એન્જિનીઅર

હોલો

(અનુસંધાન પાન ૨૨૦થી) અશક્ય. જ્યારે હોલાની ચોથી જાત Ruddy Ring dove[10] માં નરમાદા બંને ભિન્નભિન્ન વર્ણનાં[11] હોય છે.

નરનો રંગ ઇંટના જેવો મેલો લાલ. માથું રાખોડી રંગનું. ગળા પર કાળો અરધો કાંઠલો, દાઢી ધોળી, પાંખો લાલ છાયાવાળી.

માદા આખા શરીરે ગોરાડુ માટી જેવા મેલા બદામી રંગની. પાંખોમાં લાલાશ નથી હોતી. કદમાં નરથી સહેજ નાની.

આ ચોથી જાતના હોલા વ્યાપક ન કહેવાય.


૧૦ Oe. tranquebaricus
૧૧ લૈંગિકવિરૂપતા: Sexual Dimorphism

અમદાવાદમાં મેં ઝાઝા જોયા નથી. જોકે અહીંથી પચીસ ગાઉ પર (સાણંદ છોડયા પછી) વીરમગામની કાચી સડક પર ડગલે ડગલે નજરે પડે છે.

રૂપે રંગે આટલાં અતિ સામાન્ય પ્રતિનાં છતાં મનુષ્યજીવનમાં હોલાં ભારે ભાગ ભજવી રહ્યાં છે. પ્રભુ ખ્રિસ્તના કાનમાં પરમાત્માનો પયગામ કહેનાર હોલો જ હતો, એટલે ખ્રીસ્તી ધર્મમાં એ પંખી અત્યંત શાંત, પવિત્ર અને નિરુપદ્રવી હૈવા ગુણવાળું ગણાયું છે. પણ વ્યવહારમાં એની આ મહત્તા જૂઠી પડે છે. એના જેવું ધમાલિયું, તોફાની, કજીઆળું અને ઇર્ષ્યાખોર પંખી મળવું મુશ્કેલ છે. કબૂતર કંટાળો આપનારૂં ખરૂં પણ નિરુપદ્રવકારી.

ભારતવર્ષમાં પણ હોલાની મથાવટી હલકી છે. એનાં પગલાં, એની બોલી, એનો વસવાટ, એનું દર્શન મનુષ્યને અત્યંત હાનિકર્તા મનાયાં છે. એથી જ એ મનુષ્યનું અત્યંત નિકટવર્તી છતાં પાલનને યોગ્ય નથી ગણાયું.

વનેચર



બટાટાનો જ ખોરાક

પ્રિય ભાઇ 'કુમાર',

તારો પત્ર મળ્યો અને આનંદ થયો કે તને બહુ ભાવતા બટાટા ખૂબ જ સસ્તા થઇ ગયા છે, અને તું રોજ બટાટાની કંઈ ને કંઈ બનાવટ તો બા પાસે કરાવે જ છે ને તને ખાવાની ખૂબ મઝા પડે છે. પણ બટાટાને સ્વાદથી ખાતાં તને બટાટાનાં પોષક તત્ત્વોનો ખ્યાલ નહિ હોય, એટલે આજે આ કાગળમાં તને બટાટા વિષે થોડી ઉપયોગી માહિતી આપવાની ઇચ્છા છે. એક આનાના ત્રણ શેર બટાટા જ્યારે મળતા હોય ત્યારે આ માહિતી તને તો શું પણ બાને તથા બાપાને પણ ઘણી ઉપયોગી થઇ પડશે.

મને એક નવો વિચાર એ સૂઝયો છે કે આ સાલ બ્હેનનાં લગ્ન વખતે સ્નેહીમંડળને હું કહું તેવી રીતે, ફક્ત બટાટાનું જ ભોજન કરાવવું; અને એ વખતે 'ખોરાક તરીકે બટાટાની ઉપયોગિતા' વિષેનું મારૂં ભાષણ રાખવું! હજી તો એ વાતને ઘણા દિવસો બાકી છે; એટલા ગાળામાં બાપાને પણ આ છોકરવાદ કરવા દેવાની રજા આપવા માટે મનાવી શકાશે.

તું લખે છે કે 'અત્યાર સુધીમાં અમે બટાટાની 'પેટીસ' બનાવીને ખાધી, વડાં બનાવ્યાં, કાતરી ખાધી, પૂડા પણ ખાધા, પુલાંઉ બનાવ્યું; હવે શું ખાવું તે સૂઝ નથી પડતી અને બટાટા તો સસ્તા ને સસ્તા થતા જ જાય છે; એકની એક વાનગી વારંવાર ખાવાનો કંટાળો આવે છે. તમારા ખ્યાલમાં કોઈ ચીજ બનાવવાની રહી ગઇ હોય તો લખશો.' ત્યારે મારે તને એટલું જ લખવાનું કે બટાટાની સૌથી અગત્યની વસ્તુ તમે બધા ખાવાની ભૂલી ગયા છો, અને તે જ વસ્તુ હવે પેટ ભરીને ખાધા કરો. એ વસ્તુ બટાટાનાં છોતરાં અને જે પાણીમાં બટાટા બાફવા મૂકયા હોય તે પાણી!

હું દર વખતે તારી મશ્કરી કરૂં છું પણ આ એમ ન માનીશ. આ તો ખાસ અગત્યની વાત છે. બટાટાનું ખરૂં સત્ત્વ જ તેનાં છોડાંમાં છે. એમાં પોટાશ, સોડિયમ ને મૅગ્નેશિયમ જેવાં ઉપયોગી ખનિજ દ્રવ્યો છે.

પણ બટાટાનાં છોડાં ખાવાની વાત તમને બધાને રૂચે એમ મને લાગતું નથી, એટલે એ છોડાંને ઉપયોગમાં લેવાની બીજી રીત બનાવવી પડશે. આપણે શાક કરીએ છીએ તે તપેલીમાં એક ચાળણી મૂકી, અંદર બટાટાનાં છોડાં નાખવાં અને આવી રીતે શાકની અંદર ખનિજ દ્રવ્યો ઉમેરવાં. બટાટાનાં છોડાંવાળું પાણી જો ભાવે તો પીવાના ઉપયોગમાં લેવું, અને ન ભાવે તો પણ દવા તરીકે ગંભીરતાથી પી જવું એવી મારી તને સલાહ છે. આ ખનિજ દ્રવ્યો લોહીમાં જવાથી લોહી 'ઍસિડ' થતું અટકે છે અને શરીરને ઘણા રોગોથી દૂર રાખી શકે છે. તને ખબર હશે કે લોહીમાં જ્યારે યુરિક ઍસિડનું પ્રમાણ વધી જાય ત્યારે 'સંધિવા' થાય છે. એ યુરિક ઍસિડનો

નાશ ઉપર લખ્યાં તે ખનિજ દ્રવ્યો કરી શકે છે.

બટાટાને ખોરાક તરીકે કેટલે દરજ્જે અપનાવી શકાય એ માટે ૧૯૦૯માં કોપનહાગન (ડેન્માર્ક)ના ડૉ. હિન્ડહેડે ઘણા લોકોને બટાટા ઉપર રાખીને પ્રયોગો કર્યા હતા. ડૉ. હિન્ડહેડ જગતના જાણીતા ખાદ્યવિજ્ઞાનશાસ્ત્રી છે અને તેમણે એક ચોપડી પણ લખી છે: 'What to eat and why?" તારા હાથમાં એ આવે તો વાંચવી ભૂલતો નહિ.

આશરે સાડા ત્રણસો વરસ પહેલાં, જ્યારે સર વૉલ્ટર રૅલે અમેરિકાથી ઇંગ્લંડ પહેલવહેલો બટાટાનો કાફલો લાવ્યો ત્યારે યુરોપ સ્કર્વીની મહામારીથી પીડાતું હતું, પણ ખોરાકમાં બટાટાનો વપરાશ વધ્યો ત્યારથી મધ્યયુગની એ મહામારી અદૃશ્ય થઇ ગઇ.

બટાટાની અંદર Vitamin B પ્રચૂર પ્રમાણમાં છે. તને ખબર હશે કે શરીરની વૃદ્ધિ માટે આ વિટામિનની ડૉક્ટરો ભલામણ કરે છે. કેવળ બટાટાના જ ખોરાક ઉપર રહેવા સામે એકલો એક જ વાંધો છે કે તેમાં કૅલ્શ્યમનું તત્ત્વ નથી. પણ જેને કેવળ બટાટા ઉપર જ રહેવું હોય તે તેની સાથે દૂધ, દહીં વગેરે લઇને રહી શકે છે.

અને એક બીજી અગત્યની વાત. બટાટામાં પાણીનું પ્રમાણ ઘણું હોવાથી બટાટાને ખૂબ ચડાવી દેવાથી એની ઉપયોગિતા ઘણી ઓછી થઇ જાય છે. બટાટાને તૈયાર કરવાની સારામાં સારી રીત તો એ જ છે કે તેને સમારીને ઊકળતા પાણીમાં નાખવા અને ધીમે તાપે તૈયાર થવા દેવા. પેટના દરદથી પીડાતા ઘણા દર્દીઓ આવી રીતે બટાટા ખાઇને પોતાનો રોગ મટાડી શક્યા છે.

અને એક ઉત્કૃષ્ટ ખોરાક તરીકે જ નહિ પણ રોગોના ઇલાજ તરીકે બટાટા ઉપયોગી છે એ તો મેં તને લખ્યું જ છે. બટાટાને પચતાં અરધા કલાકથી વધારે વાર લાગતી નથી. પણ બટાટાને તળીને ખાવાની પદ્ધતિ બીલકુલ સારી નથી. 'લુલી બાઇ' ભલે મોઢું મચકોડે, પણ એ લગામ વગરની લુલીને સંયમમાં ન રાખવાથી તો બધા રોગનો માણસ પાયો નાંખે છે એ તું ક્યાં નથી જાણતો? તળવાથી થોડુંક તેલ 'કાર્બોનાઇઝ' થઇ ખોરાક ન પચે તેવો બનાવી મૂકે છે.

કેટલાક લોકો માને છે કે બટાટા ચરબી ઉત્પન્ન કરે છે, પણ હાલની કેટલીક શોધખોળે આ વાત પણ ખોટી જાહેર કરી છે.

તને એક વાત કહું? એક અઠવાડિયા સુધી ફક્ત બટાટા પર જ રહેવાનો પ્રયોગ કરી જો. જો બા અને બાપા ના પાડે તો મારું નામ દેજે, કંઇ થાય તો બધો દોષ મારે માથે છે એમ કહેજે, ને છતાં પણ ન માને તો અહીં આવતો રહેજે. હું, તું અને તારી ભાભી બધા જ એ પ્રયોગ કરીશું.

તારો અભ્યાસ સારો ચાલતો હશે. બા અને બાપાને મારા પ્રણામ કહેજે. બહેન વગર ગમતું નથી. હવે તો એ પારકે ઘેર જશે. ઉષાને નાનપણની જેમ જાણે ખોળામાં બેસાડીને રમાડી લઉં એમ થાય છે. તું એનો નાનો ભાઇ છે અને હું મોટો ભાઇ છું, એટલે લાડ લડાવવાને કોણ વધારે હક્કદાર, તું જ લખજે.

એ જ. લિ૦


મોટાભાઇની આશિષ

ખેડૂત અને ખલાસી

એ બંને જાણે છે કે કશાં આળસ કે તન્દ્રા વગર યોગ્ય મુહૂર્તનો જે લાભ ઉઠાવે છે તેના પાસા હમેશાં સવળા જ પડે છે. સાહસને જ વિજયશ્રી માળા પહેરાવે છે એમ આપણા શૂર પૂર્વજોએ અનુભવથી કહી રાખ્યું છે, અને અત્યંત ચંચળ એવું નશીબ પણ સાહસિક અને જાગરૂક માણસ તરફ પોતાનો પક્ષપાત બચાવવાને લલચાય છે એમ આ જીવનચરિત્ર ઉપરથી આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ.

* * *

ઉપલા શબ્દોમાં કાકાસાહેબ કાલેલકર પોતાના ઉપોદ્ઘાતમાં જેનો પરિચય કરાવે છે એ જીવનચરિત્ર તે પોલૅંડ દેશનું સૈકાજૂનું પારતંત્ર્ય મિટાવનાર અને એ દુર્દૈવી દેશના તારણહાર કાબેલ કર્તવ્યપુરુષ જોસેફ પિલસુદ્સ્કીનું ચરિત્ર. અનેક ગ્રંથો અને માહિતીઓના અભ્યાસ પરથી શ્રી હરિશ્ચન્દ્ર ભટ્ટે એ તૈયાર કર્યું છે અને કુમાર કાર્યાલયે એક રૂપિયે પ્રકટ કર્યું છે.



એવરેસ્ટની ટોચ અને ત્યાં પહોંચવાનો માર્ગ દર્શાવતું એ ગિરિશૃંગનું મૉડેલ (સૌજન્યઃ જ્યૉર્જ ફિલિપ ઍન્ડ સન્સ લિમિટેડ)

ફરી એવરેસ્ટ! અતૃપ્ત રહેલી માનવ વિજિગીષાનું પુનઃ પ્રસ્થાન

માનવની વિજિગીષા ક્યાં જઈ અટકશે એની કોણ અટકળ કરી શકે? પૃથ્વીના અતલ ઊંડાણો જેવાં સાગરતળોથી માંડીને ધરિત્રીના ઉન્નત-શીર્ષ મણિમુકુટો જેવા નગશિખરો સુધી સર્વત્ર એની વિજિગીષા ફરી વળી છે, અને એની આડે આવતી મુસીબતો તો તેને નાઉમેદ કરવાને બદલે ઊલટો નવો જોરસ ચડાવતી આવે છે. એ અદમ્ય વૃત્તિએ હજુ ગઈ પરમે જ પોતાની કરાળતાથી આજ સુધી માનવતાને ડારી રહેલા ઉત્તર ધ્રુવને વીંધી પાર કર્યો; ગઈ કાલે જ આફ્રિકાના પર્વતશિરોમણિ કિલિમાંજારોને પદાક્રાન્ત કર્યો; અને આજે? આજે એ વૃત્તિએ હિંદના અજેય નગાધિરાજ એવરેસ્ટને પરાસ્ત કરવાની હોડ માંડી છે.

આજસુધીમાં એ નગાધિરાજને પદાક્રાન્ત કરવાના એકાદ બે નહિ પણ છ છ ગંજાવર પ્રયાસો થઈ ચૂક્યા છે. ઓણની સાલ, ડબલ્યુ. એચ. ટિલ્મૅનની સરદારી નીચે એવો સાતમો પ્રયાસ થવાનો છે. ગઈ ચડાઈના હ્યુ રટલેજ, જનરલ બ્રુસ કે નૉર્ટન જેવા નામાંકિત સાહસબાજો આ નવી ટોળીમાં નથી, પણ કાંચનજંઘા ને કમેટાચળનો લબ્ધપ્રતિષ્ઠ એફ. એસ. સ્માઇથ, એનો ભેરૂબંધ શિપ્ટન, ઓડેલ વગેરે જેવા નવજવાન ચુનંદા આરોહકો એનો ખંગ વાળી દે છે. કેમ જાણે જવાનીના શઊરની પ્રતિષ્ઠા માટે જ એ એ 'રોમાન્સ'થી અળગા રહ્યા હોય! એમાંનો સ્માઇથ તો ચોથી ચડાઈમાં એવરેસ્ટની ૨૯૧૪૧ ફૂટની ટોચથી માત્ર ૮૦૦ ફૂટ નીચે સુધી પહોંચી આવેલો છે.

ઠંડા પવનનાં ઝાપટાં ને બરફનાં તોફાનો વચ્ચે થઈને પાંગ લા ઘાટ ઓળંગી, એપ્રિલની આખર સુધીમાં પ્રખ્યાત રૉંગબક વિહારમાં પહોંચી, ત્યાં

એવરેસ્ટનાં ચરણોમાં પહેલી અને મુખ્ય છાવણી નાખવાની ઉમેદે આ ટોળીએ પ્રસ્થાન પણ કરી દીધું છે; કારણ, ચોમાસું બેસતાં પહેલાંનાં આ આઠ અઠવાડિયાં જ આરોહણ માટેનો સર્વોત્તમ સમય છે.

દુનિયાનાં સર્વ તીર્થસ્થાનોમાં ઉન્નત એ રૉંગબક વિહારના લામા સાંગ રિમ્પોચી છે ને તિબેટનોના નવ મસ્તકવાળા દેવ ચેંગ્રેસેના તે અવતાર મનાય છે. ચીન ને તિબેટના લાખો યાત્રીઓ એની યાત્રાએ આવે છે. એવરેસ્ટના આરોહણ માટે એનો પરવાનો આવશ્યક છે, અને ૧૯૨૨થી તો દરેક ટુકડી તેના આશીર્વાદ મેળવીને જ આરોહણ આરંભે છે.

આ ટોળી પણ એના પુરોગામીઓના પ્રયાસો પર આધાર રાખીને જ આગળ વધવાની છે. એ બધા પ્રયાસોના આરોહકોએ એટએટલી ક્રિયમાણતાને છેક છેલ્લા ટોચે લઇ જવા છતાં પણ તેમાંનો કોઇ હજુ સફળ શા માટે નથી થતો?

સૌ પહેલું કારણ તો એવરેસ્ટની અતુલ ઊંચાઈ જ ગણી શકાય. એટલી ઊંચાઇએ હવા એટલી તો પાંખી હોય છે કે શ્વાસોચ્છ્વાસ જેટલો પ્રાણવાયુ પણ કેદસાંને ભાગ્યે પૂરો પડે. અને એને લઇને શરીરની નજીવી હીલચાલ પણ વિશેષ શ્રમકર બને છે. ૧૯૨૫ના આરોહકોના બયાન પ્રમાણે તો એક એક પગલે એમને દસ દસ શ્વાસ ખેંચવા પડે છે અને સરેરાશ દસ પગલે તો ફરજિયાત આરામ લેવો પડે છે. ભૂખ તો મરી જ જાય છે, પણ સાથે રંગની પરખ પણ નજરમાંથી ઓસરી જાય છે. એટલી ઊંચાઇએ માણસ ભૂરા, લીલા કે લાલ રંગ વચ્ચેનો ભેદ પણ નથી પારખી શકતો!

અને એ દુઃસહ ઊંચાઇની બીજી વિશેષતા છે ત્યાં આંખને છેતરે એવાં નજરે પડતાં દૃશ્યો (hallucinations). આકાશમાં તરતા દેખાતા એ' અપ્રાકૃતિક દૃશ્યોએ ઘણા આરોહકોને મૂંઝવ્યા છે, ભયભીત પણ બનાવ્યા છે. છેલ્લે જ્યારે કમઠાચળના પ્રખ્યાત આરોહક સ્માઇથે પોતાનો સાથી શિપ્ટન માંદો પડતાં એકલે હાથે ચડાણ આરંભેલું ત્યારે છેવટ સુધી પોતાની પાછળ કોઈ પડતું હોવાનો તેને ભાસ રહેલો. એણે પોતાનાં પુસ્તકોમાં એવા અનેક બનાવો નોંધ્યા છે,—જેને એના બીજા જોડીદાર વાઇન હૅરીસે 'perambulating tea-kettles' તરીકે વર્ણવ્યા છે,—પણ માત્ર નરી હકીકત રૂપે: એનાં કારણોમાં ઊતરવાની એણે મરજી નથી દેખાડી.

આ એવરેસ્ટ ઉપર, ગઇ આરોહક ટુકડીના સરદાર હુ રટલેજના કથન મુજબ, અગાઉ એવરેસ્ટનું જ ચડાણ કરેલા અનુભવીઓની કારી કામ આવે તેમ છે. એનું સીધું ચડાણ ચડવામાં ઓલિમ્પીક પહાડખેડુઓ પણ નિષ્ફળ નીવડે. હાલમાં જ રટલેજે પોતાની છેલ્લી ચડાઇનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. તેનું નામ, 'Everest: The Unfinished Adventure'. આરોહણમાં નડતી એકેએક હરકતની એણે એમાં નિખાલસ દિલે વિશદતાથી ચર્ચા કરી છે. ત્યાંના હવામાનના સામના વગેરે ઉપરાંત એણે શ્રમની કરકસર, ચિત્તની એકાગ્રતા, ચડાણની સંવાદિતા વગેરે પર પણ ખાસ ભાર મૂક્યો છે.

આ બધું જ્ઞાન પચાવીને ૧૯૩૮નો આરોહણનો પ્રયાસ થવાનો છે. આટલા માતબર જ્ઞાન પછી ચોમાસામાં નૉર્થ કૉલ ચડવાની ખતરનાક ભૂલ ફરી વાર થવાનો સંભવ બહુ ઓછો રહે છે. ૧૯૩૫માં શિપ્ટનને અને '૩૬માં હૅરીસને થએલા અનુભવે એ પણ બતાવી આપ્યું છે કે દક્ખણનો ગરમ પવન વાતો હોય ત્યારે અવરેસ્ટનાં બરફોનું ચડાણ મોતને જ નોતરે છે.

છતાં જ્યાં કોઇ પણ બે દિવસે એકસરખી ઋતુ નથી વર્તતી એ મહાકાય ગૌરવોન્નત એવરેસ્ટ માનવના સબળા સંકલ્પબળે પણ એનું વર્ચસ્વ સ્વીકારશે કે કેમ એ શંકા તો રહે જ છે. કયા નરપુંગવને ભાગે એ વિજયશ્રી નિર્માઇ હશે? **'કુમાર'**

નાનુ: એ . . . લાતો કેમ મારે છે? ગયો જન્મ સાંભરે છે કે શું?

અરુ: ઓહ! કેમ ના સાંભરે? ત્યારે આપણે બે ખાસ મિત્રો હતા ને!

~

બચુ: બા! હમણાં જે સ્ટેશન ગયું એનું નામ શું?

બા: હમણાં માથું ન ખા; પછી પૂછજે.

બચુ: ત્યારે બા, આપણો અનુ ત્યાં ઊતરી પડ્યો છે તે?!

~

મહેન્દ્ર: મને ખાસ તો વાપરવાના પૈસા મળતા નથી, પણ વળી બહારગામના મહેમાન આવે તો આપતા જાય.

અરુ: એમ? અમારામાં તો એવો રિવાજ છે કે તેઓ હમેશાં નોકરને આપતા જાય!

પ્રાચીન ઋષિઓના વારસ

[મારી સફર–૧૨] સંત જે કાશીના ધર્મઘેલછાના રણમાં એક મીઠી વીરડી સમા હતા

સવારના સાત વાગ્યા હશે. ધનીરામ ખભે ટુવાલ નાખીને આવ્યો. 'ચાલ, આજ ભેલૂપૂર નહાવા જઇએ.' તેણે કહ્યું.

'નવરો નથી, ભાઇ!' મેં શૂન્ય મને જવાબ આપ્યો.

'પણ તું ફિકરમાં શાની પડચો છે?'

'કાલે રહેવા ક્યાં જવું તેની!'

'કેમ?'

'મહંતે અહીં ન રહેવાની આજ્ઞા કરી છે.'

'કારણ કંઇ?'

'કારણ શું? આર્યસમાજમાં જઇએ માટે.'

'અંહ, ક્યાં એના બાપની જગા છે? ચાલ, નહાવા ચાલ. ન રહેવા દે તો મારી સાથે રહેજે.'

એ તો મને ખેંચી ચાલ્યો. કેવો મસ્ત છોકરો? જાણે ચિંતા જેવું દુનિયામાં કંઇ છે જ નહિ એવું એનું વર્તન! અકારણ હસીને એ હમેશાં તૃપ્ત જણાતો. એને મેં ક્યારે ય ઉદાસ થએલો જોયો નહિ. પણ શી ખબર, કે પ્રકૃતિએ આ ગુણની મૂર્તિ કેવળ થોડા દિવસના પ્રદર્શન માટે જ નમૂના રૂપે ઘડી હશે? મને શી ખબર, કે આજ એનો કાળ એને ભેલૂપૂર ખેંચી જતો હશે! જાણે કેમ એને અંત સમયે સાક્ષી-રૂપે મારી જરૂર હોય! હસતો, કૂદતો મને દોરી ગયો.

ભેલૂપૂર એ કાશીનો એક મહોલ્લો છે. ત્યાં ગંગા કિનારે શહેરને પાણી પૂરૂં પાડવા મોટી ટાંકી બાંધી છે. જ્યાંથી પાણી ખેંચાય છે, તેને ભેલૂપૂરનો ઘાટ કહે છે. અહીં રામનગરથી સીધાં વહીને વાંક વળતાં ગંગાજી કિનારે અથડાય છે, તેથી કિનારો ખૂબ ઊંડો છે. આમે ય શહેર તરફનો ગંગાકિનારો ખૂબ ઊંડો તો છે જ; પણ તેમાં યે ભેલૂપૂર વધારે.

તેલ ચોળીને પાણીમાં કૂદ્યા. નહાવાની મઝા સમજનારને તો ગંગા મૈયાનાં પાણીમાં પડ્યા પછી નીકળવાનું મન ઝટ ન થાય. મને શાંતિથી તરવામાં આનંદ મળતો. ધનીરામને ડૂબકી મારવાનો જાણે કે રોગ! ઘાટને કિનારે ચડીને તેણે દસબારેક ભૂસકા માર્યા. 'જો જે હો!' કહીને હસતાં હસતાં મારી સામે જોયું. એની આંખો અલૌકિક પ્રેમથી ઝગમગી ઊઠી. તેનો ચહેરો દિવ્ય હાસ્ય વડે પ્રકાશ્યો. બસ, એ એની અંતિમ ઝાંખી. એણે ઊંધે માથે તીર સમી ડૂબકી મારી. મૈયાના ઘેરા જળમાં એ આંખને પલકારે સમાઇ ગયો. પાંચ પળ, દસ પળ, વીસ, સાઠ અને અરધો કલાક. ધનીરામ પાણી બહાર નીકળ્યો નહિ. હું તો બાવરો બની ગયો. કિનારે બેઠેલા પંડ્યાઓ અને નહાનારાઓએ ચિત્કાર કર્યો. મારાથી કંઇ જ બોલાયું નહિ. કિનારે આવીને ધનીરામને શોધવા એ જ જગાએ ડૂબકી મારવા દોડ્યો. ઘણાએ રોક્યો:

'આ જગા જ એવી છે. વર્ષમાં બે ત્રણ પ્રસંગ આવા બની જ જાય છે. હવે થવાનું તે થઇ ગયું. ઘાટ જૂનો છે. પાણીમાં નીચે કેટલા યે તૂટેલા ઘાટના અવશેષો પડ્યા છે. તેમાં તે સપડાઇ ગયો. હવે તું જઇશ તો તારા યે એ હાલ થશે. માટે ન જતો.'

છતાં મારૂં હૈયું કેમ માને? પ્રાણની ચિંતાએ મારી ફરજ ચૂકવા જેટલી વ્યવહારૂતા એ વખતે મારામાં નહોતી. આંખમાં બે આંસુ લઇને હું ગંગામાં કૂદ્યો. બધાં અવાક્ થઇ ગયાં.

ડૂબકી મારી, પણ એટલી ઊંડાઇ વીંધીને તળિયે પહોંચવા જેટલી મેં શક્તિ મેળવી નહોતી. વચ્ચેથી જ પાછો ઉપર તરી આવ્યો એમ દસ વીસ ડૂબકીઓ મારી, પણ વ્યર્થ થાકીને કિનારે નીકળી આવ્યો. કેટલાક મલ્લાહ (ખારવા) પણ દયાભાવે પાણીમાં પડ્યા, પણ ધનીરામનો દેહ હાથ લાગ્યો નહિ.

કપાળ કૂટીને નિવાસસ્થાન તરફ પાછો ફર્યો. ઉદાસ ભાવે ગયો હતો અને રોતો રોતો પાછો ફર્યો. ધનીરામના એ અંતિમ અભિનયનું જ ચિત્ર તાજું ને તાજું મારી નજર સામે તર્યા કરે છે.

મણિકર્ણિકા ઘાટ પર આવ્યો ત્યાં એક સહપાઠી વિદ્યાર્થી મને જોઇને દોડી આવ્યો: 'સારૂં થયું તું અહીં મળ્યો. સ્થાનમાં ન જતો.'

'કેમ?'

'મહંતે માણસોને કહી દીધું છે, કે ન માને તો એને મારીને કાઢી મૂકો. એટલે લઠ્ઠ લઇને બધા તારી જ રાહ જુએ છે. માર્યા વિના છોડશે નહિ.'

હઠ કરવા જેવું નહોતું. મારો સામાન લઇ આવવા તેને કહ્યું. હું ઘાટ પર બેઠો. ક્યાં રહેવું, શું ખાવું, એ પ્રશ્ન ઉકેલાતો નહોતો. સહપાઠી મારું પોટલું લઇ આવ્યો. આખો દિવસ અને રાત ઘાટ પર જ કાઢ્યાં.

કાશીમાં રેશમ અને જરીકામનો ઉદ્યોગ પ્રધાન છે. અહીંના જેવું જરીકામ દેશભરમાં બીજે ક્યાંય થતું નથી. અહીંના કારીગરોની કૃતિઓ દૂર દેશાવર જાય છે. સાડીઓ તો દેશ–પ્રસિદ્ધ છે જ. કોઇપણ આકૃતિ દોરી આપો, તે પ્રમાણે જરીનું ભરતકામ કરી આપે છે. સાડીઓની નકલ કરવા વિદેશી લોકોએ યંત્રનો ઉપયોગ કરવા ઘણાં ફાંફાં માર્યાં છે, પણ યંત્ર તે માટે ઉપયોગી થઇ શક્યું નથી. આ ઉદ્યોગની અત્યારે તો પડતી દશા છે, છતાં તે જીવે છે. આ વ્યવસાયને અંગે કાશીમાં અમદાવાદ, સુરત, મુંબાઇ વગેરેના ઘણા ગુજરાતી વેપારીઓ પેઢીઓ નાખી બેઠા છે. તેમના પ્રયત્નથી એક ગુજરાતી વાચનાલય ચાલે છે. બીજે દિવસે હું આ વાચનાલયમાં ગયો. ત્યાં એક વિદ્યાર્થી મને મળ્યો. તેને સ્વાભાવિક રીતે મારા તરફ સન્માન હતું. તે વ્યાકરણના શાસ્ત્રીય ખંડનો અભ્યાસ કરતો હતો. સંકુચિત વાતાવરણમાંથી તે નીકળવા ઇચ્છતો, પણ સાથ કે સહાય મળે નહિ. તેણે મને પોતાની સાથે રહેવા કહ્યું. મારે તો એ જ રોગની દવા જોઇતી હતી. તેની સાથે રહેવા ચાલ્યો ગયો. ખાવા માટે પણ સ્વતંત્ર રીતે જ વ્યવસ્થા કરવા ધાર્યું. કષ્ટ સહીને પણ અંધારી દુનિયાનો સંપર્ક છોડવાનો નિર્ણય કરી લીધો. પ્રયત્ન કરીને મેં એક અંગ્રેજી શાળામાં નામ લખાવી દીધું. મારું ગાડું જેમતેમ ગબડતું ચાલ્યું.

હવે નવા જ વાતાવરણમાં મુકાઇ ગયો. સાર્વજનિક કાર્યોમાં ભાગ લેવા માંડ્યો. શહેરના આગેવાનો સાથે પરિચય વધવા માંડ્યો તેમ તેમ મારો ઉત્સાહ પણ વેગવંતો બનતો ગયો. કૉંગ્રેસ કમિટિ હો, હિંદુ મહાસભા હો, આર્યસમાજ હો, યુવકસંઘ હો, જાતપાંતતોડક મંડળ હો, બધે મારી હાજરી હોય જ. આમ કાશીના સાર્વજનિક ક્ષેત્રમાં મેં માથું માર્યું. પણ મને એક પણ ક્ષેત્રમાં કાર્યકર તરીકે સ્થાન મળતું નહોતું. મને ખબર જ નહોતી, કે સો ટચનું સોનું ઘાટ ઘડવા માટે જરા નરમ પડે; તે માટે તેમાં કંઇક ઉમેરવું જોઇએ. મારી લાગણી, કાર્યપ્રણાલી, વૃત્તિ અને સ્વભાવમાં સો ટકા શુદ્ધતા જાળવવા હમેશાં હું પ્રયત્નશીલ રહેતો હતો. એ જ મારી અસફળતાનું કારણ હતું. સામાજિક કે રાષ્ટ્રીય ક્ષેત્રમાં માનવી વૃત્તિ કામ કરે છે અને માનવી વૃત્તિ અપૂર્ણ જ હોય એવું ન માનતાં હું સમજતો, કે દેવતા પુરુષો જ આ ક્ષેત્રમાં આવે. લોકો પણ એમને દેવતા જ સમજતા હોય છે. એ દેવતાઓની નજરે હું એક કંટક સમો લાગતો હોઉં એમ મને લાગ્યું. અને એથી જ અયોગ્ય છું, એમ પણ દેવતા લોકોને કહેતા સાંભળ્યા. પણ રત્નગર્ભા વસુંધરા દેવતાઓથી જ ક્યાં ભરી છે? મારા જેવા ક્ષુદ્ર અને સીધી બુદ્ધિના લોકો પણ હોય છે. એવા બેત્રણ જણનો મને પરિચય થયો. તેઓ તો આગની ભઠ્ઠી હૈયામાં સમાવી બેઠા હતા. જ્યારે એ ભઠ્ઠી પ્રજળી ઊઠતી ત્યારે આગની લપટો જગતનાં પાપ, અન્યાય, અધર્મ અને અનાચારને એક જ લપકારે બાળી નાખવા ઉગ્ર બનતી. પણ લોકોને મન એ મૂર્ખતા હતી. સો કાગડામાં બેસીને હંસ પોતાનાં રૂપની સાક્ષી લે તો કયો કાગડો તેને સુંદર કહેવા જેટલી નીતિભ્રષ્ટતા સ્વીકારીને પોતાને અવ્યવહારૂ સિદ્ધ કરે?

દિલજલ્યા રહી ન શક્યા. 'પોલપ્રકાશક' નામનું છાપું કાઢી બેઠા. બીજું એમાં લખે કોણ? મને ય નિમંત્રણ મળ્યું. વાહ! જગતને ચાબખા મારવાનો એવો લહાવો જવા કેમ દેવાય? કાશીના સાધુ સંન્યાસીઓનાં પાપ જોઇ જોઇને મારાં રૂંવાડાં બળતાં હતાં. એ અનાચારભર્યાં કર્મો અહીં લખું તો અસભ્ય લાગે. મારે ખાતે એ કામ આવ્યું. હિંદી લખવાની કશી શુદ્ધિ નહોતી. છતાં દિલની વરાળ કાઢવા લખવા માંડ્યો. અમારું 'પોલપ્રકાશક' એ અઠવાડિયામાં જ પ્રસિદ્ધિ પામી ગયું. લોકોને વાંચનમાં ખૂબ રસ પડ્યો. શિષ્ટ લોકોનો ભય હતો, પણ તેમને યે ગમ્યું. અમે ખોટો કાદવ ઉછાળતા નહોતા. કોઇને ઉતારી પાડવા

જરા પ્રયત્ન નહોતા કરતા. અમારાં લખાણોમાં વિવેકભરી ભાષા અને વિચારસરણી રહેતી.

એક સાંજે એક સંન્યાસી અમારામાંથી કોઇ એકને બોલાવવા આવ્યો. કાશીના એક પ્રતિષ્ઠિત સંન્યાસીનું તેડું આવ્યું હતું. મારા સાથીઓને શંકા થઇ કે આ ગુંડાશાહી શહેરમાં સંન્યાસીઓનો વિશ્વાસ નહિ. કોઇ જાતનું કાવતરૂં રચાયું હોય તો કહી ન શકાય. બધાએ ત્યાં જવાની ના કહી. પણ સાહસનો આવો મોકો હું કેમ જવા દઉં? તૈયાર થયો. મિત્રોએ મના કરી. મેં માન્યું નહિ. કહી દીધું કે સાંજ સુધીમાં હું ન આવું તો પોલિસને ખબર આપજો.

માણસ સાથે હું ગયો. સાંકડી ગલીઓમાં આવેલા એક મકાનમાં પેઠા. મકાનમાં ગયા પછી મને પણ શંકા થવા માંડી. રાજા વિક્રમની વાર્તાના અવાવરૂ મહેલ જેવું મકાન હતું. આ ઘરમાં ઝાડુને પ્રવેશ પામવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હશે કે કેમ, એ પણ પ્રશ્ન હતો. આગલું પરસાળ વટાવી અંદરની પરસાળમાં ગયો. દિવસે પણ સૂર્ય ન હોય તેવો અંધકાર વ્યાપ્ત હતો. હું કાંઇ જોઇ શક્યો નહિ.

'બેસો'નો અવાજ સંભળાયો ત્યારે મારી નજર કામ કરી શકી. સામેની પાર પર એક દિગમ્બર વૃદ્ધ વ્યક્તિ સ્થિર બેઠી હતી. પ્રણામ કરી બેઠો. મારા મનમાં આશંકાથી ઉત્પન્ન થએલા ભયનું એક મોજું વહી ગયું.

''પોલપ્રકાશક'ના તંત્રી તમે?' સંન્યાસીએ પૂછ્યું.

'અમે બે ત્રણ મિત્રો મળીને કામ કરીએ છીએ.'

'ઘણું સરસ. આ દુષ્ટ સાધુઓ, સંન્યાસીઓ અને પંડ્યા–પૂજારીઓ પવિત્ર કાશીને નરકધામ બનાવી બેઠા છે. એમની બધી પોલો ખોલો. મારૂં રાજ હોય તો બધાને ફાંસીએ ચડાવું.'

હું તો સ્તબ્ધ બનીને સાંભળી રહ્યો. આ ઘરડો સંન્યાસી વધારે કટ્ટર હોવો જોઇએ એને બદલે આવો સુધારાપ્રિય કેમ?

પછી તો ઘણી વાતો થઇ. તેમના પ્રતિ મારૂં અંતર શ્રદ્ધાથી ભરાઇ ગયું. ૮૦ વર્ષનો એ વૃદ્ધ સંન્યાસી મને પ્રાચીન ઋષિનો વારસ ભાસ્યો. છેવટે તેમણે મને આશીર્વાદ આપ્યા અને ફરી મળતા રહેવાનું કહ્યું. પછી તો અનેક વાર હું તેમને મળ્યો. એ સંન્યાસી, ડૉ. ભગવાનદાસ કે જેઓ હિંદના નામાંકિત દાર્શનિકમાં લેખાય છે, તેમના દર્શનશાસ્ત્રના ગુરુ. તેમના જેવો વિદ્વાન સંન્યાસી કાશીમાં એ વખતે નહોતો. શાસ્ત્રોના હસ્તલિખિત ગ્રંથોના કબાટોના કબાટો તેમની પાસે ભર્યા હતા; પણ બધા અવ્યવસ્થિત પડ્યા હતા. એક વખત મેં કહ્યું: 'સ્વામીજી! આપણી વિદ્યાનો આમ જ લોપ થયો છે. આપ અલભ્ય ગ્રંથોનો વારસ કેમ નથી બનાવતા?'

સ્વામીજી બોલ્યા: 'કોઇ પણ લાયક ચેલો મને મળ્યો નથી. મારા આપેલા વારસામાંથી પાખંડ ફેલાય એ કરતાં મારૂં પાંડિત્ય બીનવારસ રહે એ જ ઉત્તમ.'

સ્વામીજીની અગાધ પાંડિત્ય શક્તિનો એક દાખલો છે. કોઇ એક સંન્યાસીને જનોઈના વિજ્ઞાન ઉપર એટલો પ્રેમ થઇ આવ્યો, કે તેણે સંન્યાસધર્મમાં વર્જિત જનોઇ પહેરી લીધી. કાશીના સંન્યાસીઓ અને પંડિતોએ જબ્બર વિરોધ કર્યો. છેવટે શાસ્ત્રાર્થ કરીને નિર્ણય કરવાનું ઠર્યું: સંન્યાસીને જનોઇ પહેરવાનો અધિકાર છે, એવું પ્રતિપાદન કરવાની હિંમત કોણ કરી શકે? છેવટે આ વૃદ્ધ સંન્યાસી તૈયાર થયા. શાસ્ત્રાર્થમાં સિદ્ધ કરી આપ્યું, કે સંન્યાસી જનોઇ પહેરી શકે!

સાતેક વર્ષ ઉપર તેમનો દેહાંત થયો. આવી અનેક વિભૂતિઓ હજી પણ કાશીમાં છે. તેમની વિદ્યાને વિસ્તરિત કરવા કોઇ પ્રયત્ન કરતું નથી.

એક વખત હું મારા વૃદ્ધ ગુરુજીની સાથે એક વ્યક્તિને મળવા ગયો. મારા ગુરુજી ૯૦ વર્ષના વૃદ્ધ હતા. જાતે ગુજરાતી જ, પણ પેઢીઓ થયાં કાશીમાં વસેલા. જ્યોતિષના પ્રખર વિદ્વાન. તેમણે કાશીના જ્યોતિષીઓને આહ્‌વાન કરેલું કે તમે જ્યોતિષ શીખવતાં વિદ્યાર્થીઓની અરધી ઉમ્મર લઈ લો છો. એ જ જ્યોતિષ હું પાંચ વર્ષમાં શીખવી આપું. મહાન પંડિતોએ એ વાતનો વિરોધ કર્યો, કે જે વિદ્યા શીખવા પાછળ અમે પચીસ ત્રીસ વર્ષ ગાળ્યાં, તે પાંચ વર્ષમાં કેમ શી મવી શકવાની હતી? જવાબમાં ગુરુજીએ સંસ્કૃતમાં એક ગ્રંથ લખ્યો અને પોતાના નામથી તે 'ગોવર્ધન જ્યોતિષ પદ્ધતિ'ના નામે પ્રસિદ્ધ કર્યો. એ એક જ ગ્રંથના અભ્યાસથી વિદ્યાર્થી સંપૂર્ણ જ્યોતિષી બની શકે છે. ગુરુજી વૃદ્ધાવસ્થાને લઇને કોઇને ભણાવતા નહિ, પણ મારી સાહસકથા સાંભળીને પ્રસન્ન થયા હતા. તેઓ પોતે વીસ કે બાવીસ વર્ષની

ઉમરે, આજથી ૬૦ વર્ષ ઉપર જ્યારે મુસાફરીનાં સાધનો પણ નહોતાં તે વેળા, પગપાળા મુસાફરી કરવા ઉપડેલા. તેઓ કહેતા હતા કે કાઠિયાવાડમાં પણ પોતે ગએલા. એ વખતે જામનગરની ગાદી પર જામ વીભોજી હતા. ત્યાં દરબારમાં રાજપંડિત સાથે એમને શાસ્ત્રાર્થ થએલો અને વિજય મેળવીને સરપાવ પ્રાપ્ત કરેલો. વીભાજીએ આપેલું શેલું મને બતાવ્યું. ત્યાંથી ફરતા સરહદ ઓળંગીને કાબૂલ, ઇરાન થતા અરબસ્તાન પહોંચેલા. ત્યાંના લોકોને જ્યોતિષના ચમત્કારો બતાવીને આશ્ચર્યમાં નાખી દીધેલા. હિંદુસ્તાનના લોકો વિષે એ લોકો ઘણી જ શ્રદ્ધા રાખતા હતા. અરબસ્તાનમાંથી તેઓ રમલશાસ્ત્રનાં હસ્તલિખિત પુસ્તકો પોતાની સાથે લઇ આવેલા. પણ ઘરના માણસોની અણસમજને લીધે તે પસ્તી ખરીદનારને વેચાઇ ગયાં! પહેલાં કાશીમાંથી જૂની પસ્તી ખરીદનારા ફેરિયાઓદ્વારા અનેક જૂના ગ્રંથો વિદેશ જતા રહ્યા છે. ગુરુજી કહેતા હતા, કે કેટલાક પરદેશીઓ આવીને મોં માગી કીમત આપવાનું કહી ગ્રંથની નકલો માગતા. પણ મ્લેચ્છને શાસ્ત્રગ્રંથ આપવાનો નિષેધ ગણી કોઇ આપતું નહિ. પાછળથી કોઇએ યુક્તિ કાઢી અને ફેરિયાઓ વડે કામ લીધું. કાશીનાં અનેક ઘરો વંશપરંપરાગત જૂના ગ્રંથોથી ભર્યાં હતાં. પંડિતજી ઘેર ન હોય ત્યારે 'આવાં તો કેટલાં યે પોથાં સડી જાય છે' કહીને પંડિતાણી થોડા ખાનગી પૈસા માટે ગ્રંથ આપી દેતાં. આમ ઘણા ગ્રંથો નીકળી ગયા. ગુરુજી કહેતા હતા, કે એક વખત તો એવો હતો કે આખો દિવસ ફેરિયાઓની બૂમો સંભળાતી.

ગુરુજી સાથે હું તેમના એક મિત્રને મળવા ગયો. ભેલૂપૂર મહોલ્લાના એક મકાનમાં તેઓ રહેતા હતા. અમે ગયા ત્યારે આસન પર તે સ્થિર બેઠા હતા. અમને જોતાં જ બોલ્યા: 'હું પૂજામાંથી નીકળીને આવ્યો. તમે રસ્તામાંથી પાછા કેમ વળી જતા હતા?'

અમે તો આશ્ચર્યમાં પડી ગયા. ખરેખર પૂજાનો વખત હશે સમજીને અમે ન જવાનું વિચારતા હતા. એ વખતે અમારી સાથે પણ કોઇ નહોતું. ફરીને તરત જ તેઓ બોલ્યા: 'તારૂં નામ જીવરામ છે?'

હું તો નવાઇમાં જ પડી ગયો.

આ મહાપુરુષ સ્વરોદય શાસ્ત્રના ઉપાસક હતા. તેઓ લગભગ વીસેક વર્ષથી ઘર બહાર નહોતા નીકળતા. સવારના ચાર વાગ્યાથી તે રાતના નવ સુધી પોતાના નિત્યકર્મમાં પ્રવૃત્ત રહેતા. કેવળ બે વખત જમવા પૂરતો સમય કાઢતા. સ્વરોદય એટલે આપણામાં ચાલતી શ્વાસોચ્છ્વાસની ગતિ. તે ગતિ ગ્રહો અને નક્ષત્રોના પ્રભાવ પ્રમાણે ચાલે છે. એ ગતિનું સૂક્ષ્મ જ્ઞાન મેળવનાર બ્રહ્માંડની પળપળની ઘટનાઓ જાણી શકે છે. આ એક જ વિદ્યા એવી છે કે જેને માટે ભારત દેશ જગતના આજના મહાન વૈજ્ઞાનિકોને પૂછી શકે છે કે 'છે, તમારામાં આનું વિજ્ઞાન સમજવાની શક્તિ?' કોઇ હા કહી શકે એમ છે જ નહિ.

આ વ્યક્તિએ એ શાસ્ત્રમાં કંઇક વિશેષ સફળતા મેળવી હતી. વગર ઘડીઆળે કલાક, મિનિટ અને પળ કહી આપતા. જ્યોતિષની વગર ગણતરીએ કયો ગ્રહ કયાં છે, તે કહી આપતા. એક જર્મન વિદ્વાન કાશીમાં આવેલો. તેણે તેમની મુલાકાત કરીને બુધ ગ્રહ એ વખતે કયાં હશે તે પૂછેલું. તેમણે બરાબર કહી આપેલું જર્મને તેમણે જર્મની આવીને લાખો પૌંડ પેદા કરવાનું નિમંત્રણ આપેલું. તેમણે જવાબ આપેલો: 'તમે લોકો વિદ્યાની કીમત કેવળ દ્રવ્યોપાર્જન જ સમજો છો. ભારતવર્ષની વિદ્યાઓ આત્મસાક્ષાત્કાર માટે છે. આ અર્થવાદના જમાનામાં આત્મસાક્ષાત્કારની આ વિદ્યા અલોપ થતી જાય છે ને તેને સ્થાને અર્થસાધ્ય વિદ્યાઓ ઉત્પન્ન થઇ રહી છે.'

(ચાલુ)

જીવરામ જોષી

ઈસ્ટ ઇંડિયા કંપનીના વખત ટપાલની ટિકિટો ખરીદવી છે?

ફાગણ અંકની માધુકરીમાં "હિંદની પોસ્ટની ટિકિટો" નામનો લેખ વાંચીને રા. છનાલાલ મણિલાલ દોશી જણાવે છે કે તેમની પાસે ઈસ્ટ ઇંડિયા કંપનીના વખતની તેમજ વિકટોરિયા, એડવર્ડ ૭મા તથા પંચમ જ્યૉર્જની ન્યૂ દિલ્હી વગેરેની જુદીજુદી ટિકિટો વેચવાની છે. જેમને ખરીદવાની ઇચ્છા હોય તેમણે તેમની સાથે દોશીવાડો, વીજાપુર, ઉ. ગુજરાત એ સરનામે પત્રવ્યવહાર કરવો.



અને નજીકની

ભૂમધ્યનું તારાજ થતું મોતી

એક વખતનું સાર્વભૌમ સ્પેન આજે આંતર વિગ્રહમાં સળગી રહ્યું છે. એક વખતના ખંડેખંડના વિજેતા એના સૈનિકો આજે પોતાનાં ભાંડુઓને કલેજે સંગીનો ભોંકી રહ્યા છે, ગૅસોથી ગૂંગળાવી રહ્યા છે. ગ્રીકોનું આઇબેરિયા, રોમનો ને મૂરોનું હિસ્પાનિયા, ભૂમધ્યનું મોતી સ્પેન આજે એ ગૃહકલહથી તારાજ થતું જાય છે.

અને એ તારાજીનું કારણ જૂઠા પ્રચાર અર્થે દર્શાવવામાં આવે છે તેમ પ્રજાતંત્ર, રાજાતંત્ર, ફાસિઝમ કે કૉમ્યુનિઝમ કંઇ નથી. એનો સવાલ ફક્ત રોટી ને શાંતિનો છે. સ્પેનનો ૮૦ ટકા વર્ગ શ્રમજીવીઓનો છે. ૧૯૩૧માં આલ્ફોન્ઝોના ગાદીત્યાગ બાદ એ શ્રમજીવીઓની બહુમતીએ સ્પેન પ્રજાસત્તાક બન્યું. તેના શાસકવર્ગે (dominating classes) તેનો વિરોધ કરી, પોતાનાં સ્થાપિત હિતો રક્ષવા કાવતરાં રચ્યાં. એમાંનો એક ને સૌથી વગદાર હતો મૉરૉક્કોનો સેનાપતિ ફ્રાન્સિસ્કો ફ્રાન્કો.

પ્રજાસત્તાકે એને બરતરફ કર્યો ને એ સાથે જ બર્લિન ને રોમની સહાયે એણે ૧૯૩૬ના જુલાઇની ૧૭ મીએ મૉરૉક્કોમાં બળવો જગાવ્યો. એક જ ઝપાટે એણે મૉરૉક્કો સર કર્યું ને એ વિજય સાથે જ તેને સ્પેનના રાજવાદીઓ (carlists), લશ્કરી અમલદારો, સિવિલ ગાર્ડ, જમીનદારો વગેરે આવી મળ્યા ને નાણાં ને પોતાનાં સાધનો તેને ધરી દીધાં. એ નવી મદદ મળતાં ફ્રાન્કોએ આફ્રિકા ઓળંગ્યું, ઑગસ્ટની ૮મીએ સ્પેનની ભૂમિ પર બદાજેઝ મુકામે તે આવી લાગ્યો.

પછી તો વંટોળ જેમ તેનું લશ્કર કત્લેઆમ ચલાવતું સ્પેનની છાતી પર ફરી વળ્યું ને ઈરૂન, સાન સેબાસ્ચન વગેરે જીતી, બાસ્કના પ્રખ્યાત ઘેરા પછી સપ્ટેમ્બર મહિનામાં તો તે રાજધાની માડ્રિડ સુધી આવી પહોંચ્યું.

પણ સ્પેનની ચાલુ સરકાર જે 'પૉપ્યુલર ફ્રન્ટ' નામે ઓળખાય છે તેણે પણ એટલો જ મક્કમ સામનો કર્યો ને પરિણામે બાસ્ક પ્રાંતો, આસ્તુરીઆ તથા કિનારાની પટી સાથેનો સ્પેનનો ત્રીજો ભાગ તેણે સાચવી રાખ્યો. પણ ૧૯૩૭માં બાસ્કનું મુખ્ય શહેર બિલબાઓ પણ ફ્રાન્કોને તાબે ગયું ને આજે એ માડ્રિડ નજીક ધામા નાખી પડ્યો છે.

આ કત્લેઆમ માટે હમદર્દી ઉપજવી સાહજિક જ છે. પણ માત્ર એટલું બસ નથી. એને કારગત બનાવતા ગુપ્ત હેતુઓ પણ જાણવા અગત્યના છે. પહેલાં કહ્યું તેમ સ્પેનની પ્રજાતંત્રવાદી સરકારને રોટી ને શાંતિ સિવાય કશાની ખેવના નથી. એ ઉપરાંત એને કશો વાદ સંરક્ષવો નથી. અને એની ભૂમિસમૃદ્ધિ એવું નિરંતરાય જીવન એને સહેજે બક્ષે એમ છે.

પરંતુ એની એ જ સમૃદ્ધિ આજે ભભકી ઊઠેલી સામ્રાજ્યલિપ્સાને લઇને તેને શાપ સમાન નીવડી છે. એ સમૃદ્ધિનો લાભ ઉઠાવવા હિટલર ને મુસૉલિની આજે ફ્રાન્કોની પીઠ થાબડી રહ્યા છે. એમણે એનું સ્પેનનું સાર્વભૌમત્વ પણ માન્ય રાખ્યું છે. આમ પોતાના રાષ્ટ્રને વિનાશની આગમાં હોમતાં, ફ્રાન્કોને શી સિદ્ધિ મળવાની છે એ તો કોણ જાણે, પણ જર્મની અને ઇટલીને તો કોલસો, લોઢું, તાંબું, ઊન, સીસું, પારો—એવો અનેકવિધ કાચા માલનો અકલ્પ્ય ખજાનો હાથ લાગવાનો જ છે.

જે સંસ્થાનો જર્મની પાછાં માગે છે

ઇ. સ. ૧૯૧૪ના ખેદનાક મહાયુદ્ધમાં ઊતર્યા પહેલાંની પોતાની વગ જર્મની પાછી માગે છે. તેની પહેલી માગણી મહાયુદ્ધના અંત બાદ તેણે ગુમાવેલાં સંસ્થાનોની છે. જેમ દિવસો વીતે છે તેમ એ સવાલ વધુ વિકટ બનતો જાય છે.

યુદ્ધ પછી જર્મનોને આશ્વાસન અપાયું હતું કે એ સંસ્થાનો કોઇ રાષ્ટ્રીય કબજાગીરીમાં નહિ પણ મૅન્ડેટની સત્તા હેઠળ રહેશે. આજે એ આશ્વાસન પોકળ ઠરી ચૂક્યું છે. જર્મનીની વધતી જતી વસતિને સમાવવા માટે પણ એ સંસ્થાનોની આવશ્યકતા તેને વધી છે. ત્યારે આપણે એ સંસ્થાનો પર ઊડતી નજર નાખી જઇએ.

જર્મન નૈઋત્ય આફ્રિકા એ મહાયુદ્ધ પહેલાં જર્મનીનું એક અગત્યનું સંસ્થાન હતું, કારણ તેમાં હીરાની પુષ્કળ ખાણો આવેલી છે. બાંટુ જાતિઓથી વસાએલો એ પ્રદેશ હાલ યુનિયન ઑફ સાઉથ આફ્રિકાના કબજામાં છે.

જર્મન પૂર્વ આફ્રિકા એનું બીજું સંસ્થાન. બેલ્જિયમને અપાએલ થોડાક પટ સિવાય એ આખો મુલક ટાંગાનિકાને નામે બ્રિટિશ હકુમત હેઠળ છે. જર્મનીનું એ મોટામાં મોટું સંસ્થાન. અને રાજદ્વારી દૃષ્ટિએ તો એ અતિ મહત્ત્વનું છે.

કામેરૂન એ નાઇજીરિયા ને કૉંગો વચ્ચે આવેલો આટલાંટિક કિનારાનો જર્મનીનો ત્રીજો પ્રદેશ. ૨૦૦ માઇલની તેની કિનારરેખા પરનાં બંદરો પર હાથીદાંત, તેલ, રબર ને ઈમારતી લાકડાંનો વેપાર ધમધોકાર ચાલતો.

અને ચોથું ટોગોલૅંડ સંસ્થાન એ જર્મનીનું આફ્રિકામાંનું નાનામાં નાનું સંસ્થાન. આ પ્રદેશને શહેનશાહત તરફથી કશી જાતની મદદ લેવી પડી ન હતી.

આફ્રિકાના આ પ્રદેશો સિવાય પાસિફિકમાં પણ જર્મનીનો ઠીકઠીક પ્રદેશ હતો. મોટામાં મોટું ન્યૂ ગીની જેનો વિસ્તાર ૭૦,૦૦૦ માઇલ હતો. તે ઉપરાંત બિસ્માર્ક ટાપુ-

ઓનો સમૂહ તથા સામોઅન, કૅરોલિન ને માર્શલ ટાપુઓ પણ તેના કબજામાં હતા.

આ બધાં યે સંસ્થાનો જર્મની હવે પાછાં માગે છે. એ માગણી કેટલે અંશે સંતોષાય છે એ જોવાનું છે.

◖ બ્રિટનના બચાવખાતાના પ્રધાન સર ટોમસ ઇન્સ્કીપે રૂગ્બી ખાતે કરેલા ભાષણ મુજબ બ્રિટને છેલ્લાં બે વર્ષમાં ૨૮ કરોડ ૮૦ લાખ પૌંડ શસ્ત્રસજાવટ પાછળ ખર્ચ્યા છે ને એ સજાવટ માટે હાલ છવીસ કારખાનાં કામ કરી રહ્યાં છે.

◖ ચાલુ વર્ષના ક્રિકેટના ઉત્તમ ખેલાડી તરીકે હિંદી જીમખાનાની કારોબારી કમિટીએ મિ. એલ. આર. તેરસી ગોલ્ડ મેડલ મેજર નાયડુને આપવાનો ઠરાવ કર્યો છે.

◖ વડોદરા રાજ્ય તરફથી અમરેલીના ટીંબામાં ચાલતા ખોદકામમાંથી માટીનું એક ટેરાકોટા સીલ મળી આવ્યું છે. વલ્લભવંશમાં થએલા ૯ મા રાજા શીલાદિત્યના સમયનું તે માનવામાં આવે છે.

◖ કવેટા ભૂકમ્પને પરિણામે ધસી પડેલા જમીનના ભાગોના વિસ્તારમાં તાંબા, કોલસા અને લોઢાના ખાણોની ભાળ જડી છે.

◖ હિંદના જીઓલૉજિકલ સર્વેવાળા મિ. જે. બી. ઑડેનના કહેવા મુજબ ગંગાનો જ્યાંથી ઉદ્દ્ગમ થાય છે એ ગંગોત્રીનો હિમગિરિ પોતાની મૂળ જગ્યાએથી ખસતો જાય છે.

◖ બિહારના કેળવણી ખાતાના પ્રધાનની જાહેરાત મુજબ થોડા જ માસમાં ત્યાં લશ્કરી તાલીમ માટેની શાળા ખોલવામાં આવશે ને વિદ્યાર્થીઓને લશ્કરી ઉપરાંત વિમાની બાબતનું શિક્ષણ ને તાલીમ પણ આપવામાં આવશે.

◖ નાશિક ખાતેની ભોંસલે લશ્કરી શાળાની ઉદ્દ્ઘાટન ક્રિયા તા. ૨૯મી માર્ચના રોજ ગ્વાલિયરના મહારાજાને હાથે થઇ.

◖ હરિજન બાળકોને અભ્યાસમાં ઉત્તેજન આપવા માટે વડોદરા રાજ્યે રૂા. ૧૫૦૦ની શિષ્યવૃત્તિ મંજૂર કરી છે.

◖ ઑસ્ટ્રિયાના મહાન ઉદ્યોગપતિ અને ક્રપના પોલાદના જાણીતા કારખાનાદાર હર આર્થર ક્રપનું અવસાન થયું છે.

◖ અમદાવાદના એક ડૉકટર શ્રી અંકલેશ્વરીઆએ બંગાળની સરકારને રૂા. બે લાખ એવી શરતે આપવાની જાહેરાત કરી છે કે તેમાંથી એક કૉલેજ ઑવ ફાર્મસી ખોલવામાં આવે અને તેને માટે જમીન અને નિભાવખર્ચ સરકાર જાતે આપે. આ યોજના જો અમલમાં આવશે તો હિંદની એ જાતની એ પહેલી જ કૉલેજ બનશે.

◖ કલકત્તામાં સંપૂર્ણ દેશી સાયકલો તૈયાર કરવા માટે એક કારખાનું બંધાઇ રહ્યું છે.

◖ પૂના નજીક આવેલા બેડસા અને બહાગી પાસેની એક ગુફામાંથી કેટલાંક પ્રાચીન ભિત્તિચિત્રોની ભાળ લાગી છે. અત્યાર સુધી ઇસુની સાતમી સદીનાં અજંતાનાં ચિત્રો તથા મધ્ય હિંદમાં આવેલા રામગઢનાં ચિત્રો પ્રાચીનમાં પ્રાચીન મનાતાં હતાં, પણ આ ચિત્રો એથી યે એક સદી પુરાણાં છે.

દલ્લી સે'ર જોવા

દાયરાની ઠઠ્ઠ જામી છે. કસુંબાપાણી ચાલી રહ્યાં છે. વાળંદ આ બાજુથી તે બાજુ દાયરાના કાંમકાજમાં દોડાદોડ કરી રહ્યો છે. બહારગામથી કાલે આવેલ ગઢવી વાતોની ઝડી વરસાવી રહ્યા છે. વચ્ચે વચ્ચે હોકાની ગુડગુડાટી સંભળાય છે. બાપુ અને બીજો દાયરો રંગમાં બેઠો છે.

એ વખતે ગઢવી બોલ્યા, 'બાપુ, ઇ બધું ઠીક; પણ જેણે આ મનખા દેહે દલ્લી સે'ર ન જોયું એનો મનખો એળે ગ્યો.'

'હેં! એવું તે વળી કેવું સે'ર ઇ ?'

'ઇ તો જેણે માણ્યું હોય ઇ જાણે. વાતોથી શું દા'ડો પાકે ?'

અને ત્યાર પછી ગઢવીએ દિલ્હી શહેરની ભાત ભાતની વાતો કહી. ખૂબ પેટ ભરીને વખાણ કર્યાં. તે દિવસે દાયરો મોડો મોડો ઊઠ્યો.

આ વાતને પંદરેક દહાડાં વીતી ગયા છે. બાપુ અને તેના ભાઇ ખેમુભા બે જ ડેલીએ બેઠા છે. બાપુને દલ્લી સે'ર જોવાની તલપ મનમાં ઊગી છે. બાપુ ખેમુભાને કહે છે, 'ભાઇ, જાવું ઇ વાત સાચી.'

ખેમુભા કહે, 'પણ ક્યાં ?'

બાપુઃ 'દલ્લી સે'ર જોવા. જા, ભાતાંપોતાંનું કહી દે. બીજો જોતો કારવતો સેમાન તું બંધાવી લેજે. બે ઘોડીઉં સાબદી કરજે. આ સાંજે ઘોડાં હાંકી મૂકવાં છે.'

ખેમુભાએ જનાનામાં કહેવરાવી દીધું ને જોઇતો સરસામાન તૈયાર કરાવી લીધો.

સાંજના વાળુ કરી બંનેએ ઘોડાંને એડી મારી દીધી. રસ્તે ચાલતાં બાપુ હાંકયે જતા હતા. અફીણના અમલના જોરમાં વાતો કરતાં થાકતા ન હતા.

બાપુઃ ન્યાં સરકાર રીએ છે.

ખેમુભાઃ હશે.

બાપુઃ તારે તો એને રામરામ કરતા આવશું.

ખેમુભાઃ કરવા જ જોવે ને ?

બાપુઃ ન્યાં તો દુનિયાની ભાતભાતની વસત જડે; ઇ પણ જોતી કારવી લઇ લેશું.

ખેમુભાએ હકારમાં માથું ધૂણાવ્યું.



બચુના કાગળ

બચુ કહે: 'હું માશીઆને કાગળ લખવા બેસું આજ,
કક્કો પૂરો શીખી ગયો છું, ભારે નથી કાંઇ એ કાજ.'
ખુરશી ખુબ નીચી લાગી તેથી ત્યાં પોથા મૂકયા ચાર,
પછી થયા બે પોથા ઉપર બચુભાઇ પોતે અસવાર.

મેજ ઉપર ઝૂકીઝૂકીને કાગળ લાંબા લખતો જાય,
લખી લખીને નીચે નાખે, તે ત્યાં ચોપાસે પથરાય.
એવામાં નાનકડી કીકી આવી મેજ તળે સંતાય,
કાગળ સઘળા દાંત વડે એ વાંચી વાંચીને હરખાય!

ધ્યાન તૂટતાં બચુ જુએ તો
મહેનત એની થઇ બરબાદ,
ગુસ્સામાં ખુરશી પર ઊભા
થૈ જે એણે પાડ્યો સાદ.
ત્યાં તો પોથાં ગયાં ખસી, ને
બચુ પડ્યો ખુરશીની સાથ,
કીકી પણ ત્યાં રોવા લાગી,
પડ્યા વીરને ભીડી બાથ.



લેખક
રમણલાલ સોની

બંને ઘોડાં ચાલ્યાં જતાં હતાં. રસ્તા પરથી બીજો રસ્તો, બીજા પરથી ત્રીજો એમ રસ્તા બદલાતા જતા હતા. અધરાતે તારા આભમાં ટમટમતા હતા. ખોંખારા અને વાતોના ગપાટા મારતા બંને ભાઇઓને દલ્લી સે'ર જોવાના આનંદમાં કેટલો રસ્તો કાપ્યો તેની ખબર ન રહી. રાત વીતી જતી હતી. રસ્તો કપાયે જતો હતો. સવાર પડવાને હજી વાર હતી. બગબગું થયું અને દલ્લી સે'રના દરવાજા દેખાયા.

'પહોંચ્યા તો ખરા.' ખેમુભાએ કહ્યું.

'કેમ ન પહોંચીએ?' બાપુ બોલ્યા.

ધીમે ધીમે દરવાજામાં પહોંચ્યા. અને છેવટે ખુબ થાકેલા હોઈ એક ઘરને ઓટલે બેઠા. ઘોડાં થાકેલાં હોઇ સૂનસામ ઊભાં રહ્યાં. થોડીવારે બંને ઊંઘી ગયા.

સૂરજ ઊગ્યો અને બાપુની એક નોકરડી બહાર આવી અને પાણીના લોટા અને દાતણ મૂકી ગઇ. થોડીવારે પાછી આવી, પણ બંને ભાઇઓ તો હજી ઊંઘતા હતા. છેવટે બંનેને ઉઠાડ્યા અને કહ્યું: 'બાપુ! ઊઠો, દાતણપાણી કરો.'

બાપુ ભરઊંઘમાંથી ઊઠતા આંખો ચોળતા બોલ્યા, 'હેં, એલી રતની! તું આંહી દલ્લી સે'રમાં કયાંથી?'

રતની કહે, 'બાપુ, તમને સપનું આવ્યું કે શું? આ તો આપણું ગામ રામપર અને આ આપણું ઘર છે.'

બાપુ અને ખેમુભા ફાટચે ડોળે રતની સામું જોતા આ વાત સાંભળી રહ્યા અને પછી બોલ્યા, 'માળું! તદીં રસ્તા બદલતા ભૂલી ગ્યા ને ફરી ફરીને આપણે ગામ પાછા મૂઆ.'

ગુલાબસિંહ બારહટ

કહેવત કથન અને કવિતા

કર્યું તે કામ ને વીંધ્યું તે મોતી.

(એને જ મળતાં બીજાં)

ધરમના કામમાં ઢીલ નહિ.
કર્યું તે ખરૂં ને કરશું તે ખોટું.
ટાણે થાય તે નાણે ન થાય.
કોણે દીઠી કાલ?
તાતે ઘાએ મલમપટ્ટો.
ઘડી જાય તે સોનાની.
ઘા ભૂલ્યો તે ભવ ભૂલ્યો.
કાળી ચૌદશ ને આદિતવાર ફરીફરીને ન આવે.

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
પરસુ પ્રલે હોયગી, ફિર કરેગા કબ?

ગયું ધન તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગયો અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.



મધુકરી

(પૃથ્વી) વહો પ્રલયકાળના ભીષણ ઘોર ઝંઝાનિલો,
દહો દુખદ દોહ્યલા દુસહ દુઃખદાવાનલો,
ભલે વિઘ્નવાદળાં વિષમ વૃષ્ટિ વર્ષાવતાં,
અભંગ ઉર શાન્તિથી સકલ સંકટોયે સહું
અને અડગ એકનિષ્ઠ રહું આત્મકર્તવ્યમાં.

—તારાબેન પંડિત

સ્ત્રીશિક્ષણના ભીષ્મપિતામહ ધોંડો કેશવ કર્વે



હિંગણે અને એરંડવણે આજના મહારાષ્ટ્રનાં તીર્થધામો ગણી શકાય. મહિલા વિદ્યાલય, અનાથ બાલિકાશ્રમ, મહિલા ટ્રેનિંગ કૉલેજ, પ્રાથમિક શાળા, મહિલા પાઠશાળા અને મહિલા વિદ્યાપીઠ–સ્ત્રીશિક્ષણની આવી પ્રગલ્ભ મંજરી એ તીર્થધામોમાંથી વર્ષોથી હિંદભરમાં પોતાનો પરિમલ ફેલાવી રહી છે. પણ એ મંજરીને નિત્ય પ્રફુલ્લ રાખવા પાછળ જે કર્મ-યોગીના જીવનભરનાં શ્રમ અને ઉદાત્ત આદર્શશીલતાનું ખાતર પુરાયું છે તેનું મહત્ત્વ તો એ તીર્થધામોથી યે વધી જાય છે. એ કર્મયોગી તે શ્રી ધોંડો કેશવ કર્વે. ગયે મહિને જ હિંદે જેમની ૮૦મી જન્મજયંતી ઊજવી.

રંક માતાપિતાને ઘેર જન્મી, તંગી વચ્ચે જીવી, કર્વેએ પંદર વર્ષની ઉમરે તો છઠ્ઠું ધોરણ પૂરું કર્યું. પણ એ વખતના ધારા મુજબ સત્તર વર્ષ પહેલાં એ ધોરણની પરીક્ષા આપી શકાય એમ ન હોતાં એમણે બે વર્ષ રાહ જોઇ. એ બે વર્ષમાં એમણે ગણિત ને સંસ્કૃતનું સારૂં જ્ઞાન મેળવી લીધું.

પણ પછી પરીક્ષા આપવા ક્યાં જવું એ સવાલ ઊભો થયો. કોલ્હાપુર, મુંબાઇ ને સાતારામાંથી છેવટે સાતારા જવાનું નક્કી કર્યું. ગજવામાં સાત રૂપિયા સાથે એમણે મુસાફરી ખેડી, ચાર દિવસમાં ૧૦૮ માઇલનો પંથ કાપ્યો. પણ ત્યાંના પરીક્ષકને એમનું દુબળું શરીર જોઇ એમની ઉમર સત્તર વર્ષની ન લાગી ને પરીક્ષામાં ન બેસવા દીધા. એટલી જ જહેમતે પાછો પંથ ખેડી કર્વે પાછા વળ્યા ને બીજે વર્ષે કોલ્હાપુરમાં પરીક્ષા આપી.

આ ભણતરનું બધું ખર્ચ એમણે જાતે ઘેર જનોઇ, છત્રીઓ

સ્ત્રીકેળવણીના ભીષ્મપિતામહ જેવા અન્નાસાહેબ કર્વેની આ પ્રતિમા ખુદ ઉપરથી જ તૈયાર કરીને શ્રી વિનાયકરાવ કરમારકરે તેમના જીવનકાર્યને એક કલાઅર્ઘ્ય રૂપે જ સમર્પી છે. નિષ્ણાત હાથે એ ઋષિવર્યની પ્રતિમા નિર્માણ પામી એ ખરેખર આધુનિક ઇતિહાસનું સદ્ભાગ્ય છે. વિશેષ ખૂબી તો એ છે કે શ્રી કરમારકરે હમણાં સીમેન્ટની પ્રતિમાઓ કરવામાં જે નવીન સફળતા પ્રાપ્ત કરી છે તેનો આ એક ઉત્કૃષ્ટ નમૂનો છે. ફોટોગ્રાફ જોતાં કોઇ માની શકે નહિ કે આવા સસ્તા પદાર્થનો તેમાં ઉપયોગ થયો હશે. વિઠ્ઠલનગર માટે સ્વ. વિઠ્ઠલભાઇના શિરોભાગને તેમણે પ્રચંડ કદમાં ઉતાર્યો હતો તે પણ સીમેન્ટકૃતિ જ હતી. આમજનતાના લાભાર્થે આ પ્રયોગ કલાક્ષેત્રમાં અનોખી ઉપયોગિતા પામવાનો.

—ર. મ રા.

વગેરે બનાવી કાઢેલું; પણ અંગ્રેજી ભણતરનું ખર્ચ તો એથી યે વિષમ રીતે એમણે મેળવેલું. મહિને એક રૂપિયાનાં ને અઠવાડિયે બે આનાનાં ટ્યુશનો રાખીને, વસતિગણત્રી વખતે એક રૂપિયા રોજે ગણતરી કરવાનું કામ લઈને એમણે અંગ્રેજી ભણતર પૂરૂં કરેલું અને છેવટે ન પહોંચી શકાતાં દેવું કરીને પણ ૧૮૮૪માં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી એ. થયા.

ત્યાર બાદ એમણે એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ, કૅથેડ્રલ હાઈસ્કૂલ, રાનરામ હાઇસ્કૂલ વગેરેમાં શિક્ષક તરીકેનું કામ કર્યું, પણ એ ઉદરનિર્વાહ પૂરતું જ. એમનું ધ્યેય તો જુદુ જ હતું. સ્ત્રીઓના અસહાય જીવનનું આર્ત રૂદન એમનું દિલ ક્યારનું પીગળાવી રહ્યું હતું. સમાજશરીરના એ અરધા અંગને સંગીન બનાવવામાં, એ વખતે ચાલતા સમાજસુધારાને પુષ્ટ બનાવ્યાનો સંતોષ નહિ પણ સ્ત્રીત્વના સંમાનભર્યા પદની પુનઃપ્રતિષ્ઠા કરી એ દ્વારા સમાજજીવનનું કલ્યાણ સાધવાની મંગલ ભાવના જ તેમના મનમાં વસી રહી હતી અને એ ભાવનાના સૂત્રે જ ત્યાર પછીનું તેમનું જીવન ગૂથાએલું છે.

સમાજસુધારાનો પવન ત્યારે પૂર જોશમાં હતો; પણ એને જીવનમાં ઉતારી બતાવનારા વિરલ જ હતા. એ સ્થિતિચુસ્તતામાં પહેલો આઘાત કર્વેએ જ ઇ. ૧૮૯૩ના રોજ આનંદીબાઈ નામનાં વિધવા સાથે લગ્ન કરીને કર્યો. સમાજનો, ગામનો, કુટુંબનો યે ખોફ આથી તેમને વહોરી લેવો પડ્યો ને શુદ્રથી યે નપાવટ વર્તન તેમના સામે રાખવામાં આવ્યું, પણ કર્વે એથી ન ડગ્યા. પોતાના જેવા બીજા સમાજહાકેશ્વા-ઓને પડખે લઇ એમણે 'વિધવોત્તેજક મંડળી' કાઢી ને એ મંડળીએ તો સામાજિક પુનર્વિધાન માટે લોકમાનસ કેળવી, છ વર્ષમાં તો નવી જ ભૂમિકા તૈયાર કરી દીધી.

પણ મંડળી સ્થાપી થઇ કે કર્વેએ તેનું મંત્રીપદ છોડી વળી બીજી દિશાઓમા ધ્યાન દોડાવ્યું વિધવાઓ માટે સંસ્થાઓ ઊભી કરી, અનાથ સ્ત્રીઓ માટે આશ્રમો ઊભાં કર્યા અને ઝૂંપડાં જેવાં મકાનોમાં એ મુરઝાઇ જતી જિંદગીઓમાં નવશક્તિ આણવાનો મહાયજ્ઞ આરંભ્યો લોકસમાજ જેથી ભડકતો એ સહશિક્ષણના સફળ અખતરા પણ એમણે બાકી ન રાખ્યા. અને એ બધા પ્રયાસો પાછળ વિશુદ્ધિ તો પ્રાથમિક અવસ્થાથી જ સચવાતી આવી છે. એ વખતના એમના પોતાના શબ્દો આ રહ્યા: 'ચારે તરફ કાદવ, પથરા અને બાવળના કાંટા એ અમારી સમૃદ્ધિ. પણ આ કાર્ય દિલની દાઝનું અને સ્વયંસ્ફૂર્તિનું હતું, એટલે અમે તે હર્ષપૂર્વક વધાવી લેતા. કેટલીક વાર તો અંતઃકરણ ભરાઇ જાય, આંખમાંથી આંસુ ચાલ્યાં જાય, છતાં હૈયું કઠણ કરીને પગને આશ્રમને માર્ગે કૂચ કરાવતો હું પ્રભુ ઉપર શ્રદ્ધા રાખીને ચાલ્યો જાઉં.'

આથી ઉત્કૃષ્ટ કર્મયોગ કેવો હોઇ શકે? પંચાવન વર્ષના એવા નિષ્કામ કર્મયોગે જ મહારાષ્ટ્રને આંગણે આવેલાં હિંગણે ને એરંડવણેને આજે ભારતનાં તીર્થધામો બનાવ્યાં છે. એ સાધુચરિત સમાજસેવકનું જીવન, સેવાનું જ એક મહાકાવ્ય છે. એમાં નવા ને નવા સર્ગો ઉમેરાતા જ રહો.

સ્વ. ચિંતામણિ મોરેશ્વર તાંબે

ગયા ડિસેમ્બરના અંતમાં ઝાંસીની ઇતિહાસપ્રસિદ્ધ મહારાણી લક્ષ્મીબાઇના ભાઈ શ્રી ચિંતામણિ મોરેશ્વર તાંબે નાગપુરમાં અવસાન પામ્યા. ઇ. ૧૮૫૬ના એપ્રિલની ૧૨મીએ ઝાંસી મુકામે એમનો જન્મ થએલો. કેટલી યે પુત્રીઓ બાદ પુત્રનું મોં જોવા પામતાં તેમના પિતા મોરો બલવન્ત તાંબેએ તેમના જન્મ પર ખૂબ ધામધૂમ કરી હતી. એમનાં સૌથી મોટાં બહેન મહારાણી લક્ષ્મીબાઈએ નાનાં નાનાં બાળકોની એક સેના તૈયાર કરેલી જે દરરોજ સવારમાં ચિંતામણિના પારણા પાસે જઇ એમનું અભિવાદન કરતી.

ઇ. ૧૮૫૮ના એપ્રિલની ૪ થીએ ઝાંસીનું પતન થયું ત્યારે ચિંતામણિનાં માતા અને માસી તેમને લઇ ત્યાંથી ચાળીસ માઇલ દૂર આવેલા 'ગુલસરાય' મુકામે રવાના થઈ ગયાં. પાંચમી તારીખે તેમના પિતા મોરો બલવન્ત તાંબે ચારસો ઘોડેસવારો સાથે બ્રિટિશ સેનાનો સામનો કરી એ વચ્ચેથી સોંસરા નીકળી ગયા. બાર દિવસ બાદ દાંતિયા રાજ્યમાંથી તેમને પકડવામાં આવ્યા ને ફાંસીએ ચડાવ્યા.

ચિંતામણિનું પાલનપોષણ તેમનાં નાનીએ કર્યું. ૧૮૬૮માં એ એમને ઇંદોર લઈ ગયાં ને ગવર્નર જનરલના એજન્ટને મળી ચિંતામણિ માટે જીવાઇ મેળવી.

ચિંતામણિ પહેલાં રેસીડન્સી સ્કૂલમાં બેઠા ને પછી ઇંદોર મદ્રેસામાં રાયબહાદુર વિનાયકરાવ કીર્તનેની દેખરેખ નીચે મુંબાઇની મૅટ્રિકની પરીક્ષા સુધી અભ્યાસ કર્યો ઇ ૧૮૭૭માં હિન્દી સરકાર મારફત મધ્ય પ્રાંતમાં નાયબ તહસીલદારી મળી ને થોડા જ વખત પછી એ તહસીલદાર બન્યા.



સ્વ. ચિંતામણિ મોરેશ્વર તાંબે

૫૩ વર્ષની વયે એમણે પેન્શન લીધું. એમણે પોતાનાં વીર બહેન મહારાણી લક્ષ્મીબાઇનું ચિત્ર, એમની કટાર અને મહોર સ્મૃતિચિહ્ન રૂપે પોતાની પાસે સુરક્ષિત રાખી હતી. એમના પુત્ર શ્રી ગોવિંદ ચિંતામણિ તાંબે બી. એ., એલ એલ.બી. મધ્યપ્રાંતમાં પ્રસિદ્ધ છે. હાલ તેઓ પોતાની ફોઇ લક્ષ્મીબાઇનું જીવનચરિત્ર લખી રહ્યા છે. (હિંદી 'બાલક')

વિઠ્ઠલનગરમાંનાં ચિત્રો

વિઠ્ઠલનગર મહાસભાના દરવાજાઓ ઉપર શ્રી નંદબાબુએ તૈયાર કરેલાં ગુજરાતની પ્રાચીન શૈલીનાં જે ચિત્રો સુશોભનો તરીકે ગોઠવેલાં હતાં તે બધાં શાન્તિનિકેતનમાં કેવી રીતે તૈયાર થએલાં તેનો વૃત્તાંત ત્યાં અભ્યાસાર્થે ગએલા એક ગુજરાતી ભાઇ હરિવદન ભટ્ટે એક પત્રમાં જણાવેલો તે વાચકોને રસ પડે એવો છે.

બધાં ચિત્રો કરતાં અહીં લગભગ ત્રણ માસનો સમય થયો હતો. એમાંથી લગભગ પોણા બસો જેટલાં ચિત્રો નંદબાબુ, બીજા શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં originals છે, બાકીનાં નંદબાબુનાં ચિત્રોની નકલ છે.

કૉંગ્રેસમાં આવતાં પહેલાં લગભગ બે મહિના આગળથી તેમણે અહીં ચિત્રોની શરૂઆત કરેલી. તેમના અહીંથી ચાલ્યા ગયા પછી પણ એક મહિના સુધી ચિત્રોનું કામ ચાલ્યું. આ ચિત્રો નેપાળી કાગળ પર કરવામાં આવ્યાં હતાં આ કાગળને સીમેન્ટની છો ઉપર માઉન્ટ કરી તેના ઉપર પડીકાના રંગોને ગુંદર સાથે ભેળવી કામ કરેલું. પહેલાં નંદબાબુ ચિત્રો માટે સ્કેચ તૈયાર કરી રાખતા. તે સ્કેચ ઉપરથી, તૈયાર કરેલી બૅકગ્રાઉન્ડ ઉપર પેન્સિલનું આછું ડ્રૉઇંગ તેઓ જ કરતા. વિદ્યાર્થીઓ તે સ્કેચમાં મોટામોટા રંગ ભરવાનું કામ કરતા.

આટલું તૈયાર થયા પછી નંદબાબુ એમની પીંછીની કરામત ચલાવતા અને જોતજોતામાં એક પછી એક ચિત્રો તૈયાર થઇ જતાં. અમે બધા વિદ્યાર્થીઓ આસપાસ ટોળું વળીને શ્વાસ પણ લેતાં ડરતા હોઇએ એવી શાંતિથી જોયા કરતા. અને એ તો એમના પાંત્રીસ વર્ષના અનુભવના રંગે એક પછી એક ચિત્રો રંગ્યે જતા. અમને ચિત્રોની એટલી બધી વિવિધતા —વિષયની દૃષ્ટિએ, રંગની દૃષ્ટિએ, ઢબની દૃષ્ટિએ જોવા મળી. એક જ બેઠકે સામટાં પંદરથી વીસ અને કોઇ કોઈ વાર પચ્ચીસ સુધી ચિત્રો ખેંચી નાખતા.

એમનાં ચિત્રોની ખરી ખૂબી તો ત્યારે જ સમજાતી ગઇ કે જ્યારે અમે તેની નકલ શરૂ કરી. એનું ડ્રૉઈંગ તો અમારે કરવાનું જ નહોતું, કારણ કે ટ્રેઇસિંગ તૈયાર જ હતાં. પણ એ રંગના ટચ અને રેખાઓનું જોર પકડવાં એ અશક્ય હતાં. એ નકલો કરતાં એમનો ગુજરાતની તળપદી અને Decorative કલાનો અભ્યાસ, માનવ આકૃતિ, પ્રાણીઓ વનસ્પતિ વગેરેનું એમનું વિપુલ જ્ઞાન, એ બધાંનો કંઇક અલ્પાંશ અમે સમજી શક્યા.

આ નકલ કરવાનું કામ લગભગ પચીસેક વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ કર્યું. આમાં રંગ ઘોળનારા, કાગળ માઉન્ટ કરનારા બધા જ આવી જાય. આ કામ ચાલતું હતું ત્યારે આખું કલાભવન આ જ કામમાં રોકાઇ ગયું હતું, તેમ કહું તો ચાલે. દરેકે દરેક ઓરડામાં માઉન્ટ કરેલા કાગળ તૈયાર જ રહેતા, રંગનાં કૂંડાં તૈયાર રહેતાં અને ચિત્રો તૈયાર થઇ ગયા પછી તેને ઉખેડી જનાર ટોળી પણ તેની લાકડાની છરી સાથે તૈયાર જ રહેતી.

આ સાથે નંદબાબુએ એ પણ કહાવ્યું છે કે એ બધાં ચિત્રો હાલ વર્ધા ચાલ્યાં ગયાં છે, છતાં એમની ઇચ્છા તો છે જ કે તેમાંથી થોડાંઘણાં ગુજરાતને મળવાં જોઇએ. એ માટે તેમને જો કુમારપ્પા પૂછે તો તેઓ પોતાની ઇચ્છા જણાવશે.

—હરિવદન ભટ્ટ

કિલિમાંજારોનું આરોહણ

વિજયેચ્છુઓ સામે આજ સુધી યે ઉન્નત શીર્ષે સાભિમાન ખડા રહેલા એવરેસ્ટ, નાઙ્ગા પર્વત અને કાંચનજંઘાના આરોહણ-પ્રયાનોમાં આપણે એટલા એક ચિત્તે રસ લઇ રહ્યા છીએ કે કોઇ નાનીસૂની વિજયકથા તરફ તો આપણું ધ્યાન ભાગ્યે જ દોરાય છે, અને દોરાય તો પણ આપણા મન પર તેની બહુ નજીવી અસર થાય છે. એ સાચું છે કે બધા આરોહકો નૉર્ટન કે અર્વિન ન હોઇ શકે, પણ તેથી કંઇ એથી નાનેરા વિજયોનું મહત્ત્વ ઘટી નથી જતું.

કિલિમાંજારોનું તાજેતરનું સફળ આરોહણ પણ એવો જ એક વિજય છે. અને વિશેષ ગૌરવની વાત તો એ છે કે એક તરુણ જર્મન કુમારી ફ્રાઉલીન ઉર્સુલા આલ્બિનસે એને પરાસ્ત કર્યો છે. ત્રણ હજાર ફૂટ ઊંચા પ્રદેશ પર ૧૯,૩૨૧ ફૂટની ઊંચાઇએ જ્વાળામુખી સમા ત્રિકોણમાં ખૂંપેલો કિલિમાંજારો એ આફ્રિકાનો ઊંચામાં ઊંચો પર્વત છે. ફ્રાઉલીને એકલે પંડે તેનું કરેલું આરોહણ એ રીતે સ્ત્રીસામર્થ્ય પ્રત્યે સંમાન જગાવ્યા સિવાય નથી રહેતું.

આઇસલૅન્ડ

ભૂગોળનાં પાઠ્ય પુસ્તકોમાં તો આઇસલૅન્ડના ટાપુનો માત્ર નામ પૂરતો જ ઉલ્લેખ કરવામાં આવે છે, પણ યુરોપના વાયવ્ય ખૂણે આવેલો એ ટાપુ ઓછો રંગદર્શી નથી. ઘણા તો માત્ર થોડાક એસ્કિમો લોકોથી એ વસાએલું માને છે, પરંતુ ખરૂં જોતાં તો એ જગતનો સૌથી સંસ્કૃત અને સુરક્ષિત દેશ છે. એને નથી પોતાના દેશના બચાવ માટે કશાં પગલાં લેવાં પડતાં કે નથી બજેટો ઘડવાં પડતાં. ઇંગ્લંડ અને વેલ્સના સંયુક્ત ક્ષેત્રફળ જેટલું ક્ષેત્રફળ ધરાવવા છતાં એની વસતિ ભાગ્યે એક લાખની થવા જાય. ૧૯૧૮ સુધી તો એ ડેન્માર્કના તાબામાં હતું પણ હાલ સ્વતંત્ર છે.

આઇસલૅન્ડની આસપાસનો ઍટલાંટિક મહાસાગર એ

સૌથી તોફાની દરિયો છે. મુખ્ય ભૂમિ નજીક એક દ્વીપ-સમૂહ છે જે વેસ્ટમાન ટાપુઓ નામથી ઓળખાય છે. ત્યાં માછલાંનો ઉદ્યોગ ધમધોકાર ચાલે છે.

આઇસ્લેન્ડની રાજધાની રેકજાવિક છે. આખા ટાપુની વસતિનો ચોથો ભાગ ત્યાં જ વસે છે. કોઇ જાતની વનસ્પતિ તો ત્યાં ઊગતી જ નથી અને ઇમારતી લાકડાંની આયાત બહુ મોંઘી પડવાથી બધાં ઘર કૉંક્રીટ અને કોરૂગેટેડ પતરાંનાં જ બાંધવામાં આવે છે. રેકજાવિક એ ટાપુને વાયવ્ય ખૂણે આવેલો હોઇ ત્યાં ઓછી ઠંડી પડે છે, જ્યારે બાકીના ભાગની ઠંડી તો અસહ્ય હોય છે

ગરમ પાણીના ત્યાં પુષ્કળ ઝરા હોઇ, ત્યાંના લોકોને તે આશીર્વાદ સમા નીવડ્યા છે. બધું બરફથી જામેલું હોય ત્યારે એ પાણી તેમને અનેક રીતે સહાયક નીવડે છે. એ પાણીની મદદથી ઘરમાં તેઓ નાનાં ફૂલઝાડ પણ ઉગાડે છે.

આખા ટાપુમાં ક્યાં યે પોલીસ હોય તો માત્ર રેકજાવિકમાં. એક કમિશનર ને ૨૫ માણસોનું બનેલું એ ખાતું માત્ર વાહનવ્યવહારનું કામ જ સંભાળે છે. છેલ્લાં આઠ વર્ષમાં તો આખા આઈસ્લૅન્ડમાં એકે ખૂન જ નથી થયેલું! અને ત્યાંના લોકો પ્રજાસત્તાવાદી તો સદીઓથી છે. આજે કોઈ અંગ્રેજ વેસ્ટમિન્સ્ટરની પોતાની શાસનસભાને 'મધર ઑફ પાર્લામેન્ટ' કહી ગૌરવ લે છે, ત્યારે આ લોકો માત્ર ઉપેક્ષામાં હસે છે; કારણ એમની પાર્લામેન્ટ તો છેક ઇ. સ. ૯૩૦થી ચાલી આવે છે!

કાળા લાવા ને ભૂખરી રાખથી ભરચક એ ટાપુની ભૂમિ પર બારે માસ ઝંઝાવાતો, વરસાદનાં ઝાપટાં, બરફનાં તોફાનો, ધરતીકંપો ને જ્વાળામુખીઓ ફાટતા રહે છે, છતાં એ એવું સુખી જીવન ગાળે છે કે જેની હરોળમાં ખીન્તે કોઇ સંસ્કૃત દેશ પણ ઊભો રહી ન શકે.

પ્લાઇવૂડ

'ત્રણ પડનું પાટિયું' એ નામે ઓળખાતા એ પાતળા ને હલકા પાટિયાનો આજકાલ ઠેરઠેર ઉપયોગ થતો આપણે જોઇએ છીએ. થોડાં વર્ષો અગાઉ સ્વપ્ને યે ખ્યાલ નહિ એટલી વિવિધ રીતે એ આપણા જીવનમાં વપરાવા લાગ્યુ છે, અને અભ્યાસકો તો કહે છે કે હજુ તો તેની ઉપયોગિતાનું મંગળાચરણ થયું છે! છતાં આવા ઉપયોગી પદાર્થ વિષે આપણે કેટલું નજીવું જ્ઞાન ધરાવીએ છીએ?

ઘણા લોકો તો તેને હલકું અને સસ્તું નવું લાકડું જ માની લે છે, પણ એ નવું નથી; સદીઓ જૂનું છે. મિસરના ખોદકામમાં તુ-તંખ-આમનની કબરના ફર્નિચરમાં યે તેનો ઉપયોગ મળી આવે છે!

ટૂંકામાં કહીએ તો, પ્લાઇવૂડ એ લાકડાના પાતળા પડો (plies અથવા veneers) એક બીજા સાથે ચોંટાડીને બનાવાય છે. એનાં પડોનો કંઇ ચોકસ હિસાબ નથી હોતો. અરધા ઇંચ જાડાઇના પાટિયામાં ૩ પડોથી માંડી ૪૫ પડો આમ ચોંટાડેલા હોય છે. પણ સામાન્યતઃ લગભગ એક મિલિમીટર જેટલી જાડાઇમાં ત્રણ પડોના ફિનિશિંગવાળાં પાટિયાં બનાવવામાં આવે છે.

પ્લાઇવૂડની બનાવટમાં વપરાતાં લાકડાંની જાતો તરેહવાર હોય છે ને લગભગ દરેક દેશ તેમાં ફાળો આપે છે. તેમાં સૌથી વધુ પસંદગી બર્ચ, ઑલ્ડર ને પાઈનને મળે છે; ને તેના સૌથી જબરા ઉત્પાદક દેશો રશિયા, ફિન્લૅન્ડ, પોલૅન્ડ, લૅટ્વિયા ને અમેરિકા છે.

આધુનિક પ્લાઇવૂડના ઉત્પાદનમાં સૌથી વધુ સહાય કોઇ શોધે કરી હોય તો તે રોટરી કટિંગ લેથે કરી છે. આજે લગભગ ૯૫ ટકા પ્લાઈવૂડ એ જ પદ્ધતિએ બને છે. એ માટે આપણે એની બનાવટનો આખો ક્રમ તપાસી જઇએ. પહેલાં તો માફકસર કદમાં વહેરેલાં લાકડાં મિલમાં જમા થાય છે. ત્યાર બાદ એ લાકડાંને નરમ બનાવવા માટે વરાળ મારફત ખૂબ ગરમી આપવામાં આવે છે. ગરમી મળી જતાં તેની છાલ ઉતારી નાખી આખું લાકડું રોટરી લેથ નીચે આડું મૂકવામાં આવે છે, એટલે એની અણીદાર કરવત આખા લાકડામાં થઇ જોઇતા માપની જાડાઇનું પડ તેમાંથી ઉતારી નાખે છે. આખું પડ સળંગ જ ઊતરતું આવે છે. એ પડને પછી જોઇતા માપોમાં કાપી કાઢે છે. પડ ઊતરી જતાં ૨½ થી ૩ ઇંચ જેટલો લાકડાનો ગર્ભ વધે છે તે બીજા ઉપયોગમાં લેવાય છે.

પડોને જોઇતા માપમાં કાપ્યા પછી તેમને સૂકવવા માટે ડ્રાઇંગ મશીનમાં મૂકવામાં આવે છે, ને સુકાઇ ગયા બાદ તેમના ગુણ પ્રમાણે વિભાગ પાડવામાં આવે છે. એ પતી જતાં, પડોના રેષાએ રેષા મળી રહે એ રીતે તેને સરેસ વડે ચોંટાડવા માટેના યંત્ર (Glueing machine)ના રોલરો વચ્ચે મૂકવામાં આવે છે ને ત્યાં જેટલા પડનું લાકડું બનાવવું હોય એટલા પડનું બનાવાય છે.

ચોંટાડવાની ક્રિયા પત્યા બાદ દબાણની ક્રિયા આવે છે. આધુનિક પદ્ધતિ મોટે ભાગે હાઈડ્રૉલિક દબાણની છે. કયારેક વીજળીક દબાણ પણ અજમાવવામાં આવે છે. એ મારફત ગરમ કરેલા ધાતુના લઠ્ઠા વચ્ચે તૈયાર થએલા પ્લાઈવૂડને દબાણ આપવામાં આવે છે. લાકડાના ગુણ પ્રમાણે લઠ્ઠાની ગરમી અને દબાણનું પ્રમાણ વધઘટ કરવામાં આવે છે. દબાણમાંથી નીકળ્યા પછી તેની કોરો કાપી સાફસુફ અને પૉલિશ-સૅન્ડિંગ-વગેરે આખરી ક્રિયાઓ કરી તેને પૅક કરવામાં આવે છે.

સસ્તામાં સસ્તાથી માંડી મોંઘામાં મોંઘું પ્લાઈવૂડ આજે બને છે. એનો ઉપયોગ પણ આજે એટલો જ વિપુલ બન્યો છે એ તો આજનાં ફર્નિચર વગેરે પરથી જોઈ શકાય છે. દાખલા તરીકે એક રેડિયો કૅબિનેટ જ તમે જુઓ. એના

૯૦ ટકા માત્ર પ્લાઇવૂડની જ બનાવટ છે. એનું કારણ, પ્લાઈવૂડ એટલું સસ્તું છે એ નહિ, પણ એટલું ઉત્તમ એ છે.

દેશનેતાઓનાં વિશેષણો

ભાગ્યે જ આપણો કોઇ દેશનેતા કોઈ ને કોઇ વિશેષણો વગરનો હશે. પરંતુ પ્રજા તરફથી તેમને મળેલાં કેટલાંક વિશેષણો તો એવાં છે, જેમનું પ્રાધાન્ય એમના નામ કરતાં યે વધી જાય છે. એના દાખલા તરીકે 'મહાત્માજી', 'લોકમાન્ય', 'દેશબંધુ' વગેરેને ગણાવી શકાય. એવાં બધાં વિશેષણોનો ઇતિહાસ શોધાય તો ઘણો રસિક થઇ પડે. તેમાંના થોડાકનો ઇતિહાસ તો શ્રી જમનાદાસ મહેતાએ મુંબઇ ધારાસભામાં વડા પ્રધાન શ્રી ખેરે એવા વિશેષણોના ત્યાગ કરવાની ઉઠાવેલી ચર્ચા વખતે આપેલો, જે આ નીચે ઉતાર્યો છે:

ગાંધીજીને મહાત્માપદથી પહેલા નવાજ્યા સ્વામી શ્રદ્ધાનંદજીએ, ઇ. ૧૯૧૪ની સાલમાં. અને ત્યારથી એ વિશેષણ ગાંધીજીના નામ સાથે, એમના અવારનવાર વિરોધ છતાં અવિભાજ્ય જ બની રહ્યું છે. માત્ર એક જ રાષ્ટ્રીય પત્ર છેવટ સુધી તેમનો 'મિ. ગાંધી' તરીકે જ ઉલ્લેખ કરતું રહેલું, અને તે અલ્લાહાબાદથી પ્રસિદ્ધ થતું પંડિત મોતીલાલજીનું 'ધી ઇન્ડીપેન્ડન્ટ'.

પરંતુ હિંદમાં મહાત્માપદ મેળવનાર ગાંધીજી એકલા જ નથી. 'અમૃત બઝાર પત્રિકા'ના પ્રસ્થાપકોમાંના એક શ્રી શિશિરકુમાર ઘોષને બંગાળે અને લાલા હંસરાજને પંજાબે પણ એ જ પદથી નવાજેલા.

બાલગંગાધર ટિળક 'લોકમાન્ય'પદે ક્યારે આરૂઢ થયા તેનું ચોક્કસ નથી. જેલમાંથી છૂટ્યા બાદ તેમના જાહેર સ્વાગત વખતે શ્રી જી. એસ. ખાપર્ડે અથવા તો શ્રી આર. પી. કરંડીકરે તેમને એ વિશેષણ આપ્યું હોય એ સંભવિત છે. પણ એને હિંદવ્યાપી ને લોકપ્રિય બનાવવાનો યશ તો સ્વ. એની બેસંટને જ ફાળે આવે છે.

અને ચિત્તરંજન દાસને 'દેશબંધુ'નો ઈલકાબ તો ખુદ ગાંધીજીએ આપેલો. ઇ. ૧૯૨૧માં કલકત્તામાં પ્રિન્સ ઑવ વેલ્સ (હાલના ડ્યુક ઑવ વિંડસર)ના આગમન પહેલાં ત્યાં ક્રિમિનલ લૉ ઍમેન્ડમેન્ટ ઍક્ટ અમલમાં આવેલો ને દાસબાબુની ધરપકડ થએલી ત્યારે ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા'માં તેમને માટે એ વિશેષણ વાપરેલું. આંધ્રની ના-કર ચળવળના નેતા શ્રી કોંડા વેંકટાપાયાને 'દેશભક્ત'નો અને માલવીયજીને 'ભારતભૂષણ'નો ઇલકાબ પણ એમણે જ આપેલો.

નરીમાન તો બેકબે ડેફેમેશન કેસમાં વિજયી નીવડ્યા ત્યારથી જ 'વીર' બની ચૂક્યા હતા, પણ એ વિશેષણને લાયક વલ્લભભાઇ બાકી રહી જતા જોઈ, એમણે જ તેમને બારડોલીના નામચીન વિજય પછી 'સરદાર'પદથી સંમાનિત કર્યા.

પોસ્ટલ ઑર્ડર

ઘણી સાદી દેખાતી યોજનાઓ ઘણી વખત સૌથી ઉપયોગી થઇ પડે છે. એકલા ચેકની યોજનાઓ, અર્થશાસ્ત્રીઓના શબ્દોમાં કહીએ તો, ખરીદશક્તિ કેટલી બધી વધારી દીધી છે? એના જેવી જ અને કદાચ એના પરથી જ થએલી શોધ તે ટપાલ ઑફિસ તરફથી મળતી હૂંડી જેવા પોસ્ટલ ઑર્ડરની છે. કયા ભેજાએ એ શોધ કરી એ હજુ બહાર નથી આવ્યું, પણ ઇ. ૧૮૮૧માં તે પહેલો જાહેર મુકાયો ત્યારથી બૅંકમાં ખાતું ન ધરાવનારા માણસો માટે તો એ આશીર્વાદ સમાન થઇ પડેલો છે.

અમલમાં મુકાયો ત્યારથી જ નાણાંની લેવડદેવડમાં એ પ્રકાર માનીતો થઇ પડ્યો છે. ફક્ત મહાયુદ્ધનાં વર્ષોમાં તેમાં ઓટ આવેલી, પણ ૧૯૩૦થી પાછો એ લોકપ્રિય થતો જાય છે. તેનાં કારણોમાં ખાસ કરીને જુદાજુદા પત્રોમાં આવતી હરીફાઇઓ, હપ્તેથી પૈસા ભરવાની પદ્ધતિઓ, મેઇલ-ઑર્ડર બિઝનેસ વગેરે ગણાવી શકાય.

આ પોસ્ટલ ઑર્ડરોનાં નાણાં ચૂકવાઈ ગયાં કે તરત મનીઑર્ડર ખાતામાં મોકલી દેવામાં આવે છે જ્યાં ઇલેક્ટ્રિક પંચથી તે રદ કરવામાં આવે છે. એમની તારવણી માટે ૧૯૦૮માં એક યંત્ર શોધી કાઢવામાં આવેલ છે જે કલાકના સરેરાશ ૧૨૦૦૦ જેટલી સંખ્યાનું સૉર્ટિંગ કરે છે. લંડનની પોસ્ટ ઑફિસે બહાર પાડેલા 'ઓન પેપર'ના આંકડા તો કહે છે કે તે રોજના લગભગ ચાળીસ લાખ પોસ્ટલ ઑર્ડરો ચૂકવે છે!

'પ્રકાશ' ઉપર વધુ પ્રકાશ

આજે જ નહિ, પણ સદીઓથી પ્રકાશનો પ્રશ્ન માનવભેજાંને મૂંઝવી રહ્યો છે. ઘન, પ્રવાહી કે વાયુને પદાર્થ તરીકે માનવા છતાં પ્રકાશને આપણે સાધારણ રીતે પદાર્થ નહિ, પણ અશરીરી માનીએ છીએ. પરંતુ ગઇ સદીમાં જ મહાન વિજ્ઞાની ક્લાર્ક મૅક્સવેલે આ બાબતમાં ઊંડા ઊતરી જાહેર કર્યું કે એ પ્રકાશ પણ શરીરી છે: ઇલેક્ટ્રો-મૅગ્નેટિક તરંગોનો તે બનેલો છે, અને એ તરંગોને હવાના કે સમુદ્રોના તરંગો જેમ જ કદ, વજન અને વેગ પણ છે. સૂર્યે નજીક થઇને જતા ધૂમકેતુની પૂંછડી, પવનથી જેમ વાવટો લફે તેમ લફતી જોઇને આપણને પ્રકાશનાં કદ, વજન ને વેગની ખાત્રી થાય છે.

પ્રકાશના કદ અને વજનની છેલ્લે શોધાએલી એક કુતૂહલપ્રેરક બાબત એ છે કે, કોઈપણ તારાનો પ્રકાશ સૂર્ય પાસે થઇને જાય છે ત્યારે તેના સીધા તરંગો સૂર્યના આકર્ષણથી બીલકુલ વળી જાય છે!

વળી આપણી પૃથ્વી સૂર્ય પાસેથી એક યા બીજે સ્વરૂપે જેટલી શક્તિ મેળવે છે તેના પ્રમાણમાં તેના પર સૂર્યના પ્રકાશનું દબાણ નજીવું જ છે. પ્રોફેસર પૉઇન્ટિંગે તેનો ક્યાસ કાઢેલો છે ને તે ૭૫૦૦૦ ટનનું માલૂમ પડ્યું છે. આ દબાણ પૃથ્વી પરના સૂર્યના ગુરુત્વાકર્ષણને ઘટાડતું આવે છે, પણ તેનું પ્રમાણ સૂર્યના ગુરુત્વાકર્ષણના ચાર કરોડમા ભાગ જેટલું જ છે.

આમ? કેમ

ફાનસને ચીમની શા માટે?

ગ્યાસતેલના દીવાને બળતી વખતે હવાની ખાસ જરૂર હોય છે, પણ તે એક સરખા પ્રમાણમાં હોવી જોઇએ. જો ચીમની ન હોય તો હવાના અનિયંત્રિત સપાટા જ્યોતને હલાવ્યા કરે, જેને પરિણામે તે ઝાંખો અને અસ્થિર પ્રકાશ આપે. જ્યારે ચીમની હોય છે તો પ્રકાશ સ્થિર મળે છે. તેનું કારણ એ છે કે જ્યોત એક સરખી બળે છે. ચીમનીના મોઢિયાનાં કાણાંઓમાંથી ઠંડી હવા એક સરખી આવ્યા કરે છે. આપણે જાણીએ છીએ કે ગરમ થએલી હવા હલકી હોઇ ઉપર ચાલી જાય છે, જ્યારે ઠંડી હવા તેની જગ્યાએ આવે છે. આ રીતે એકધારી હવાની આવજાને લઇને જ ચીમની વાળુ ફાનસ કે લૅમ્પ સારૂં બળે છે.

વિકસતું વિજ્ઞાન

અંધીઆર ઘરોમાં રહેનાર માણસોને અમુક પ્રમાણમાં પ્રકાશની જરૂર હોય છે. પણ એ પ્રમાણ નક્કી કેમ થઇ શકે? હાલમાંજ તે માટે ફૅક્ટોમીટર નામનું એક યંત્ર શોધાયું છે, જે ઓરડામાં રાખવાથી તેમાંના પ્રકાશનું પ્રમાણ અને કેટલા માણસોની તંદુરસ્તીને માટે તે પૂરતો છે એ પણ જાણી શકાય. યેલ યુનિવર્સિટીના ડૉ. હૅરોલ્ડ એસ. બર, ડૉ. સેસિલ ટી. લેન, અને ડૉ. લેસ્લી એફ. નિમ્સે એવી જાતનું એક યંત્ર શોધી કાઢયું છે જે શરીરમાં રહેલું વિદ્યુત્‌નું પ્રમાણ—એક વોલ્ટના દસ લાખમા ભાગ જેટલું પણ—બતાવી આપે છે, એટલું જ નહિ, પણ માણસની કાર્યશક્તિમાં પડતો નજીવો ફરક પણ તેના વડે જાણી શકાય છે. જુદાજુદા પ્રાણીઓમાં રહેલું વિદ્યુત્‌નું પ્રમાણ મેળવવા હાલ તેનો ઉપયોગ થાય છે.

નવાં પુસ્તકો

ગુજરાતી સાહિત્ય સંમેલન અધિવેશન બારમું: **અહેવાલ તથા નિબંધસંગ્રહ:** પ્રકાશક–શ્રી હીરાલાલ ત્રિ. પારેખ, મંત્રી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૫–૦–૦; **પ્રાચીન ભારતવર્ષનું સિંહાવલોકન:** લેખક–આચાર્યશ્રી વિજયેન્દ્રસૂરિ, પ્રકાશક–શ્રી યશોવિજય ગ્રંથમાળા, ભાવનગર, ૧–૮–૦; भारत पारिजातम्: લેખક-પ્રકાશક–સ્વામી ભગવદાચાર્ય, લહેરીપુરા વડોદરા, ૩–૮–૦; **ગ્રામોદ્ધાર યાને જીવનપ્રભાત:** લેખક–નાથાભાઇ મનોરભાઇ પટેલ, પ્રકાશક–ઈશ્વરભાઈ મનોરભાઇ પટેલ, નારાયણ પ્રિ. પ્રેસ, ભદ્ર અમદાવાદ, ૨–૮–૦; **પ્રદક્ષિણા:** લેખક-વિનોદ ભટ્ટ, ૧–૮–૦ તથા **સાહિત્ય-સમીક્ષા:** લેખક–વિશ્વનાથ મ. ભટ્ટ, ૨–૮–૦, પ્રકાશક–નૂતન પ્રકાશન મંદિર, પાનકોરનાકા અમદાવાદ; **સરસ્વતી-સદન** (દ્વિવાર્ષિક વિવેચન): પ્રકાશક–મંત્રી સરસ્વતીસદન, સદનવાડી કચ્છ; **વ્યવહારકૌશલ્ય:** લેખક–મૌક્તિક, પ્રકાશક–શ્રી કુંવરજી આણંદજી, ભાવનગર; **રણસંગ્રામ:** લેખક–ઇન્દુલાલ યાજ્ઞિક, પ્રકાશક–હિંદુસ્તાન ન્યુસપેપર્સ લિમિટેડ, ૨૧ દલાલ સ્ટ્રીટ ફૉર્ટ મુંબાઇ, ૦–૪–૦; **બ્રિટિશ સામ્રાજ્યનો અર્વાચીન ઇતિહાસ:** લેખક–નવલરામ જગન્નાથ ત્રિવેદી એમ. એ, પ્રકાશક–ઠા. બેચર મેઘજી એન્ડ સન્સ, રાજકોટ (કાઠીઆવાડ), ૧–૨–૦; **ઉંબર બહાર:** આચાર્ય પ્રહ્લાદ કેશવ અત્રેના મરાઠી 'ઘરા બાહેર' પરથી અનુવાદક–મૂળશંકર પાઠ્યા, પ્રકાશક–અમૃતલાલ પાઠ્યા, અત્રે ગ્રંથમાળા કાર્યાલય, ૩૬૪ વેતાળ પેઠ પૂના–૨, ૦–૧૨–૦; **વિવિધ માહિતીસંગ્રહ:** લેખક–વિષ્ણુભાઇ, **ઉદયપુર–મેવાડ:** લેખક–ન. પ્ર. બુચ, **ગિરીશભાઈની વાર્તાઓ** (ભાગ બીજો), દરેકની ૦–૫–૦, પ્રકાશક–શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર; **ચરોતર પુસ્તકાલય પ્રવૃત્તિ:** પ્રકાશક–ચરોતર એજ્યુકેશન સોસાએટી આણંદ; **યુગાવતાર ગાંધી** (ખંડ ત્રીજો): લેખક–રામનારાયણ ના. પાઠક, પ્રકાશક–લોકોપયોગી સસ્તી ગ્રંથમાળા કાર્યાલય, ભારતોદય મંડળ પોરબંદર, ૦–૧૩–૦; **નર્મદનું મંદિર** (ગદ્યવિભાગ): સંયોજક–વિશ્વનાથ મ. ભટ્ટ, પ્રકાશક–ગુજરાત સાહિત્યસભા અમદાવાદ, ૨–૮–૦; **અખંડ જ્યોત:** લેખક–સોપાન, પ્રકાશક–કાન્તિલાલ મણિલાલ શાહ, અંજલિ ગ્રંથમાળા અમદાવાદ, ૧–૮–૦; **નફાકારક હુન્નરો** (ભાગ ૧): લેખક–પ્રકાશક–મૂળજી કાનજી ચાવડા, સીનુગરા, અંજાર–કચ્છ, ૨–૮–૦; **આપણા દેશની સ્થિતિ** (સરકારની બંધીમાંથી છૂટેલો નિબંધ): લેખક–કૈ. વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર, અનુવાદક–સાકરલાલ તુ. યાજ્ઞિક, પ્રકાશક–ચિત્રશાળા પ્રેસ, ૧૦૨૬ સદાશિવ પેઠ પૂના–૨, ૦–૮–૦; **ચિનગારી:** લેખક–'તુરાબ', પ્રકાશક–રૂપમ સાહિત્ય કાર્યાલય, ૧૩૮ ઝકરિયા મસ્જિદ સ્ટ્રીટ મુંબાઇ–૯, ૧–૦–૦; **નર્મદ** (નાટક): ૧–૮–૦, **સંતાકુકડી:** ૧–૦–૦; **પ્રેમનું મોતી:** ૨–૦–૦, લેખક–ચન્દ્રવદન મહેતા, સોલ એજન્ટ્સ–આર. આર શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ–૨; **મરુકુંજ:** લેખક–મથુરાદાસ ત્રિકમજી, ૦–૮–૦, **આબાદ હિંદુસ્તાન:** વિલિયમ ડિગ્બી પરથી અનુવાદક–ગોપાલદાસ જીવાભાઇ પટેલ, ૧–૦–૦; **નામાનાં તત્વો:** પ્રયોજકો–કિશોરલાલ મશરૂવાળા તથા જેઠાલાલ જી. ગાંધી, ૨–૮–૦, **જીવનભારતી:** લેખક–દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, ૨–૮–૦, **ખરી કેળવણી:** લેખક–મોહનદાસ ક. ગાંધી, ૦–૧૨–૦, **ગ્રામભજનમંડળી:** લેખક–જુગતરામ દવે, ૦–૨–૦, **યોગશાસ્ત્ર:** (શ્રી હેમચંદ્રાચાર્ય કૃત): સંપાદક–ગોપાલદાસ જીવાભાઇ પટેલ, ૧–૮–૦, **આપણો આર્થિક પ્રશ્ન:** લેખક–છગનલાલ નથુભાઈ જોષી, ૧–૦–૦, બધાંનું પ્રકાશનસ્થળ–નવજીવન પ્રકાશનમંદિર અમદાવાદ.

પડેલ જખમો તણા વ્રણુ દઇશ ના દેખવા

હિંદમાં ભણીગણી, બૌદ્ધ મર્તિઓ ને ધર્મગ્રંથો સાથે ચીન જવા ઊપડેલા ચીના મુસાફર હુએનસંગને નાલંદ વિશ્વ-વિદ્યાલયના વિદ્યાર્થીઓ સિંધુના મુખ સુધી વળાવવા ગયા. અરધે રસ્તે જ વહાણ ડૂબવા માંડતાં બોજો ઓછો કરવાની જરૂર જણાઇ. વિદ્યાર્થીઓએ વિચાર્યું કે મૂર્તિઓ ને ધર્મગ્રંથો ડૂબશે તો આપણા ધર્મનો પ્રચાર ચીનમાં નહિ થાય; એટલે એ પવિત્ર સ્મારકો બચાવવા જાતે જ બધા નદીમાં કૂદી પડ્યા ને વહાણનો ભાર હળવો કર્યો.

અનેકાર્થી શબ્દ: ઓઠું=ઓથું, પડદો કે આંતરો; ભોંઠું કે ઝાંખું; આંતરાને લીધે અંધારૂં હોય એવી જગ્યા; પૂતળું-ઓઠું; છાયા કે પડછાયો; ડાઘો; નમૂનો કે બીબું; મહેણું.

તમારૂં ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દના અર્થ કરી જોઇએ: ધખવું, ધડવી, ધારણ, ધાવર, ધાવેડી, ધીમ, ધોલું.

જવાબ: વઢવું, નાનું ટાંકું, ઘોર નિદ્રા, ઝાકળ, ચંચળ, વહેમ, આડખીલી.

કહેવતોના અર્થ: 'મુઆ નહિ ને પાછા થયા': કામ કર્યા છતાં એ ન કર્યા બરાબર રહે ત્યારે આ કહેવત વપરાય છે. 'ધૂળધાણી ને વા પાણી', 'કચરાનો ભાઈ પૂંજો', 'કાંત્યું પીંજ્યું કપાસ', 'ભુલાશાનાં પાંદડાં' ઇ૦ એને મળતી કહેવતો છે.

શાંઘાઈ એ દુનિયાનું છઠ્ઠા નંબરનું મોટું શહેર ને ત્રીજા નંબરનું બંદર છે.

ગણિતગમ્મત

૯ × ૧ − ૧ = ૮

૯ × ૨૧ − ૧ = ૧૮૮

૯ × ૩૨૧ − ૧ = ૨૮૮૮

૯ × ૪૩૨૧ − ૧ = ૩૮૮૮૮


૯ × ૫૪૩૨૧ − ૧ = ૪૮૮૮૮૮

૯ × ૬૫૪૩૨૧ − ૧ = ૫૮૮૮૮૮૮

૯ × ૭૬૫૪૩૨૧ − ૧ = ૬૮૮૮૮૮૮૮

૯ × ૮૭૬૫૪૩૨૧ − ૧ = ૭૮૮૮૮૮૮૮૮

૯ × ૯૮૭૬૫૪૩૨૧ − ૧ = ૮૮૮૮૮૮૮૮૮૮




કાશ્મીરમાં થતા કેસરના છોડ

માણસના શરીરમાં એક દિવસમાં ઉત્પન્ન થતી ગરમીનો સંઘરો કરવામાં આવે તો ચાળીસ રતલ બરફને પીગાળી તેના પાણીને વરાળ બનાવી દે.

સુકાઇ ગએલા બૂટપૉલિશમાં થોડું ટર્પેન્ટાઇન નાખીને નરમ બનાવી શકાય. એ ચમક પણ આણશે.

કાગળ લખવા માટે પરબીડિયાંનો ઉપયોગ ઇ.૧૮૩૯થી શરૂ થયો અને તે પર ટિકિટો ચોડાવી ૧૭૪૭થી શરૂ થઇ.



દૃષ્ટિભ્રમનાં બે દૃષ્ટાંત

બંને આકૃતિઓમાંનાં જોડકાં સમાંતરે જ છે, પણ તેમાંની ત્રાંસી લીટીઓને કારણે વચ્ચેના સફેદ ગાળામાં ઉલટા ક્રમનો વળાંક જણાય છે.

નહાતી કે તરતી વખતે કાનમાં થોડાં તેલનાં ટીપાં નાખવાથી કાનમાં પાણી નહિ પેસે ને મગજ પણ ઠંડું રહેશે.

અતિ કટાઈ ગએલા લોઢા પર કાપેલી ડુંગળીનો રસ ચોપડી બે દહાડા રહેવા દઇને પછી બાથ બ્રિક (પોચી ઇંટ)નો ભૂકો તથા ટર્પેન્ટાઇન મેળવી ઘસવાથી કાટ સાફ થઇ જશે.

ઉપનામ માટે આપણે તખલ્લુસ શબ્દ વાપરીએ છીએ, તે ખોટો છે. ખરો શબ્દ તખ્ખલ્લુસ (ખલસ=તેણે ટૂંકું કર્યું, પરથી)

નારંગી ચૂસવાથી દાંતના પારામાંથી નીકળતું લોહી બંધ થાય છે.


પ્રાચીન વિશ્વવિદ્યાલયો

નામ	સ્થાપનાનું વર્ષ
પાડુઆ (ઇટલી)	૧૨૨૮
પાવિયા (ઇટલી)	૮૨૫
નેપલ્સ (ઇટલી)	૧૨૨૪
પારીસ (ફ્રાન્સ)	૧૧૪૦—૭૦
પ્રાગ (બોહીમિયા)	૧૩૪૮
હાઈડલબર્ગ (જર્મની)	૧૩૮૦
અપ્સલા (સ્વીડન)	૧૪૭૭
મૉસ્કો (રશિયા)	૧૭૫૫
કોપનહાગન (ડેન્માર્ક)	૧૪૭૮
લાઇડન (નેધર્લૅન્ડઝ)	૧૫૭૫
સેન્ટ ઍન્ડ્રુઝ (સ્કૉટલૅન્ડ)	૧૪૧૧
ઑક્સફર્ડ	૧૨૬૬
કેમ્બ્રિજ	૧૨૫૭

(છોટાલાલ મા. કામદાર)



ઈક્વાડૉરમાં આવાં પાંચ ફૂટ લાંબાં અળસિયાં થાય છે.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપરઃ ડાબી બાજુ, 'વણકર'–ભાઈ નગીનભાઈ દૂધીઆ (અમદાવાદ), પહેલું ઈનામ; જમણી બાજુ, 'તરંગો'–ભાઈ દેવેન્દ્ર જસાણી (ભાવનગર), ત્રીજું ઈનામ; નીચેઃ ડાબી બાજુ, 'ખેડૂત'–ભાઈ જે. પી. વારા (જામનગર). બીજું ઈનામ; જમણી બાજુ, 'સુગંધમાં મશગૂલ'–ભાઈ શાંતિલાલ સોની (લખતર), ઉત્તેજના ઈનામ.



ગ્રીષ્મનો ઉપાહાર
ચિત્રકાર - ત્રિગુણાતીત પંચોળી
(ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)